# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

19 JANUARY, 2026 MONDAY




પેજ 2




અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે કેનાલના કામનું ખાતમુહૂર્ત

પેજ 3



ભરૂચના કંથારીયા પાસે બેફામ ડમ્પરનો તાંડવ

પેજ 7



વકીલ નીતિન ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી

પેજ 5

શિક્ષાપત્રીના 200 વર્ષ પૂર્ણ થતાં કાલપુર ગાદી ઊજવશે સમૈયો


I Pakkogujarat/ I VOL : 10 I Issue : 302 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### ઈરાનના રાષ્ટ્રપ્રમુખે આપી સ્પષ્ટ ચેતવણી

# ‘સુપ્રીમ લીડર ખામેનેઈ પર હુમલો થશે તો યુદ્ધ પાક્કું’

### સંપૂર્ણ શક્તિથી જવાબ આપીશું: રાષ્ટ્રપ્રમુખ પેઝેશ્કિયન : સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સે ધીરજ રાખવાની ટ્રમ્પને કરી અપીલ

• તહેરાન

ઈરાન હાલ ભડકે બળી રહ્યું છે! જ્યાં જુઓ ત્યાં આંદોલનકારીઓ અને સુરક્ષાદળો વચ્ચે ભીષણ ટકરાવ ચાલી રહ્યો છે, તેવા એક ખાનગી રિપોર્ટના દાવા મુજબ ઈરાનમાં ભડકેલી હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 5 હજારથી વધુ લોકોના મોત થયા છે જેમાં 500 સુરક્ષા જવાનો પણ સામેલ છે. સરકારે આ સ્થિતિ માટે આતંકવાદીઓને ગુનેગાર ઠેરવ્યા છે, સત્તા પક્ષના સર્વોચ્ચ નેતાએ યુદ્ધની સ્થિતિની બાદબાકી કરતાં ગુનેગારોને કડક સજા આપવાની જાહેરાત કરી છે, બીજી તરફ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. તેવામાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ પેઝેશ્કિયને અમેરિકા અને ઈઝરાયલને સીધી ચેતવણી આપતા કહ્યું છે કે જો સુપ્રીમ લીડર ખામેનેઈ પર કોઈ પણ હુમલો થશે તો યુદ્ધ પાક્કું છે.

ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ પેઝેશ્કિયાને કહ્યું કે જો સુપ્રીમ લીડર ખામેનેઈ પર હુમલો થશે તો યુદ્ધ છેડાશે, કોઈ પણ હુમલાનો સંપૂર્ણ શક્તિથી જવાબ આપીશું, ઈરાન પર પ્રતિબંધો લગાવવા અમાનવીય છે ખામેનેઈ પર હુમલો ઈરાન નહીં ચલાવી લે, જો ઈરાન કે સુપ્રીમ લીડર પર કોઈ હુમલો થશે તો યુદ્ધ કરવું જરૂરી બની જશે. આ કડક નિવેદન દ્વારા તેમણે સીધી રીતે અમેરિકા અને ઈઝરાયલ ચેતવણી અને ધમકી બંને આપી છે.

પૂર્વ ફરી એકવાર મોટા યુદ્ધની અણી પર હતું. યુનાઈટેડ સ્ટેટ્સમાં એવી ચર્ચા વધી રહી હતી કે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામે લશ્કરી કાર્યવાહીનો આદેશ આપી શકે છે. અમેરિકન અખબારોમાં આવેલા અહેવાલો દર્શાવે છે કે, ટ્રમ્પે ખામેનીની સત્તા ઉથલાવવાનો નિર્ણય પહેલેથી જ લઈ લીધો છે. તેમણે રઝા પહલવી સાથે ગુપ્ત બેઠક કરી હતી, અને ઈરાનમાં બળવાની યોજના તૈયાર હતી. જેમાં ઈરાન પર હુમલો કરવા F-35 અને B-2 બોમ્બર તૈયાર હતા, તો પછી ટ્રમ્પને પીછેહઠ કરવાની ફરજ શું પડી?

વોશિંગ્ટન પોસ્ટની રિપોર્ટ મુજબ, સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ખુદ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને ફોન કરીને ધીરજ રાખવાની અપીલ કરી હતી. સાઉદી નેતૃત્ત્વને ડર હતો કે જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે, તો તેહરાનનો બદલો ફક્ત તેના પ્રદેશ પૂરતો મર્યાદિત નહીં રહે પરંતુ સમગ્ર ગલ્ફ ક્ષેત્રને ઘેરી લેશે. સાઉદી અધિકારીઓ માનતા હતા કે, ઈરાનનો પ્રતિભાવ યુએસ લશ્કરી ઠેકાણાઓ, ગલ્ફ દેશોની સુરક્ષા અને ખાસ કરીને ઉર્જા બજાર માટે નોંધપાત્ર ખતરો ઉભો કરી શકે છે. તેલ અને ગેસ પુરવઠામાં એક નાનો વિક્ષેપ પણ વૈશ્વિક અર્થતંત્રને પાટા પરથી ઉતારી શકે છે.

ફક્ત સાઉદી અરબ જ નહીં પરંતુ કતર, ઓમાન અને ઈજિપ્ત જેવા અગત્યના દેશોએ પણ અમેરિકાને ઈરાન પર હુમલો ન કરવાની સલાહ આપી. આ દેશોનું તર્ક હતું કે આ વિસ્તાર પહેલાથી અસ્થિર છે અને કોઈપણ સૈન્ય સાથે ઘર્ષણથી સ્થિતિ વધુ બેકાબૂ બની શકે છે. આ અરબી દેશોને ડર હતો કે, જો ઈરાનને ખૂણામાં ધકેલી દેવામાં આવ્યું તો તે સીધા અથવા તેના સમર્થક જૂથો દ્વારા સમગ્ર મધ્ય પૂર્વમાં આગ ભડકાવી શકે છે.

આર્થિક રીતે માર ઝીલી રહેલા ઈરાનમાં ડિસેમ્બર મહિનાની સત્તા પક્ષ સામે રાષ્ટ્રવ્યાપી આંદોલન ચાલી રહ્યું છે જે ધીરે ધીરે હિંસક રૂપ લઈ રહ્યું છે. પહેલા આર્થિક કારણે શરૂ થયેલા આંદોલને જોતજોતામાં જ સત્તા પરિવર્તન અને ધાર્મિક શાસનના અંતની માગનો રસ્તો અપનાવી લીધો, એક ઈરાની અધિકારીના જણાવ્યા મુજબ, અત્યાર સુધી ઓછામાં ઓછા 5 હજારથી વધુ લોકોના મોત થયા છે જેમાં 500 સુરક્ષાદળના જવાનો પણ છે. આ 1979ની ઈસ્લામિક ક્રાંતિ બાદ સૌથી ઘાતક અને વિકટ સ્થિતિ માનવામાં આવી રહી છે.

ઈરાન સરકારે હિંસા માટે આતંકવાદી અને હથિયારબંધ તોફાની તત્વોને ગુનેગાર માન્યા છે, બીજી તરફ અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઈરાનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જોઈ આંદોલનકારીઓની હત્યા અને સામૂહિક ફાંસી યથાવત રહેશે તો અમેરિકા કડક નિર્ણયો લેશે. જે બાદ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાને ઘણી ફાંસી આપવાની કાર્યવાહી હાલ સ્થગિત કરી દીધી છે. સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈએ કહ્યું કે ઈરાન યુદ્ધ ઈચ્છતું નથી, પણ હિંસા માટે જવાબદાર ગુનેગારોને સજા જરૂર મળશે, ઈરાનની અદાલતોએ પણ મોહરેબ એટલે કે મોતના ગુનામાં સામેલ કેટલાક કૃત્યો પર ફાંસીની શક્યતા વ્યક્ત કરી છે. ટ્રમ્પે નવા નેતૃત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો, જ્યારે ખામેનેઈએ અમેરિકા અને ઈઝરાયલ પર હિંસા ભડકાવવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે.

માનવ અધિકાર સંગઠન HRA-NA મુજબ, અત્યાર સુધી 3,308 મોત થયા છે જ્યારે 24 હજારથી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સરકારી સૂત્રના જણાવ્યા મુજબ કુર્દિશ પ્રભુત્વ ધરાવતા ઉત્તર પશ્ચિમના ભાગોમાં સૌથી વધુ હિંસાઓ થઈ, જ્યાં ઈરાકની સરહદમાંથી અલગતાવાદી જૂથોએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો.

સરકારની કડક કાર્યવાહી બાદ હાલ આંદોલનકારીઓ નબળા પડ્યા છે, પ્રદર્શનોની સંખ્યા ઘટી રહી છે, ધીમે ધીમે સત્તાપક્ષ સ્થિતિ પર કાબૂ મેળવી રહ્યો છે, ઈન્ટરનેટ પર પ્રતિબંધને કારણે ત્યાંની સ્પષ્ટ સ્થિતિનું આંકલન કરવું દુનિયા માટે મુશ્કેલ બની રહ્યું છે.

### શિંદેના નેતાઓ અમારા સંપર્કમાં...

## મુંબઈમાં મેયર માટે ખેંચતાણ વચ્ચે સંજય રાઉતે સસ્પેન્સ વધાર્યું!

• મુંબઈ

મુંબઈનું મેયર કોણ? બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ચૂંટણીનું પરિણામ આવ્યાને બે દિવસના વાણા વીતી ગયા બાદ પણ મહાયુતિ(ભાજપ અને શિવસેના શિંદે જૂથ) મેયર નક્કી કરી શકી નથી. હાલ મહારાષ્ટ્રનું રાજકારણ મુંબઈના મેયર માટે ચરમસીમાએ પહોંચ્યુ છે. તેવામાં મેયર પદ માટે તાલ ઠોકતા ખેંચતાણ અને હોટલ પોલિટીક્સ પર શિવસેના ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે.

રાઉતના દાવા મુજબ એકનાથ શિંદે પણ મુંબઈમાં ભાજપનો મેયર બને તેવું ઈચ્છતા નથી, રાઉતે એ પણ કહ્યું કે ઘણા કોર્પોરેટર તેમના સંપર્કમાં છે તે તાજ હોટલ તેમને મળવા જઈ શકે છે. મુંબઈના મેયર પદ માટે સસ્પેન્સ વધી રહ્યું છે. કારણ કે ચૂંટણી જીત્યા બાદ એકનાથ શિંદેએ અઢી અઢી વર્ષ માટે મેયર પદની ભાજપ પાસે માંગ કરી છે. અને પોતાના કોર્પોરેટર્સને ફાઈવ સ્ટાર હોટલમાં ખસેડી દીધા છે. એક તરફ મુખ્યમંત્રી ફડણવીસ વિવાદ નથી તેવી હામ ભરી રહ્યા છે, પણ ઘટનાક્રમ બીજી તરફ ઈશારો કરી રહ્યું છે.

કારણ કે મોકો જોઈને ઉદ્ધવ ઠાકરે પણ કહ્યું કે, ’જો ભગવાનની ઈચ્છા હશે તો શિવસેના UBTનો જ મેયર બનશે’. સંજય રાઉતે પણ લાભ ઉઠાવતા જણાવ્યું કે, ’શિવસેના એકનાથ જૂથના ઘણા કોર્પોરેટર નથી ઈચ્છતા કે ભાજપનો મેયર બને, અમે ઘણાના સંપર્કમાં છીએ’.

## વિરાટ કોહલીએ ઉજ્જૈનમાં મહાકાલના દર્શન કર્યા

**ઉજ્જૈન :** ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી વનડે સિરીઝના નિર્ણાયક મુકાબલા પહેલા ભારતીય ક્રિકેટરો આધ્યાત્મિક શરણે જોવા મળ્યા છે. રવિવારે ઈન્દોર ખાતે રમાનાર અંતિમ વનડે મેચ પૂર્વે સ્ટાર બેટર વિરાટ કોહલી અને સ્પિનર કુલદીપ યાદવ શનિવારે વહેલી સવારે ઉજ્જૈનના પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિર પહોંચ્યા હતા.વિરાટ કોહલી અને કુલદીપ યાદવની સાથે ફિલ્ડિંગ કોચ ટી. દિલીપ પણ હાજર રહ્યા હતા. આ ખેલાડીઓએ વહેલી સવારે થતી વિશ્વપ્રસિદ્ધ ભસ્મ આરતીમાં ભાગ લીધો હતો અને લગભગ બે કલાક સુધી મંદિરમાં બેસીને ભગવાન મહાકાલની આરાધના કરી હતી. વિરાટ કોહલી નંદી હોલમાં શ્રદ્ધાપૂર્વક બેઠેલો જોવા મળ્યો હતો અને તેણે મહાકાલ મંદિરના ફોટોઝ પણ ક્લિક કર્યા હતા.આ અગાઉ કોચ ગૌતમ ગંભીર, બેટિંગ કોચ સિતાંશુ કોટક અને કેએલ રાહુલ સહિત ટીમના અન્ય સભ્યોએ પણ મહાકાલના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. વિરાટ અને કુલદીપ અવારનવાર ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા હોય છે અને મેચ પહેલા આ મુલાકાતને ટીમ માટે પણ શુભ માનવામાં આવી રહી છે.દર્શન બાદ કુલદીપ યાદવે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ’મહાકાલના દર્શન કરીને ખૂબ જ શાંતિ મળી.

### ટ્રમ્પે પોતાના પગ પર કુહાડી મારી?

## ગ્રીનલેન્ડ મુદ્દે યુરોપની એકતા જોઈ અમેરિકન પ્રમુખ ટ્રમ્પના હોશ ઉડ્યાં!

• પેરીસ

ગ્રીનલેન્ડની ગડમથલ નાટો દેશો માટે અગ્નિ પરીક્ષા સમાન છે. કારણ કે નાટો જૂથના દેશ પર અમેરિકા સભ્ય હોવા છતાં મેલી નજર નાખી રહ્યું છે. હંમેશા અમેરિકાની પડખે ઊભા રહેતા યુરોપ દેશોના કડક વલણથી ડોનાલ્ડ ટ્રમ્પ સહિત દુનિયા પણ સ્તબ્ધ છે. જબરદસ્ત કૂટનીતિએ ફરી સાબિત કરી દીધું છે કે વૈશ્વિક રાજનીતિમાં યુરોપનો સામૂહિક અવાજનો દબદબો હજુ પણ યથવાત છે. અમેરિકા જેવા દેશોને પણ વિચારવા મજબૂર થવું પડ્યું છે.

વેનેઝુએલામાં સ્થિતિ ડામાડોળ કર્યા બાદ ગ્રીનલેન્ડ પર કબજો જમાવવો અમેરિકા માટે નાની વાત છે તેવું કદાચ ડોનાલ્ડ ટ્રમ્પને લાગતું હતું. પણ વોશિંગ્ટન જ્યારે આક્રમણના મૂડમાં આવ્યું ત્યારે યુરોપિયન દેશોએ એક સૂરમાં કડક વિરોધ નોંધાવ્યો જેથી જગત જમાદાર કહેવાતા અમેરિકાને પણ પાછી પાની કરવી પડી. શું ખરેખર ડોનાલ્ડ ટ્રમ્પે હવે ગ્રીનલેન્ડ મુદ્દે નમતું જોખ્યું છે કે પછી કોઈ વ્યૂહનીતિનો હિસ્સો છે. હાલના ઘટનાક્રમ પર નજર કરીએ તો ગ્રીનલેન્ડને લઈને અમેરિકાએ સૈન્ય અને વ્યૂહનૈતિક ગતિવિધઓ ખૂબ જ તેજ કરી દીધી હતી. એક તરફ ટ્રમ્પ સરકાર પોતાના પ્રભાવને વધુ મજબૂત કરવામાં માંગે છે. કેમ કે રશિયા અને ચીન જેવા તાકાતવર દેશોનું પ્રભુત્વ આર્કટિકમાં વધી રહ્યું છે. ગ્રીનલેન્ડ તેનું મુખ્ય કેન્દ્ર હોવાથી અમેરિકા તેને નિયંત્રણમાં લઈ દબદબો દાખવવા માંગે છે.

## સિરીયા પર અમેરિકાનો હવાઈ હુમલો, અલ-કાયદાના આતંકવાદીને ઠાર માર્યો

### સીરિયાના પલ્માયરામાં થયેલા હુમલા માટે જવાબદાર બંદૂકધારી સાથે જોડાયેલો હતો

• શના

અમેરિકાએ વધુ એક દેશ પર હવાઈ હુમલો કર્યો છે. જેમાં અમેરિકાએ સીરિયામાં હવાઈ હુમલો કરીને અલ-કાયદાના એક આતંકવાદીને ઠાર કરી દીધો છે. ગત મહિને સીરિમાં અમેરિકન ઠેકાણાઓ પર ઘાતકી હુમલો થયો હતો. જેમાં ત્રણ અમેરિકન નાગરિકના મોત થયા હતા. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ હુમલા સાથે સંકળાયેલા અલ-કાયદાના એક લીડરની મોતની પુષ્ટિ કરી છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, 16 જાન્યુઆરીના રોજ ઉત્તરપશ્ચિમ સીરિયામાં હુમલો કરવામાં આવ્યો હતો અને બિલાલ હસન અલ-જસીમ માર્યો ગયો હતો. યુએસ અધિકારીઓએ બિલાલને ISIS સાથે સીધા જોડાણ ધરાવતા વરિષ્ઠ આતંકવાદી તરીકે બતાવ્યો હતો. બિલાલ 13 ડિસેમ્બરના રોજ સીરિયાના પલ્માયરામાં થયેલા હુમલા માટે જવાબદાર બંદૂકધારી સાથે જોડાયેલો હતો.

જેમાં બે યુએસ સર્વિસ મેમ્બર અને એક અમેરિકન સિવિલિયન ઈન્ટરપ્રેટરનું મોત થયું હતું. યુએસ સેક્રેટરી ઓફ વોર પીટ હેગસેથે કહ્યું, ‘અમે ક્યારેય ભૂલીશું નહીં, અને અમે ક્યારેય હાર માનીશું નહીં.‘

## દિલ્હીથી ઈન્ડિગોની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**નવી દિલ્હી :** દિલ્હીથી પશ્ચિમ બંગાળના બાગડોગરા જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટને બોમ્બથી ઉડાન ભરેલી ધમકી મળી હતી. તાત્કાલિક નિર્ણય લેતા, ફ્લાઈટને લખનૌ વાળવામાં આવી હતી અને એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કરવામાં આવ્યું હતું. સુરક્ષા એજન્સીઓએ વિમાનનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું હતું. એરલાઈનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે લગભગ 8:46 વાગ્યે ફ્લાઈટ 6E6650 ને બોમ્બથી ઉડાન ભરેલી ધમકી મળી હતી. સ્થાપિત પ્રોટોકોલનું પાલન કરીને, ફ્લાઈટે એરપોર્ટ અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. તંત્ર દ્વારા આ અંગે તાત્કાલિક નિર્ણય લેતા, ફ્લાઈટને તાત્કાલિક લખનૌ વાળવામાં આવી હતી, જ્યાં બધા મુસાફરો સુરક્ષિત રીતે ઉતરી ગયા હતા.ઈન્ડિગોએ કહ્યું હતું કે તે મુસાફરો માટે કન્નુર પરત ફરવાની સેવા ચલાવશે. ગયા વર્ષે નવેમ્બરમાં, કન્નુરથી અબુ ધાબી જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 1433 ને પણ અમદાવાદ વાળવામાં આવી હતી.

## ટેરીફ વચ્ચે ભારતના નિકાસમાં વૃધ્ધિ : ઊલટી ગંગા અમેરિકામાં દેખાઈ અસર

### સોનાની આયાત 12 ટકા ઘટી : ચાંદીની આયાતમાં 80 ટકા

• નવી દિલ્હી

અમેરિકાનાં ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ડિસેમ્બર મહિનામાં ભારતમાંથી માલની નિકાસ વર્ષ પહેલાંના સમાન મહિના કરતાં 1.87 ટકા વધીને 38.5 બિલિયન ડોલર રહી. બીજી તરફ, સોનાની આયાત લગભગ 12 ટકા ઘટીને 4.13 બિલિયન ડોલર રહી હોવા છતાં કુલ આયાત 8.7 ટકા વધીને 63.55 બિલિયન ડોલર સુધી પહોંચી.

તેના કારણે વેપાર ખાધ વર્ષ પહેલાંના 20.6 બિલિયન ડોલરથી વધીને 25.04 બિલિયન ડોલર થઈ ગઈ. ગુરૂવારે વાણિજ્ય મંત્રાલયે આ માહિતી આપી. નવેમ્બર મહિનામાં નિકાસ લગભગ 20 ટકા વધી હતી. ડિસેમ્બરમાં ચાંદીની આયાત 79.66 ટકા વધીને 758 મિલિયન ડોલર રહી. આ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બર સુધી માલની કુલ નિકાસ વાર્ષિક ધોરણે 2.44 ટકા વધીને 330.29 બિલિયન ડોલર થઈ છે.

ડિસેમ્બરમાં ચીનને નિકાસ 67.35 ટકા વધીને 2.047 બિલિયન ડોલર રહી. ત્યાંથી આયાત 20.01 ટકા વધીને 11.692 બિલિયન ડોલર થઈ. જ્યારે ડિસેમ્બરમાં અમેરિકા માટેની નિકાસ વર્ષ પહેલાંની તુલનામાં 1.83 ટકા ઘટીને 6.886 બિલિયન ડોલર રહી.

## અંડર-19 વર્લ્ડ કપમાં ’નો હેન્ડશેક’ વિવાદ પર બાંગ્લાદેશ બોર્ડ ભરાયું

**નવી દિલ્હી :** ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ક્રિકેટના મેદાન પર તણાવ અને વિવાદો કોઈ નવી વાત નથી, અને આ સિલસિલો હવે અંડર-19 વર્લ્ડ કપ 2026 સુધી પહોંચી ગયો છે. 17 જાન્યુઆરીએ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મેચ દરમિયાન ’નો હેન્ડશેક’ વિવાદે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું છે, જેના પર હવે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ સત્તાવાર નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરવી પડી છે.બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે એક નિવેદન જારી કરીને જણાવ્યું કે ભારતીય કેપ્ટન સાથે હાથ ન મિલાવવાની ઘટના સંપૂર્ણપણે અજાણતા થઈ હતી. BCBએ સ્પષ્ટતા કરી કે બાંગ્લાદેશ અંડર-19 ટીમના નિયમિત કેપ્ટન અઝીઝુલ હકીમ બીમારીના કારણે ટોસ સમયે મેદાનમાં હાજર રહી શક્યા ન હતા. તેમની જગ્યાએ, વાઈસ-કેપ્ટન જવાદ અબરારે ટોસની જવાબદારી સંભાળી હતી. બોર્ડે ભારપૂર્વક જણાવ્યું કે ભારતીય ટીમ પ્રત્યે અનાદર દર્શાવવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો.BCBએ વધુમાં જણાવ્યું કે તેઓ આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છે. બોર્ડે કહ્યું, ‘રમતગમતની ભાવના જાળવી રાખવી અને વિરોધી ટીમ તથા ખેલાડીઓ પ્રત્યે સન્માન રાખવું એ બાંગ્લાદેશ ક્રિકેટના મૂળભૂત સિદ્ધાંતો છે.‘ બોર્ડે પોતાના ખેલાડીઓને રમતગમતની ભાવના જાળવી રાખવાની તેમની જવાબદારીને સમજવા માટે પણ યાદ અપાવ્યું છે.17 જાન્યુઆરીએ અંડર-19 વર્લ્ડ કપમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મેચ પહેલા હળવા વરસાદને કારણે ટોસમાં વિલંબ થયો હતો.

## હાવડાથી કામખ્યા જનાર વંદે ભારત સ્લીપર ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપી લીલીઝંડી

હાવરા

વડાપ્રધાન મોદીએ દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલીઝંડી દેખાડી દીધી છે પશ્ચિમ બંગાળના હાવરાથી આસામના ગુવાહાટી (કામાખ્યા) વચ્ચે ચાલનારી આ ટ્રેન 958 કિલોમીટરનું અંતર માત્ર 14 કલાકમાં પૂરૂ કરશે, જયારે હાલ આ અંતર કાપવામાં 17 કલાક લાગે છે.આ ટ્રેનમાં કુલ 16 કોચ છે, જેમાં 11 થર્ડ એસી, 4 સેકન્ડ એસી અને 1 ફર્સ્ટ એસી હશે. આ ટ્રેનનું ભાડુ રાજધાની એકસપ્રેસ જેવી પ્રીમિયમ ટ્રેનોથી થોડુ વધારે છે. ગુવાડાટીથી હાવરા સુધી થર્ડ એસીનું ભાડુ 2300 રૂપિયાની આસપાસ છે.વંદે ભારત સ્લીપર ટ્રેનને ભારતીય રેલવેના ઈતિહાસમાં એક મોટું અને ખાસ પગલુ માનવામાં આવે છે. અત્યાર સુધી વંદે ભારત ટ્રેનો માત્ર ચેર કારમાં ચાલતી હતી, પરંતુ સ્લીપર વર્ઝન શરૂ થવાથી લાંબા અંતરની પાત્ર પૂરી રીતે બદલનાર છે.

## દેશ હોય કે પરિવાર પરિસ્થિતિ સરળ બને ત્યારે જૂની પેઢીએ ખસી જવું જોઈએ : ગડકરી

નાગપુર: કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ નેતાગીરીમાં પેઢીગત ફેરફારની જરૂર પર ભાર મુકીને યુવા પેઢીને વધુ જવાબદારી લેવાની તેમજ એકવાર સીસ્ટમ સરળતાથી ચાલે પછી વરિષ્ઠોને પાછા હટી જવાની અપીલ કરી. નાગપુરમાં બોલતા તેમણે જણાવ્યું કે આવું પરિવર્તન સતત વિકાસ અને નવીનીકરણ માટે જરૂરી છે જેમાં અનુભવી નેતાઓ માર્ગદર્શક તરીકે કામ કરે જ્યારે નવા વિચારો પ્રગતિને આગળ વધારી શકે.ગડકરી એડાવન્ટેજ વિદર્ભ-ખાસદાર ઔદ્યોગિક મહોત્સવ પર એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી રહ્યા હતા જે પહેલની તેમણે જ કલ્પના કરી હતી અને જેનું આયોજન એસોસિયેશન ફોર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ (એઆઈડી)ના પ્રમુખ આશિષ કાલેએ કર્યું હતું. પહેલમાં યુવા પેઢીને સામેલ કરવા બાબતે કાલેની પ્રશંસા કરતા ગડકરીએ જણાવ્યું કે નેતાગીરીએ સમય સાથે વિકસવું જોઈએ.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# દારૂ પીતા પકડાયેલા વ્યક્તિને રૂ. 11,000/- નો દંડ ફટકારવામાં આવશે

### દુધવા ગામે ઠાકોર સમાજનો દારૂબંધી અંગે ઐતિહાસિક નિર્ણય

• થરાદ પ્રધાનજી ઠાકોર

થરાદ તાલુકાના દુધવા ગામે ઠાકોર સમાજ દ્વારા દારૂબંધીને લઈને એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાંઆવ્યોછે.ઠાકોરસમાજબંધારણ કમિટીની બેઠકમાં ગામ દારૂના દુષણને નાથવા માટે કડક નિયમો લાગુ કરવાનો સર્વસંમતિથી નિર્ણય કરવામાં આવ્યો. આ નિર્ણય મુજબ, ગામમાં કોઈપણ ઠાકોર સમાજનો વ્યક્તિ દારૂ ઉકાળતો પકડાશે તો તેના પર રૂ. 51,000/- નો દંડ કરવામાં આવશે. જ્યારે દારૂ પીતા પકડાયેલા વ્યક્તિને રૂ. 11,000/- નો દંડ ફટકારવામાં આવશે. વધુમાં, દારૂ સંબંધિત મામલે કોઈ વ્યક્તિ પોલીસ સ્ટેશન જઈને છોડાવાની કાર્યવાહી કરશે તો તેને પણ રૂ. 15,000/- નો દંડ ચૂકવવો પડશે. સમાજના આગેવાનોના જણાવ્યા અનુસાર, દારૂના કારણે સમાજમાં વધતી સામાજિક સમસ્યાઓ, ઘરેલુ કલહ અને યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમોનું કડક પાલન કરવામાં આવશે અને કોઈપણ પ્રકારની ઢીલાશ રાખવામાં નહીં આવે તેમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. દુધવા ગામમાં લેવાયેલો આ નિર્ણય હવે સમગ્ર વાવ-થરાદ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે અને સમાજના લોકો દ્વારા તેને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ઠાકોર સમાજના આગેવાનો દ્વારા તમામ સભ્યોને દારૂબંધીના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.



## ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાવવા ઉપર પ્રતિબંધ

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે ડાંગ- આહવાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી.તબીયારે (જી.એ.એસ.) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલી સત્તાની રૂએ જાહેરનામુ બહાર પાડયુ છે. આ હુકમ તા.૧૭/૦૧/૨૦૨૬ ના ક.૦૦/૦૦ થી તા.૧૭/૦૩/૨૦૨૬ ક.૨૪.૦૦(બંને દિવસો સહિત)સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. ઉપરોક્ત મુજબનું કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

**વિકાસને વેગ** જિલ્લાના યુવાનોને રોજગારી માટે બહાર ન જવું પડે તેવી વ્યવસ્થા માટે મદદરૂપ બનશે

# પોરબંદર જિલ્લાના ભાવપરા ખાતે કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે કેનાલના કામનું ખાતમુહૂર્ત કરાયું

### રૂ.૧ કરોડથી વધુની કિંમતની ખર્ચે હાથ ધરાયેલ કેનાલનું કામ પૂર્ણ થવાથી ખેડુતોની આશરે ૫૦૦ હેક્ટર ફળદ્રુપ જમીનને સિંચાઈનો લાભ મળશે

• વિરમભાઈ કે. આગઠ

વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ભાવપરા નજીક પાંચડેરા ખાતે રૂ. ૧.૦૪ કરોડના ખર્ચે 'વડાલા નિંગોડ કેનાલ ટુ પાંચડેરા'ના મહત્વપૂર્ણ રેડિયલ કેનાલ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ પ્રોજેક્ટ પૂરો થવાથી વિસ્તારમાં ખેડૂતોની સિંચાઈ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને કૃષિ ઉત્પાદનમાં સીધો વધારો થશે.કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સતત ખેડૂતોના હિતમાં નિર્ણયો લઈ રહી છે. તાજેતરમાં કમોસમી વરસાદની પરિસ્થિતિમાં પણ સરકારે ખેડૂતોને એક હેક્ટર દીઠ ૨૨ હજારની સહાય, મહત્તમ બે હેક્ટર મર્યાદા સાથે, તરત જ જાહેર કરીને મુશ્કેલીની ઘડીએ ખેડૂતોને આધાર આપ્યો છે.વધુમાં કેબિનેટ મંત્રીએ જણાવ્યું કે જિલ્લામાં વીજ પુરવઠા સંબંધિત લાંબા સમયથી પેન્ડિંગ રહેલા મુદ્દાઓના નિરાકરણ માટે રૂ. ૮૦ કરોડના ખર્ચે ૯ ફીડર બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પગલે ચોમાસા દરમ્યાન આવતી વીજ સમસ્યાઓમાં મોટા પાયે સુધારો થશે. સાથે ભાવપરા ગામની માગણી મુજબના ગ્રામ્ય માર્ગોના નિર્માણ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે.મંત્રીએ આગળ જણાવ્યું કે જિલ્લાના યુવાનોને રોજગારી માટે બહાર ન જવું પડે અને સ્થાનિક સ્તરે રોજગારીની તકો ઊભી થાય તે માટે ગાંધી કોરિડોર, સાંસ્કૃતિક વન, બીચ ડેવલપમેન્ટ, સાગરપક્ષી અભ્યારણ સહિતના પ્રવાસન ક્ષેત્રેના વિકાસના સરકારના આયોજનની વિગતો આપીને જિલ્લો પ્રવાસન ક્ષેત્રે આગળ વધે તે માટેના પ્રયાસોની વાત કરી હતી.

અને પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખરીયાએ પણ સરકારની ખેડૂત હિતલક્ષી નીતીઓની વાત કરી હતી. ભાવપરાના પાંચડેરા ખાતે હાથ ધરાયેલ કેનાલ કામ પૂર્ણ થવાથી ભાવપરા-મિયાણી ગામના ખેડુતોની આશરે ૫૦૦ હેક્ટર ફળદ્રુપ જમીનને સિંચાઈનો લાભ મળશેજેના કારણે ખેતીક્ષેત્રે ઉત્પાદનક્ષમતા વધારો થશે.આ પ્રસંગે સુદામા ડેરીના ચેરમેન શ્રી આકાશ રાજશાખા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી આવડા ઓડેદરા, ક્ષાર અંકુશ વિભાગના ઈજનેર શ્રી પ્રતીક ઓડેદરા,ભાવપરા ગામના સરપંચ, તેમજ હાથીયાભાઈ ખુટી, ભુરાભાઈ કેશવાલા, પ્રતાપભાઈ કેશવાલા, વિરમભાઈ સહિતના સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.







### ભારતીય સંસ્કૃતિના વારસા સમાન યોગ વિદ્યા દ્વારા સ્વાસ્થ્ય ક્રાંતિનો શંખનાદ

# સાવરકુંડલામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી: ૧૦૦થી વધુ નારીશક્તિ દ્વારા યોગ કરાયા

### 'યોગમય સાવરકુંડલા, રોગમુક્ત સાવરકુંડલા'ના સૂત્રને સાર્થક કરતો યોગ ટ્રેનર્સ બેચનો વાર્ષિક મહોત્સવ સંપન્ન

• સાવરકુંડલા

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, સાવરકુંડલા દ્વારા શહેરના આંગણે યોગ સંસ્કૃતિને જન-જનના હૃદય સુધી પહોંચાડવા અને 'રોગમુક્ત સાવરકુંડલા' ના ઉમદા સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી એક ભવ્ય અને યાદગાર વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેસર રોડ પર સ્થિત સર્વ મંગલ હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં યોગ ટ્રેનર્સ બેચની બહેનોએ પોતાની સાધના અને કલાનું અદભૂત પ્રદર્શન કરી સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી. યોગ કોચ બીના દીપેશ જોશી દ્વારા એક વર્ષ પૂર્વે જે મશાલ પ્રગટાવવામાં આવી હતી, તે આજે એક વિશાળ અભિયાન બની ચૂકી છે. શરૂ થયેલી યોગ ટ્રેનર્સ બેચને શહેરની નારીશક્તિ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે. આ વાર્ષિક પર્વમાં અંદાજિત ૧૦૦થી વધુ બહેનોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ કઠિન યોગાસનો, પ્રાણાયામ અને સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસ્તુતિએ ઉપસ્થિત સૌને યોગની શક્તિનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. સાવરકુંડલાના આંગણે યોગની આ જ્યોત પ્રજ્વલિત રહે તે માટે જાગૃતિબેન ગૌસ્વામીએ પોતાનો હોલ વિનામૂલ્યે આપી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું, જે બદલ કાર્યક્રમમાં તેમનું ભાવભર્યું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગ કોચ બીનાબેન જોશીએ જણાવ્યું હતું કે, 'યોગ એ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ જીવન જીવવાની એક પવિત્ર કળા છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિની આ ધરોહરને અપનાવીને જ આપણે 'રોગમુક્ત સમાજ' નું સ્વપ્ન સાકાર કરી શકીએ છીએ.' બહેનોએ પણ આ તકે સંકલ્પ લીધો હતો કે તેઓ ઘરે-ઘરે યોગ પહોંચાડીને સાવરકુંડલાને સ્વાસ્થ્ય ક્ષેત્રે મોખરે લાવશે. કાર્યક્રમના અંતે તમામ બહેનો અને સહભાગીઓ માટે સ્વાદિષ્ટ અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભવ્યતા, શિસ્ત અને ભારતીય સંસ્કૃતિના ગૌરવ સાથે સંપન્ન થયો હતો



# સૌરાષ્ટ્રમાં સબ સ્ટેશનોને ટાર્ગેટ કરતી આંતરજિલ્લા ગેંગ પકડાઈ

### રાજકોટ LCB એ ૫ શખ્સોને દબોચી ચોરીના ચાર ગુના ઉકેલ્યા

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. (LCB) ની ટીમે ટેકનોલોજી અને બાતમીદારોના સહારે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વીજ સબ સ્ટેશનોમાં ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે.પાટણવાવ પાસે આવેલા જેટકો જી.ઈ.બી. ૬૬ કે.વી. સબ સ્ટેશનમાં ગત ૫ જાન્યુઆરીએ થયેલ ૧.૧૭ લાખના ત્રણ રીએક્ટરની ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે E-GujCop અને pocket-Cop ની મદદથી વાહનની ઓળખ કરી પાટણવાવના મોટીમારડ ગામ પાસે વોચ ગોઠવી ૫ રીઢા તસ્કરો અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરને કુલ ૩,૧૪,૦૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ ગેંગ માત્ર રાજકોટ જ નહીં, પરંતુ જૂનાગઢ અને અમરેલી જિલ્લાના સબ સ્ટેશનોમાં પણ ત્રા ટકી હતી. આરોપીઓએ પાટણ વા વ ઉપરાંત રીબડા ગામેથી કોપર વા યર, જૂનાગઢના ચોકી ગામ પા સેના સબ સ્ટેશનમાંથી બે રીએક્ટર અને અમરેલીના સારંભડા ગામેથી પણ રીએક્ટરની ચોરી કર્યાની કબૂલાત આપી છે. આરોપીઓ પાવર બેંકના રીએક્ટરના કેબલ કટરથી કાપી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી એક ઈકો કાર, મોબાઈલ ફોન અને ચોરી કરવાના સાધનો જપ્ત કર્યા છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલ અન્ય ૪ ફરાર આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.



# થરાદ તાલુકાના ઝેટા ગામે મધ્યાહન ભોજન સંચાલક પર જાતિ આધારિત બહિષ્કાર અને મારામારી, પોલીસમાં ફરીયાદ

• પ્રધાનજી ઠાકોર

થરાદ તાલુકાના ઝેટા ગામની પ્રાથમિક શાળામાં છેલ્લા ૨૩ વર્ષથી મધ્યાહન ભોજન સંચાલક તરીકે સેવા આપતા મારુ નામ સુરેશભાઈ ભોમાભાઈ તુરી (બારોટ) (ઉ.વ. ૫૦) સાથે જાતિ આધારિત ભેદભાવ, સામાજિક બહિષ્કાર તથા મારામારીની ગંભીર ઘટના સામે આવી છે. ફરિયાદ મુજબ, ડિસેમ્બર ૨૦૨૫ના પ્રથમ અઠવાડિયામાં શાળાના રસોડામાં મધ્યાહન ભોજન તૈયાર કરતી વખતે રસોડામાં તપેલું ઉતારવાના પ્રસંગે ઠાકોર સમાજના કેટલાક આગેવાનો દ્વારા "તુરી બારોટ તપેલું અડકે એટલે આભડછેટ થાય છે" એવો આક્ષેપ કરી ઠાકોર સમાજના બાળકોને જમવાનું બંધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, તુરી બારોટને ગામમાં કોઈ મજૂરી ન આપે તથા કોઈ બોલાવે નહીં તેવો સામાજિક બહિષ્કાર કરવાનો ઠરાવ ૧૬/૧૨/૨૦૨૫ના રોજ મિટીંગમાં કરાયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બાબતે ફરીયાદી ન્યાય સમિતિના ચેરમેન કરશનભાઈ ખોનાભાઈ સોલંકીને રજૂઆત કરવા જતા હતા ત્યારે ૨૨/૧૨/૨૦૨૫ના રોજ ઝેટા ગામના સ્મશાનભૂમિ નજીક પ્રકાશભાઈ પરશુભાઈ ઠાકોર તથા અંગજીભાઈ વાંકજીભાઈ ઠાકોર દ્વારા રસ્તામાં અટકાવી "રાજીનામું આપી દે નહીં તો કોઈ ઠાકોર સમાજના છોકરા જમશે નહીં" કહી ધમકી આપવામાં આવી હતી. ફરીયાદી ઈનકાર કરતા આરોપીઓએ લાફા-ગડદાપાટુનો માર મારી મા-બેનની અશ્લીલ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જણાવાયું છે. સ્થાનિક લોકો વચ્ચે પડી ફરીયાદીને છોડાવ્યા બાદ તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. આ સમગ્ર ઘટનાને લઈ ફરીયાદીએ સંબંધિત લોકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની માંગ સાથે પોલીસ સ્ટેશનમાં ધોરણસર ફરીયાદ નોંધાવી છે.

## પોલેન્ડના વર્ક પરમીટ વિઝા આપાવવાનું કહી 7.75 લાખની છેતરપિંડી

**વડોદરા :** માંજલપુર શ્રી કુંજ બંગલોઝ પાસે રહેતા અમિતકુમાર સુરેશભાઈ પટેલ કરજણ તાલુકાનાના કંડારી ગામના વતની છે અને ગૃહ ઉદ્યોગ ચલાવે છે માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે વર્ષ 2025માં મારા દીકરા હેત તથા મારા ભાણેજ હેત લોમેશભાઈ પટેલ ( રહે આદિત્ય હાઈટ વાઘોડિયા ડભોઈ રીંગ રોડ )ને વધુ અભ્યાસ માટે વિદેશ મોકલવાના હતા. અમારા પાડોશમાં રહેતા મિલિન્દભાઈ ઈન્દ્રવદન પટેલ (રહે, ટાંકી ખડકી કંડારી તાલુકો કરજણ )સાથે અમારે સંબંધ હોય તેઓને તેમની ઓફિસ પીએમ ઓવરસીઝ (ઠેકાણું લીલેરીયા પેરામાઉન્ટ જીઆઈડીસી એરિયા માંજલપુર ) ખાતે મળ્યા હતા. તેઓએ અમને કહ્યું હતું કે, બંને છોકરાઓના માર્ક થોડા ઓછા છે એટલે ફ્રાન્સ અને પેરિસના સ્ટુડન્ટ વિઝા થઈ શકશે નહીં પોલેન્ડમાં વર્ક પરમેન્ટ વિઝા થઈ જશે વિઝા, એર ટિકિટ મળી કુલ 15 લાખ રૂપિયા બંને છોકરાઓના થશે. અમે તેઓને 7.75 લાખ ચૂકવ્યા હતા પરંતુ ત્યારબાદ અમારું કામ કર્યું ન હતું જેથી અમે રૂપિયા પરત માગતા તેમણે ચેક આપ્યો હતો જે ચેક રિટર્ન થયો હતો.

### કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વાસ્થ્ય તપાસનો લાભ મેળવ્યો હતો

# આહવા ડેપો ખાતે 'માર્ગ સુરક્ષા માસ' ની ઉજવણી અને મેડિકલ કેમ્પનું આયોજન

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આ હ વા ખાતે આવેલ એસ.ટી. ડેપોમાં આજે તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ 'માર્ગ સુરક્ષા માસ' અંતર્ગત એક વિશેષ જનજાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વાહન વ્યવહાર સા થે જોડાયેલા કર્મચારીઓની સુ રક્ષા અને મુસાફરોની સલામતી સુ નિશ્ચિત કરવાનો હતો.

ત જજ્ઞો દ્વારા માર્ગદર્શન આ પ્રસંગે ડાંગ જિલ્લાના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સુથાર દ્વારા ઉપસ્થિત સ્ટાફને ટ્રાફિકના નિયમોનું ચુ સ્તપણે પાલન કરવા અને અકસ્માત નિવારણ માટે જાગૃત ર હે વા અપીલ કરવામાં આવી હતી . સાથે જ ડાંગ RTO ચૌધરી એ માર્ગ સુરક્ષાના ટેકનિકલ પા સા ઓ અને ડ્રાઈવિંગ લાયસન્સ સંબંધિત નિયમોની ઊંડાણપૂર્વક માહિ તી આપવામાં આવી હતી.

આરોગ્ય તપાસ અને સ્ટા ફની સહભાગીતા કા ર્યક્રમમાં મેડિકલ ઓફિસર ડૉ. ધ્રુવી દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરના સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ડેપોના ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિકલ સ્ટાફ તેમજ એ.ડી.એમ. (ADM) સ્ટાફ માટે વિશેષ મેડિકલ કેમ્પ યોજાયો હતો, જેમાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વાસ્થ્ય તપાસનો લાભ મેળવ્યો હતો.

આ આયોજન દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓમાં સુરક્ષિત ડ્રાઈવિંગ અને શારીરિક તંદુરસ્તી પ્રત્યે નવી ચેતનાનો સંચાર થયો હતો. આહવા ડેપોના સત્તાધીશો દ્વારા તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# કંથારીયા પાસે બેફામ ડમ્પરનો તાંડવ : રીક્ષા, કાર અને મોપેડને અડફેટે લેતા એકનું મોત

### પાંચથી વધુ ઈજાગ્રસ્ત બનતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યાં



• ભરૂચ

ભરૂચ તાલુકાના કંથારીયા દલાલ સ્ટ્રીટ પાસે પૂરપાટ ઝડપે આવતા ડમ્પર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા રસ્તા પર પસાર થઈ રહેલી રીક્ષા, કાર અને મોપેડને એકસાથે અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં મોપેડ ચાલક અરુણ અરવિંદભાઈ રાઠોડ (રહે. ભોલાવ) ને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે પાંચથી વધુ લોકો લોહીલુહાણ થતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભોલાવના ડેરા તલાવડી વિસ્તારના એક જ પરિવારના સભ્યો રીક્ષામાં સવાર થઈ દેરોલ જઈ રહ્યા હતા ત્યારે કાળ બનીને આવેલા ડમ્પરે તેમની રીક્ષાને જોરદાર ટક્કર મારી પલટી ખવડાવી દીધી હતી. અકસ્માત સર્જી માનવતા નેવે મૂકી ડમ્પર ચાલક વાહન મૂકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી ફરાર ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.


### ઉંચા ફીના ધોરણોને લીધે ગરીબ સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ભોગવી રહ્યા છે પારાવાર મુશ્કેલી

# ગુજરાત યુનિવર્સિટી સંચાલિત વિવિધ ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી રાહત આપવા માંગણી

### ઉંચી ફી વસુલતા અભ્યાસક્રમોમાં પૂરતા અનુભવી અધ્યાપકો અને અન્ય શૈક્ષણીક વ્યવસ્થા તાત્કાલિક કરવામાં આવે

• અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી સંચાલિત વિવિધ ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી રાહત આપવા અને અન્ય શૈક્ષણીક સુવિધા અંગે વ્યાજબી પગલા ભરવા માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવાથી તમામ ફીની આવક ગુજરાત યુનિવર્સિટીના એકાઉન્ટમાં જમા થાય છે અગાઉ ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને જે હિસ્સો આપવામાં આવતો હતો તેમાંથી યુનિવર્સિટી મુક્ત થઈ છે. તેમ છતાં અગાઉના ફીના ધોરણો ઘણા ઊંચા હતા તે જ ફી લેવામાં આવી રહી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૩૩ થી વધુ સેલ્ફ ફાયનાન્સ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) જેમાં ૨૭૫૬ વિદ્યાર્થીઓની બેઠક સંખ્યા (INTAKE) હાલમાં ઉપલબ્ધ છે. જેમાં વિવિધ સેલ્ફ અભ્યાસક્રમો માટે રૂ. ૪૦,૦૦૦ થી ૫૫,૦૦૦, રૂ. ૫૦,૦૦૦ થી ૬૫,૦૦૦, રૂ. ૭૫,૦૦૦ થી ૯૦,૦૦૦ અને અમુક અભ્યાસક્રમોના વાર્ષિક ૧,૨૦,૦૦૦ જેટલી માતબર ફી વસૂલવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને રાહત આપવામાં આવે. હાલમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફેકલ્ટી તરીકે તાજેતરમાં પાસ આઉટ થયેલ ને નિમણુંક અપાઈ છે. અગાઉ જેમની સામે અનેક ફરિયાદો થી હતી, વિવાદાસ્પદ કામગીરી કરી ચૂકેલા અનેક કર્મચારીઓને ગોઠવણ કરી દેવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઘણા સમયથી સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. જે અભ્યાસક્રમો જુદી જુદી કંપનીઓ સાથે એમ.ઓ.યુ.(MOU) કરીને ગુજરાત યુનિવર્સિટી ખાતે ચલાવવામાં આવતા હતા જેમાં તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિવિધ લાભો જે તે કંપનીઓને આપવામાં આવ્યા હતા. આ અભ્યાસક્રમોમાં એમ.ઓ.યુ. માં વિવિધ શરતો કરીને આવકની નિશ્ચિત વહેંચણી પણ સુનિશ્ચિત ઠરાવવામાં આવી હતી. ત્યારબાદ, જે તે કંપનીઓ અને વિશેષ વ્યક્તિઓની ભાગીદારી સાથે લાંબો વિવાદ




ઊભો થતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ અભ્યાસક્રમો ચલાવતી ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવામાં આવ્યા તે આવકારદાયક બાબત છે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલતા ૩૩ થી વધુ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) વિવિધ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફીની આવક સામે વ્યાજબી પણું તપાસીને સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને પાસેથી વસૂલાતી ફીમાં તાત્કાલીક અસરથી ઘટાડો કરવામાં આવે. જેથી વ્યાજબી ફીમાં વિશેષ અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડવામાં તમામને તક મળે.

### વિયેતનામ જેવો ઘણો નાનો દેશ ખૂબ જ ઝડપથી વિદેશી મૂડી આકર્ષી રહ્યો છે

# ભારતનું અર્થતંત્ર વિકસતું જાય છે, પણ વિદેશી રોકાણ વધતું નથી

**ચિંતાનો વિષય** કરવેરામાં અચાનક ફેરફારો, જૂના નિયમોનું નવું અર્થઘટન

• નવી દિલ્હી

ભારત વિશ્વમાં ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર છે, તેની પાસે સૌથી વિશાળ ગ્રાહક બજાર છે, તોય સૌને મૂંઝવી નાખતો સવાલ આ છેઃ ઝડપી આથક વિકાસ છતાં ભારતમાં વિદેશી રોકાણ કેમ નથી વધી રહ્યું? પહેલી નજરે, આ એક મૂંઝવણભર્યો કોયડો લાગે છે.દરમિયાન, વિયેતનામ જેવો ઘણો નાનો દેશ ખૂબ જ ઝડપથી વિદેશી મૂડી આકર્ષી રહ્યો છે. વર્લ્ડ બેન્કના ડેટા અનુસાર, ભારતને ૨૦૨૪માં ૨૭.૧ બિલિયન ડોલરનું એફડીઆઈ (નેટ ઈનફ્લો) મળ્યું હતું, જ્યારે વિયેતનામને એ જ વર્ષે ૨૩.૩૫ બિલિયન ડોલરનું વિદેશી રોકાણ મળ્યું હતું. વિવિધ રાજ્યોમાં અલગ-અલગ નિયમો છે, કરવેરા (જીએસટી હોવા છતાં), કામદારો-શ્રમિકોનું વલણ, રાજકીય માહોલ અને અમલદારશાહીનો મિજાજ જુદા જુદા છે. જે કામ તમિલનાડુમાં સરળતાથી થાય છે તે ઉત્તર પ્રદેશમાં અટકી શકે છે. વિયેતનામ જેવા ટચુકડા દેશને આપણા કરતાં ચાર જ બિલિયન ઓછું એફડીઆઈ મળે તે હકીકત ચમકાવી મૂકે તેવી છે. ખરેખર શું થઈ રહ્યું છે? આને સમજવા માટે, વૈશ્વિક રોકાણકારને વિદેશના એક જાગૃત પ્રવાસી તરીકે કલ્પી લો, કે જે લાંબા ગાળા કશેક ધામા નાખવાનું વિચારી રહ્યો છે. એ શું શું ગણતરીમાં લેશે? માત્ર જે-તે દેશનું માર્કેટ? ના, તે એ દેશમાં રસ્તાઓ-હવાપાણી અને સુવિધાઓ કેવાં છે, નીતિ-નિયમો કેવાંક પળાય છે, લોકોની સિવિક સેન્સ કેવી છે, અહીં મન ઉચ્ચક રહેશે કે મનને શાંતિ મળશે, તે બધું પણ ધ્યાનમાં લેશે, ખરું?

ભારતનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે, એનું કદ, એની વસ્તી. દુનિયાના બીજા કોઈ દેશ પાસે આવું વિશાળ સ્થાનિક બજાર નથી. તે જ કારણ છે કે સ્માર્ટફોનથી લઈને ઓટોમોબાઈલ સુધીની બહુરાષ્ટ્રીય બ્રાન્ડ્સ ભારતની અવગણના કરી શકતી નથી. પરંતુ આ વિશાળ કદ બંને રીતે કામ કરે છે. ભારત એક બજાર નથી, તે એકસાથે જોડાયેલા અનેક બજારોનું ઝુંડ છે. વિવિધ રાજ્યોમાં અલગ-અલગ નિયમો છે, કરવેરા (જીએસટી હોવા છતાં), કામદારો-શ્રમિકોનું વલણ, રાજકીય માહોલ અને અમલદારશાહીનો મિજાજ જુદા જુદા છે. જે કામ તમિલનાડુમાં સરળતાથી થાય છે તે ઉત્તર પ્રદેશમાં અટકી શકે છે.

જે મંજૂરી ગુજરાતમાં તરત મળી જાય છે, તેના માટે બીજાં રાજ્યોમાં વર્ષો લાગી શકે છે. વિદેશી રોકાણકાર એકધારાપણાથી, સાતત્યથી ટેવાયેલો છે, તેથી ભારતમાં કામ કરવું એને ભૂલભૂલામણીમાં નેવિગેટ કરવા જેવું લાગે છે.હવે આની સરખામણી ઉદાહરણ માટે અને હાલ પૂરતું વિયેતનામ સાથે કરો. વિયેતનામનો પ્લસ પોઈન્ટ બજારનું કદ નથી, પણ સ્પષ્ટતા છે. ત્યાંની નીતિઓ વધુ સચોટ છે, પરમિશન ઝડપથી મળી જાય છે. રોકાણકારો જાણે છે કે કોની સાથે વાત કરવાની છે, નિર્ણયો લેવામાં કેટલો સમય લાગશે અને પાંચ વર્ષ પછી નિયમો કેવા હશે.

# અંકલેશ્વર GIDC ધુમ્મસની ચાદરમાં લપેટાયું: વિઝિબિલિટી ઘટતા વાહનચાલકો અટવાયા

### તાપમાનનો પારો 17 ડિગ્રીએ પહોંચ્યો

• અંકલેશ્વર

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ગણાતા અંકલેશ્વર GIDC અને આસપાસના વિસ્તારોમાં ગતરોજ વહેલી સવારે કુદરતનું અનોખું રૂપ જોવા મળ્યું હતું. સમગ્ર વિસ્તારમાં ગાઢ ધુમ્મસની સફેદ ચાદર છવાઈ જતાં વાતાવરણમાં એકાએક ભારે ઠંડક પ્રસરી ગઈ હતી. શિયાળાની જામતી જતી ઠંડી વચ્ચે ગતરોજ લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ નોંધાતા શહેરીજનોએ કડકડતી ઠંડીનો અહેસાસ કર્યો હતો. ધુમ્મસ અને ઠંડીના આ સંયુક્ત પ્રભાવને કારણે વહેલી સવારે જનજીવનની ગતિ ધીમી પડી હોય તેવું જણાયું હતું.

ગાઢ ધુમ્મસના કારણે હાઈવે અને મુખ્ય માર્ગો પર વિઝિબિલિટી શૂન્યની નજીક પહોંચી ગઈ હતી, જેના પરિણામે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વહેલી સવારે નોકરી-ધંધાર્થે નીકળેલા વાહનચાલકોને માર્ગ પર આગળનું જોવા માટે હેડલાઈટ ચાલુ રાખવાની



ફરજ પડી હતી. ખાસ કરીને ભરૂચ-અંકલેશ્વરને જોડતા નેશનલ હાઈવે પર વાહનોની ગતિ અટકી પડી હતી અને ટ્રાફિકની ગતિ મંદ પડી હતી. મોડે સુધી સૂર્યદેવના દર્શન ન થતાં અને ગાઢ ધુમ્મસ અકબંધ રહેતા હિલ સ્ટેશન જેવો નજારો જોવા મળ્યો હતો, જેણે સવારના સમયે કામ પર જતા લોકો અને મોર્નિંગ વોકર્સમાં કુતૂહલ જગાવ્યું હતું.

# નળમાં પાણી કે રોગચાળો? રોજા ટંકારીયામાં ગંદા પાણી મુદ્દે મહિલાઓનો હલ્લાબોલ

### આમોદ તાલુકાના રોજા ટંકારિયામાં મીડિયાના હસ્તક્ષેપ બાદ પંચાયતે પાઈપલાઈન બદલી

• આમોદ

આમોદ તાલુકાના રોજા ટંકારીયા ગામમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીના બદલે નળ માં આવતા કચરાવાળા અને દુર્ગંધયુક્ત પા ણીને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગામના પાછલા ફળિયાના રહીશો અને ખાસ કરીને મહિલાઓએ આક્ષેપ કર્યો છે કે વા રંવારની રજૂઆતો છતાં તંત્ર ઘોર નિદ્રામાં હ તું . ગંદા પાણીને કારણે ગામમાં રોગચાળો ફાટી ની કળવાની ભીતિ સર્જાતા આખરે ગ્રા મ જ નોએ મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવ્યો હ તો, જેના પગલે પંચાયત દોડતી થઈ ગઈ છે.

આશ્ચર્યની વાત એ છે કે, ગામના સરપંચ ધર્મેન્દ્રભાઈએ કોઈ પણ લેખિત રજૂઆત મળી હોવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ ગ્રામજનોના વિરોધ પ્રદર્શનના ગણતરીના કલાકોમાં જ પંચાયતે વિવાદિત વિસ્તારમાં પાણીની કુંડી તોડી નવી પાઈપલાઈન અને વાલ્વ નાખવાની



કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી હતી. હાલ પંચાયત દ્વારા નવી વ્યવસ્થા ઊભી કરવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ સ્થાનિકોમાં હજુ પણ શંકા છે. ગ્રામજનોનું કહેવું છે કે પાણી પુરવઠો પૂર્વવત થયા બાદ જ ખબર પડશે કે આ કાયમી ઉકેલ છે કે માત્ર વિરોધને શાંત પાડવાનો દેખાવ. જનતા હવે માંગ કરી રહી છે કે તંત્ર આક્ષેપબાજી છોડી પાણીના સ્ત્રોતની ઊંડી ત પાસ કરે જેથી ભવિષ્યમાં પ્રદૂષિત પાણીની સમસ્યા ફરી ન સર્જાય.

# વાગરામાં ડમ્પરચાલકની બેદરકારીથી મોતનું તાંડવ ટળ્યું: હાઈટેન્શન લાઈન તૂટતા વીછીયાદમાં અંધારપટ

• વાગરા

વા ગરા-વીંછીયાદ માર્ગ પર એક બેફામ ડમ્પરચાલકની ગંભીર લા પરવાહીને કારણે હજારો લોકોના જીવ જોખમમાં મુકાયા હ તા. કે.પી. ગ્રુપના પવનચક્કીના કામમાં રોકાયેલા પ્રતીક કન્સ્ટ્રક્શનના ડમ્પરની ટ્રોલી ૧૧ કે.વી.ની હાઈટેન્શન વીજ લાઈન સાથે અથડાતા જોરદાર ધડાકા થયા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે વીજ કરંટના ઝટકાથી ડમ્પરના ટાયરો ફાટી ગયા હતા અને વાગરા DGVCLની મુખ્ય લાઈનોને ભારે નુકસાન થતાં વીંછીયાદ ગામ અંધકારમાં ગરકાવ થઈ ગયું હતું. ઈન્ડિયન ગેસ એજન્સીથી માત્ર ૫૦ મીટરના અંતરે બનેલી આ ઘટનામાં જો શોર્ટ સર્કિટના તણખલા ગેસ ગોડાઉન સુધી પહોંચ્યા હોત તો વાગરામાં અકલ્પનીય વિસ્ફોટ અને જાનહાનિ સર્જાઈ શકત.

આ ઘટનાને પગલે DGVCL તંત્ર હરકતમાં આવ્યું છે. જે.ઈ. પ્રજાપતિના જણાવ્યા મુજબ, રજાના દિવસે પણ કર્મચારીઓએ યુદ્ધના ધોરણે કામગીરી કરી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર્યો હતો. આ ગંભીર નુકસાની અને લાપરવાહી બદલ સોમવારે કે.પી. ગ્રુપ અને કન્સ્ટ્રક્શન કંપનીને કાયદેસરની નોટિસ ફટકારી નુકસાનીની વસૂલાત કરવામાં આવશે. બીજી તરફ, સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે રહેણાંક અને સંવેદનશીલ વિસ્તારમાં આવી જોખમી કામગીરી કરનારા જવાબદાર કોન્ટ્રાક્ટર અને ડ્રાઈવર સામે માત્ર દંડ નહીં, પરંતુ કડક ગુનાહિત કાર્યવાહી કરવામાં આવે.

### ત્રણેય ડોઝ સાથે અભિયાન સંપન્ન

# ભરૂચ પોલીસનું સુરક્ષા કવચ: 100 મહિલા કર્મીનું સર્વાઈકલ કેન્સર સામે રસીકરણ પૂર્ણ

• ભરૂચ

મહિલા પોલીસ કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સશક્તિકરણને પ્રાધાન્ય આપી ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા આયોજિત સર્વાઈકલ કેન્સર રસીકરણનો વિશેષ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. પોલીસ અધિક્ષક અક્ષય રાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ પહેલ અંતર્ગત જિલ્લાની 100 મહિલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને જીવલેણ સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપતી રસીના ત્રણેય ડોઝ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવ્યા છે. ગતરોજ રસીનો ત્રીજો અને અંતિમ ડોઝ આપીને આ આરોગ્યલક્ષી અભિયાનનું સફળ સમાપન કરવામાં આવ્યું હતું.

આ અભિયાનનો પ્રારંભ ગત જુલાઈ મહિનામાં થયો હતો, ત્યારબાદ સપ્ટેમ્બરમાં બીજો અને ગતરોજ નિર્ધારિત સમયે ત્રીજો ડોઝ આપવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર રસીકરણ જ નહીં, પરંતુ મહિલા પોલીસ કર્મચારીઓમાં હાયપરટેન્શન, ડાયાબિટીસ અને બ્રેસ્ટ કેન્સર જેવા ગંભીર રોગો પ્રત્યે જાગૃતિ લાવવાનો પણ રહ્યો છે, જેના માટે નિષ્ણાત તબીબો દ્વારા ખાસ સેમિનારો યોજાયા હતા. પોતાની ફરજ દરમિયાન વ્યસ્ત રહેતી મહિલા પોલીસ શક્તિના સ્વાસ્થ્યની દરકાર લેતી ભરૂચ પોલીસની આ સંવેદનશીલ કામગીરીની સમગ્ર જિલ્લામાં પ્રશંસા થઈ રહી છે.



# ગાંધીનગર : જિલ્લામાં પાણી પુરવઠાની 384 યોજનાઓ સંપન્ન

### કલેક્ટરની અધ્યક્ષતામાં જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક,

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ અને જળ વ્યવસ્થાપનને મજબૂત બનાવવા માટે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. કલેક્ટર મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં જિલ્લાની વિવિધ ગ્રામ સમિતિઓ હેઠળની પાણીની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી અને નવા વિકાસલક્ષી કામોને લીલી ઝંડી આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી ગ્રામ સમિતિઓ હેઠળ કુલ 390 યોજનાઓ કાર્યરત કરવામાં આવી હતી. જેમાંથી 384 જેટલી યોજનાઓના કામો સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યા છે.જ્યારે બાકીની 6 યોજનાઓ હાલ અંતિમ તબક્કામાં એટલે કે પ્રગતિ હેઠળ છે. કલેક્ટરે આ કામોને સત્વરે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને



સૂચના આપી હતી.જ્યારે જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ દ્વારા જિલ્લાના ગામોમાં જરૂરી સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગામોની જરૂરિયાત મુજબ નવીન બોર, પંપીંગ મશીનરી, વીજળીકરણ અને એસેસરીઝના કામો ઓળખી કાઢવામાં આવ્યા હતા. ત્યારે સર્વેક્ષણ હેઠળના 30 ગામો પૈકી 5 ગામોમાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને 25 ગામોમાં હાલ મશીનરી ઈન્સ્ટોલેશન સહિતના કામો તેજ ગતિએ ચાલી રહ્યા છે. ખાસ કરીને માણસા તાલુકાના આજોલ ગામની પાણીની જરૂરિયાતને ધ્યાને રાખીને ત્યાં બે નવા બોર અને નવીન પંપીંગ મશીનરી માટે ખાસ મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે સંકલન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલ, અધિક નિવાસી કલેક્ટર નિશા શર્મા, આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ આયુષ જૈન, તેમજ પ્રાંત અધિકારી પાર્થ કોટડીયા અને મયંક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મામલતદાર અને વાસ્મો ના અધિકારીઓ સહિતના સંલગ્ન વિભાગના વડાઓએ હાજરી આપી ગ્રામીણ સ્તરે સ્વચ્છતા અને જળ સુવિધા વધારવા પર ભાર મૂક્યો હતો.

**અણધારી વિદાય** ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં

# ગાંધીનગર: કૂતરું કરડ્યાના 4 મહિના બાદ હડકવા ઉપડ્યો, નિવૃત IASની પુત્રીનું મોત

### એકવાર લક્ષણો શરૂ થઈ જાય, પછી હડકવાનો ઈલાજ શક્ય નથી

• ગાંધીનગર

ગાંધીનગરમાં રહેતા નિવૃત IAS અધિકારીના પરણિત પુત્રીનું કૂતરું કરડ્યા બાદ હડકવા ઉપડવાથી મોત થયું છે. મૃતક મહિલા ગાંધીનગરના જાણીતા શાળા પરિવાર સાથે જોડાયેલા હતા. શાળામાં જ ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડના 'બીગલ' બ્રીડના ડોગને રમાડી રહ્યા હતા તે દરિયામન તેણે બચકું ભર્યું હતું. ઘા સામાન્ય હોવાથી કોઈ સારવાર લેવામાં આવી ન હતી. જે બાદ ઘટનાના ચાર મહિના બાદ મહિલાને હડકવા ઉપડ્યો હતો. 15-17 દિવસની સારવાર બાદ મહિલાનું મોત થતાં શાળા અને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

આજથી ચાર મહિના પહેલાની વાત છે, જ્યારે શાળા સાથે જોડાયેલી મહિલા સિક્યુરિટી ગાર્ડના સ્ટાફ પાસે રહેલા 'બીગલ' બ્રીડના ડોગ પંપાળી રહી હતી. ત્યારે અચાનક જ તેને મહિલાને બચકું ભરી લીધું હતું.



પણ પાલતુ ડોગ હોવાથી ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. જે બાદ ગત 17 ઓક્ટોબર 2025ના રોજ 'બીગલ' બ્રીડના ડોગને પણ હડકવા ઉપડ્યો હતો અને તેનું પણ મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ શાળાના સંચાલકોએ પણ તમામ વાલીઓ અને સ્ટાફને મેસેજ કરી જાણ કરી હતી કે જો કોઈ વિદ્યાર્થી કે સ્ટાફનું કોઈ માણસ 'બીગલ' ડોગના સંપર્કમાં આવ્યું હોય તો તાત્કાલિક રસી મુકાવી દે, સ્કૂલ દ્વારા રેબીઝની રસી પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઘટનાને ઘણા દિવસો વીતી ગયા હોવાથી મહિલાએ આ વાતને પણ ટાળી હતી.

પરંતુ ગત ડિસેમ્બર મહિનામાં મહિલાની તબિયત અચાનક લથડી હતી. જેથી 31 ડિસેમ્બરના રોજ અમદાવાદના ભાટ નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટરે રેબીઝના લક્ષણો જણાતા જરૂરી રિપોર્ટની તજવીજ હાથ ધરી હતી. જેમાં મહિલાને હડકવા જેને હાઈડ્રોફોબિયા તરીકે પણ ઓળખવામાં આવે છે તેની પુષ્ટિ થઈ હતી. બાદમાં ડોકટરોએ સતત 19 દિવસ સુધી હડકવા વિરોધી સારવાર કરી હતી પણ અંતે 17 જાન્યુઆરીના રોજ મહિલાનું મોત થયું છે. જેના પિતાએ ગુજરાત સરકારમાં એડિશ્નલ ચીફ સેક્રેટરી તરીકે સેવા આપી હતી, તેઓ 2001માં નિવૃત થયા હતા.

હડકવાના કારણે ડૉક્ટરની સલાહ મુજબ મૃતદેહને સંપૂર્ણ રીતે પ્લાસ્ટિક બેગમાં કવર કરી દેવામાં આવ્યો હતો. બાદમાં ગાંધીનગર સેક્ટર-30 સ્મશાન ગૃહમાં ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આ ઘટના ચેતવતી છે હડકવા પ્રાણીના કરડવાથી લાળ દ્વારા ફેલાય છે. શ્વાન, ગાય, ઘોડા, બકરા, સસલા અને જંગલી પ્રાણીઓ જેવા કે શિયાળ, ચામાચીડિયા, કોયોટ્સ, શિયાળ અને હાયના જેવા ખેતરના પ્રાણીઓ હડકવાથી સંક્રમતિ હોય શકે છે જેથી તકેદારી રાખવી જરૂરી છે. એકવાર લક્ષણો શરૂ થઈ જાય, પછી હડકવાનો ઈલાજ થઈ શકતો નથી.

### 2.75 લાખના મુદ્દામાલ સાથે પોલીસે આબાદ ઝડપી પાડ્યો હતો

# માણસામાંથી વોટ્સએપ પર વરલી મટકાનો આંકડો લખાવતો સટોડિયો ઝડપાયો

**સટ્ટાનો ખેલ** ટાઈમ ઓપનથી કલ્યાણ એપ સુધીના સટ્ટા નેટવર્કનો પર્દાફાશ

• ગાંધીનગર

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે માણસા તાલુકાના પુંધરા ગામના તળાવ પાસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડીને વરલી મટકાના આંકડા પર જુગાર રમતા એક સટોડિયાને ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચે સટોડિયા પાસેથી આઈફોન, રોકડ રકમ અને ફોરવ્હીલ ગાડી મળી કુલ રૂપિયા 2.75 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ત્યારબાદ પોલીસે વધુ તપાસ કરતા ટાઈમ, કલ્યાણ, મિલન ઓપન એપ્લિકેશન થકી થયેલા લાખોનાં સટ્ટાના વ્યવહારો પણ બહાર આવ્યા છે. માણસા તાલુકાના પુંધરા ગામના તળાવ પાસે દરોડો પાડીને વરલી મટકાના આંકડાના વિજાપુર સુધી વિસ્તરેલા નેટવર્કનો લોકલ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીની સુચનાથી એલસીબી પીઆઈ દિવાનસિંહ વાળાની ટીમ પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓ રોકવા માણસા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે મહુડીથી લોદરા તરફ આવતા રોડ પર પુંધરા ગામના તળાવ પાસે એક સફેદ કલરની ગાડીમાં બેસીને એક ઈસમ મોબાઈલ ફોન દ્વારા વરલી મટકાનો જુગાર રમી રહ્યો છે. આ બાતમીના પોલીસે દરોડો પાડતા કિરણ શૈલેષભાઈ પટેલ (રહે. પુંધરા) નામનો સટોડિયો પોતાની હોન્ડા અમેજ ગાડીમાં બેસી મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતો ઝડપાયો હતો. બાદમાં પોલીસે તેના એપ્પલ આઈફોન-16 પ્રોમેક્સની તપાસ કરી તો તેના વોટ્સએપમાં 'હરેશ રાઠોડ' (હરેશ નટુભાઈ ઠાકોર, રહે. વિજાપુર) નામના બુકી સાથે વરલી મટકાના આં કડાઓની લેવડદેવડ જોવા મળી હતી. આરોપી ટાઈમ ઓપન, ટાઈમ બેન, મિલન ઓપન અને કલ્યાણ ઓપન જેવી ઓનલાઈન એપ્લિકેશન મારફતે લાખો રૂપિયાની હારજીતનો જુગાર રમતો હતો.આ એપ્લિકેશનો થકી સટોડિયા કિરણ પટેલે કુલ રૂપિયા 3,27,500 ના આંકડા લખાવ્યા હોવાની વિગતો પણ પોલીસને મળી આવી છે. આ મામલે માણસા પોલીસ મથકમાં કિરણ પટેલ અને આંકડા લેનાર હરેશ ઠાકોર વિરુદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



# ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024માં સુધારા સાથે મહિલા SHG અને શહેરી એકમોને મળશે મોટો લાભ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ઐતિહાસિક નિર્ણય

• ગાંધીનગર

ગુજરાતને વૈશ્વિક ટેક્સટાઈલ હબ બનાવવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નિર્ણય લીધો છે. 'ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024' માં મહત્વપૂર્ણ સુધારા કરીને રાજ્ય સરકારે હવે મહિલા સ્વ-સહાય જૂથો (SHG) અને શહેરી વિસ્તારોમાં કાર્યરત નોન-પોલ્યુટીંગ ટેક્સટાઈલ એકમો માટે સહાયના દ્વાર ખોલી દીધા છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ અને શહેરી મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઉભી કરવાનો છે.મુખ્યમંત્રીના આ દિશા-નિર્દેશ મુજબ, હવે નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન (NRLM) અને નેશનલ અર્બન લાઈવલી હુડ મિશન (NULM) હેઠળ નોંધાયેલા તમામ મહિલા સ્વ-સહાય જૂથો આ પોલિસી હેઠળ મળવાપાત્ર લાભો મેળવી શકશે. આ પગલાથી છેવાડાની મહિલાઓ પણ ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનનો ભાગ બની શકશે. આ ઉપરાંત, એક અન્ય ક્રાંતિકારી નિર્ણયમાં



મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતા ગારમેન્ટ, એપેરલ, એમ્બ્રોઈડરી અને સ્ટીચિંગ જેવા એકમો કે જે GPCB ની 'વ્હાઈટ' અથવા 'ગ્રીન' કેટેગરીમાં આવે છે, તેમને પણ પોલિસી હેઠળ આવરી લેવાયા છે. અત્યાર સુધી મ્યુનિસિપલ હદમાં આવા એકમો માટે નીતિવિષયક મર્યાદાઓ નડતી હતી, જે હવે દૂર થઈ છે.ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ સુધારાઓથી MSME સેક્ટરને મોટું પ્રોત્સાહન મળશે. શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ વધતા ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ગુજરાતની સ્પર્ધાત્મકતા વધશે. ખાસ કરીને ગારમેન્ટિંગ જેવી લેબર-ઈન્ટેન્સિવ પ્રવૃત્તિઓ શહેરોમાં વધવાથી મહિલાઓને ઘરની નજીક જ રોજગારી મળશે, જેનાથી તેમની સામાજિક-આર્થિક સ્થિરતા મજબૂત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત 2047' ના વિઝનને સાકાર કરવા માટે ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ હવે નવી ઊંચાઈઓ સર કરવા સજ્જ બન્યો છે.

# SMC એ ટી-સ્ટોલ પર ડ્રગ્સ વેચવા આવેલા પેડલરને મેફેડ્રોન સાથે ઝડપી પાડ્યો

### અમદાવાદના સિંધુભવન રોડ પરથી પોલીસે બાતમીના આધારે ઝડપી પાડતા પેડલરોમાં ફફડાટ વ્યાપ્યો હતો

• અમદાવાદ

શહેરના પોશ ગણાતા સિંધુભવન રોડ પર નશાના કારોબારને ડામવા સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ સફળ ઓપરેશન પાર પાડ્યું છે. નંદીગ્રામ ક્રોસ રોડ પાસે આવેલા એચ.કે. ટી-સ્ટોલ પર માદક પદાર્થનું વેચાણ કરવા આવેલા આકીબ મોહમદ ઈદરીશ કુરેશી (રહે. સરસપુર, અમદાવાદ) નામના પેડલરને પોલીસે ૭ ગ્રામ ૪૦૦ મિલિગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. SMCની ટીમે ડ્રગ્સ, મોબાઈલ અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ ૧,૦૨,૮૫૦/-નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ NDPS એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો છે.

વિશ્વાસુ બાતમીદાર પાસેથી મળેલી સચોટ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી આ સફળ કામગીરી કરી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલ આરોપી મૂળ રાજસ્થાનનો છે અને તે અહીં છૂટક વેચાણ માટે આવ્યો હતો.



હાલમાં આ ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સૂત્રધારને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ તેજ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સિંધુભવન વિસ્તારમાં આવેલા કેફે, પાન પાર્લર અને ટી-સ્ટોલ જેવી જગ્યાઓ જ્યાં ડ્રગ્સ પેડલરોની વધુ અવરજવર હોય છે, ત્યાં હવે SMC દ્વારા સતત સર્વેલન્સ અને કડક તપાસ હાથ ધરવામાં આવશે

# ભારત સૌથી મોટું માર્કેટ, લોકો અવિચારી રીતે એઆઈનો બેફામ ઉપયોગ કરે છે :

• અમદાવાદ

જાણકારો માને છે કે, ગુગલ દ્વારા પ્રારંભિક ધોરણે પગલાં લેવામાં આવ્યા છે. ગુગલે એઆઈ ઓવરવ્યૂમાંથી મેડિકલ અને હેલ્થ સમરી દૂર કરવામાં આવી રહી છે. તે ઉપરાંત સામાન્ય લોકો દ્વારા અપાતા પ્રોમ્પ્ટના આધારે જે રિઝલ્ટ મળે તેને પણ દૂર કરવામાં આવી રહ્યા છે. કંપની દ્વારા એઆઈ પોલિસીમાં પણ ફેરફાર કરાઈ રહ્યો હોવાની ચર્ચા છે. આ બધા વચ્ચે ચિંતાજનક બાબત એ છે કે, ગુગલની પોતાની તપાસમાં સામે આવ્યું છે કે, ઘણા કિસ્સામાં અયોગ્ય માહિતી આપવામાં આવી છે અને તેની સાથે મેડિકલ વેબસાઈટના પણ રેફરન્સ આપવામાં આવ્યા હતા. આ તમામ ભુલો સુધારવાનું કામ થઈ રહ્યું છે. ખાસ વાત એ છે કે, માત્ર ગુગલ નહીં પણ અન્ય એઆઈ માધ્યમો દ્વારા પણ આવી જ ભુલભરેલી માહિતી અપાતી હોવાનો લોકોએ દાવો કર્યો છે. ભારતીયો સૌથી વધારે આ માધ્યમોનો ઉપયોગ કરે છે. એઆઈ માટે ભારત સૌથી મોટું માર્કેટ છે અને જાણકારોના મતે લોકો તેનો સૌથી વધારે અને બેફામ તથા અવિચારી ઉપયોગ કરતા હોય છે. હાલમાં ભારતમાં ૭૩ કરોડ કરતા વધારે લોકો પાસે સ્માર્ટફોન છે. લોકો સરેરાશ દર મહિને ૨૧ જીબી ડેટાનો વપરાશ કરતા હોય છે. તેની સામે સૌથી ઓછી કિંમત ચુકવે છે. તાજેતરમાં કેટલીક મોબાઈલ સેવા કંપનીઓ દ્વારા અને એઆઈ પ્લેટફોર્મ દ્વારા ફ્રી યુસેજની ઓફર આપવામાં આવી છે જેના કારણે લોકો તેનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે. ભારતમાં ઘણી કંપનીઓ દ્વારા ફ્રી પેકેજ આપવામાં આવતા હોવાથી લોકો જીવન સાથે જોડાયેલી તમામ બાબતો વિશે એઆઈ સાથે વાતચીત કરે છે અને સલાહ લેતા હોય છે.

### 62.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

# નવસારી હાઈવે પરથી SMC એ નકલી બિલોના આધારે થતી દારૂની હેરાફેરી

• નવસારી

મુંબઈ-સુરત નેશનલ હાઈવે પર દારૂની હેરાફેરી કરતા બુટલેગરોના મનસૂબા પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે પાણી ફેરવી દીધું છે. નવસારીના ઉના ગામના બ્રિજ પાસે, સંગમ સોલર પ્લાન્ટ નજીક SMC ના પી.આઈ. એમ.એસ. ત્રિવેદી અને તેમની ટીમે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને વિદેશી દારૂની કુલ 14,016 બોટલો ભરેલો તોતિંગ ટ્રક ઝડપી પાડ્યો છે. આ દરોડામાં પોલીસે 37.62 લાખની કિંમતનો દારૂ અને 25 લાખનો ટ્રક મળી કુલ 62,69,480 નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે બુટલેગરોએ પોલીસને છેતરવા માટે નકલી બિલ અને ખોટા ઈ-બિલ પેપરનો સહારો લીધો હતો. આ મામલે પોલીસે સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા અખિલેશ સિંહ ઉર્ફે દીપક સિંહ રમેશ સિંહને ઘટનાસ્થળેથી દબોચી લીધો છે, જ્યારે આ કાળા કારોબારનો મુખ્ય સૂત્રધાર ગણાતો પલસાણાનો વિનોદ પંડિત હાલ પોલીસ પકડથી દૂર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. નવસારી ગ્રામ્ય પોલીસે પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.



# અમદાવાદના છારાનગરમાંથી 20 કિલો ગાંજા સાથે મહિલા ઝડપાઈ

## ઓઢવ કારખાનામાં જુગાર રમતા બે વેપારી સહિત ચાર પકડાયા

• અમદાવાદ



અમદાવાદ શહેરના સરદારનગર વિસ્તારમાં આવેલા છારાનગરમાંથી ક્રાઈમ બ્રાન્ચે એક મહિલા પાસેથી 20 કિલો ગાંજો ઝડપી પાડ્યો છે. ગાંજો વેચનારી મહિલા નો ભાઈ રેલ્વે સ્ટેશન ખાતે ગાંજાના કેસમાં ઝડપાઈ જતા તેના ઘરેથી ગાંજો લાવી અને પોતાની પાસે મૂકી રાખ્યો હતો જે જથ્થો ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. ઓઢવ વિસ્તારમાં કારખાનામાં જુગાર રમનારા બે વેપારીઓ સહિત ચાર લોકોની પણ ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે શહેરના સરદાર નગર વિસ્તારમાં આવેલા છારાનગરમાં મસાણી મેલડી માતાના મંદિર પાસે રાજધાની ગલીમાં ગીતાબેન મીણેકર નામની મહિલાએ તેના ઘરમાં ગાંજાનો જથ્થો છુપાવીને રાખ્યો છે જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહિલાના દરોડો પાડ્યો હતો. જેમાં ટેપ વિટાળેલા બે પાર્સલ મળી આવ્યા હતા. જેથી એફએસએલને સાથે રાખીને તપાસ કરતા ગાંજાનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. બે પાર્સલમાં અંદાજે 20 કિલો જેટલો ગાંજાનો જથ્થો હોવાને લઈને ક્રાઈમ બ્રાન્ચે મહિલાની ધરપકડ કરી હતી. મહિલાની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, છારાનગરમાં જ રહેતો તેનો ભાઈ ગણેશ ઈન્દ્રેકર અને પોતે સાથે મળીને ગાંજો વેચે છે. તેના ભાઈની કાલુપુર રેલવે સ્ટેશન ખાતે ગાંજા સાથે પોલીસે ધરપકડ કરી હતી. જેથી તેની દીકરીને મોકલીને તેના ભાઈના ઘરેથી આ ગાંજાનો જથ્થો લાવી ઘરમાં મૂકી રાખ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે 20 કિલો ગાંજો જપ્ત કરી મહિલાની ધરપકડ કરી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. ઓઢવ વિસ્તારમાં આવેલા શુભ એસ્ટેટમાં આવેલા ગિરનાર એન્ટરપ્રાઈઝ નામના કારખાનાની ઓફિસમાં કેટલાક લોકો જુગાર રમતા હોવા અંગેની બાતમી ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળી હતી જેના પગલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઓફિસમાં દરોડો પાડયો હતો. પોલીસે ઓફિસમાં જુગાર રમતા ભાવેશ પટેલ, ઉદય રાજ્યગુરુ અને નિલેશ યાદવ નામના શખ્સને ઝડપ્યા હતા. અશ્વિન પંડિત નામનો વ્યક્તિ કારખાનાની ઓફિસમાં બહારથી તેઓને બોલાવી અને જુગાર રમાડતો હતો પોલીસે ચારેય લોકોની 16 હજાર જેટલા મુદ્દા માલ સાથે ધરપકડ કરી હતી.

ગૌરવ

આસુરી શક્તિઓને ગામમાં પ્રવેશમાંથી મુક્ત રાખવા એ પણ એક હેતુ પ્રવેશદ્વાર માટે હંમેશા રહ્યો હશે

# ડભોઈ તાલુકાના મંડાળા ગામમાં માતા-પિતાની પાવન સ્મૃતિને સમર્પિત એક સ્મરણિય અને ગૌરવસભર પ્રસંગ

## “મધુહંશ દ્વાર”નું ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ તાલુકાના મંડાળા ગામમાં માતા-પિતાની પાવન સ્મૃતિને સમર્પિત એક સ્મરણિય અને ગૌરવસભર પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડાળા ગામના વતની અને હાલ યુ.એસ.એ. સ્થિત રાજેન્દ્રભાઈ મધુસુદનભાઈ પટેલ તથા અ.સૌ. ગીતાબેન રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા પોતાના માતા-પિતાની સ્મૃતિમાં ગામના પ્રવેશદ્વાર તરીકે નિર્મિત “મધુહંશ દ્વાર”નું ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ લોકાર્પણ કાર્યક્રમ પટેલ સમાજ સંગઠન ટીમના આયોજન હેઠળ યોજાયો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે માજી ધારાસભ્ય સિદ્ધાર્થભાઈ પટેલ અને રમણભાઈ પટેલના વરદ હસ્તે મધુહંશ દ્વારનું લોકાર્પણ તથા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોશનભાઈ મહેતા, રાજુભાઈ ચૌહાણ, દિલીપભાઈ નાગણભાઈ પટેલ, અમરસિંહભાઈ પટેલ, સમીરભાઈ છીબુલાલ ભટ્ટ, સુધાકરભાઈ પટેલ, વિનુભાઈ નથુભાઈ પટેલ તેમજ વડોદરા જિલ્લા કેળવણી પ્રમુખ ડભોઈ શશીકાંતભાઈ પટેલ સહિતના અનેક મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન માજી ધારાસભ્ય સિદ્ધાર્થભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે પ્રવેશ દ્વાર એ માત્ર માળખું નથી પરંતુ તે ગામની એકતા, શક્તિ અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. દાતાએ દાન આપ્યું હોવા છતાં જો ગામની એકતા અને સહકાર ન હોય તો કોઈ પણ સારો કાર્ય સફળ થતો નથી. તેમણે દાતાશ્રીના પરિવાર સાથે સાથે આ પ્રવેશ દ્વારના નિર્માણમાં જોડાયેલા તમામ વડીલો અને યુવાનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રવેશદ્વાર સામે વાઘેશ્વરી માતાનું મંદિર અને સરદાર પટેલની પ્રતિમા આધ્યાત્મિકતા અને લોખંડી શક્તિનું સુંદર પ્રતીક બની છે. પૌરાણિક કાળથી પ્રવેશ દ્વારો ગામને નકારાત્મક શક્તિઓથી રક્ષણ આપતા આવ્યા છે અને મંડાળા ગામનું મધુહંશ દ્વાર પણ ગામમાં શાંતિ, સુખ અને સૌહાર્દની ભાવના જળવાય તે માટે સકારાત્મક શક્તિનું પ્રતીક બનશે. આ શુભ પ્રસંગે પટેલ સમાજના સર્વે સભ્યો, ગામના નાગરિકો તથા આસપાસના વિસ્તારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ હતી. સિદ્ધાર્થ પટેલે જણાવ્યું કેપ્રવેશ દ્વાર એ ગામની એકતા અને શક્તિને હમેશા પ્રતિબિંબ કરે છે દાતાએ દાન આપ્યું પણ જો ગામની એકતા ન હોય અને ગામનું સમર્થન ન હોય તો કોઈ સારું કામ પૂર્ણ થઈ શકે નહીં અને એટલા માટે આજે દાતાશ્રીના પરિવારની સાથે સાથે સૌ કોઈ ગામના વડીલો યુવાનો જે આ દ્વારના નિર્માણમાં જોડાયેલા છે એ સૌને આજે હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું પ્રવેશ દ્વારમાં સામે આવો એટલે વાઘેશ્વરી માતાનું મંદિર અને સરદાર સાહેબનું સ્ટેચ્યુ આનાથી વધુ સારો જોગાનું જોગ હોઈ શકે નહીં એક બાજુ આધ્યાત્મિકતા અને બીજી બાજુ એક જબરજસ્ત શક્તિ એ લોખંડી તાકાત બંનેનું આ પ્રતીક કર્યું છે કે પૌરાણિક કાળમાં જ્યારે પ્રવેશ દ્વાર બનાવવામાં આવતા ત્યારે એનો મુખ્ય હેતુ માત્ર ગૌરવ વધારવું માત્ર શક્તિનું પ્રદર્શન કરવું માત્ર એકતાના દર્શન કરાવવું એટલું નહીં પણ નકારાત્મક શક્તિઓ અને આસુરી શક્તિઓને ગામમાં પ્રવેશમાંથી મુક્ત રાખવા એ પણ એક હેતુ પ્રવેશદ્વાર માટે હંમેશા રહ્યો હશે અને મંડાળા નું આ પ્રવેશ દ્વાર આવા તમામ પરિબળોને મંડાળા ગામથી મુક્ત રાખે ગામમાં શાંતિ પ્રવર્તે ગામમાં સુખ અને સૌજન્યથી સમગ્ર કામગીરી થાય એ પ્રકારનું એક પોઝિટિવ વાતાવરણ આ ગામમાં ઊભું થાય એ શુભેચ્છાઓ સાથે આપ સૌને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું ખૂબ વિશાળ સંખ્યામાં આપ ઉપસ્થિત રહ્યાં છો ત્તયારે મને યાદ આવે છે 1998 માં પહેલીવાર હું મંડાળા આવ્યો અને મંડાળા આવ્યો ત્યારે જે બે ત્રણ પરિવારો સાથેનો નજીકનો સંબંધ હતો એમાં ડોક્ટર મધુસુદનભાઈ પટેલ નો પરિવાર એ અગ્રસ્થાને હતો આજે એમની સ્મૃતિમાં જ્યારે આ પ્રવેશદ્વાર બની રહ્યું છે ત્યારે હૃદયપૂર્વક ખૂબ વિશેષ આનંદ થાય છે એમણે જે એમની સેવા નું સમર્પણ જે સમગ્ર ગામ માટે અને સમાજ માટે કર્યું છે એને આજે આપણે બિરદાવી રહ્યા છે એનો પણ ખૂબ આનંદ છે આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું

## છેલ્લા ઘણા સમયથી રસ્તાની હાલત અત્યંત બિસ્માર

# ડભોઈ ઠાલનગર વસાહતનો 3 કિમીનો રસ્તો બન્યો મરણતોલ તંત્રની ઘોર બેદરકારીથી ગ્રામજનોમાં રોષ

બેજવાબદાર તંત્ર

જો વહેલી તકે આ રસ્તાનું નવેસરથી નિર્માણ કે મજબૂત રિપેરિંગ કરવામાં નહી આવે તો આંદોલન



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ઠાલનગર વસાહત વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રસ્તાની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. માત્ર 3 કિલોમીટરનો આ રસ્તો સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો નરકાગાર જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. મુખ્ય સમસ્યાઓ અને જનતાની હાલાકી: ખાડાઓનું સામ્રાજ્ય: રસ્તા પરથી ડામર ગાયબ થઈ ગયો છે અને માત્ર મોટી મોટી કપચીઓ જ બાકી રહી છે. આ કપચીઓને કારણે વાહનોમાં પંચર પડવાની ઘટનાઓ રોજિંદી બની ગઈ છે સમયનો વેડફાટ: જે અંતર કાપતા માત્ર 5 મિનિટ થવી જોઈએ, ત્યાં અત્યારે અડધો કલાક જેટલો સમય લાગે છે. રસ્તો એટલો ખરાબ છે કે વાહન ચલાવવું જોખમી બની ગયું છે કટોકટીમાં મુશ્કેલી: રસ્તાની દયનીય હાલતને કારણે 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ કે એસ.ટી. બસ જેવી પાયાની સુવિધાઓ પણ ગામ સુધી પહોંચી શકતી નથી . બીમારીના સમયે દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવા લોઢાના ચણા ચાવવા જેવું કામ છે શિક્ષણ પર અસર: શાળાએ જતા બાળકોને ભારે હાલાકી વેઠવી પડે છે. સરકારી પરિવહન ન મળતા વાલીઓને ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરાવી બાળકોને નિશાળે મોકલવા પડે છે તંત્રની લાલિયાવાળી ક્યાં સુધી ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ બાબતે તંત્રને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ તંત્ર દ્વારા રસ્તા પર પેચવર્ક (ખાડા પૂરવા) કરવાની પણ તસ્દી લેવામાં આવતી નથી. અડધો રસ્તો તો સાવ નાબૂદ થઈ ગયો છે ગ્રામજનોની માંગ ઠાલનગર વસાહતના રહીશો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે જો વહેલી તકે આ રસ્તાનું નવેસરથી નિર્માણ કે મજબૂત રિપેરિંગ કરવામાં નહીં આવે તો આંદોલનની આ વિસ્તારના ખેડૂતો અને નગરજનો તૈયારી કરી રહ્યાંનું જાણવા મળ્યું છે.

# શિક્ષાપત્રીના 200 વર્ષ પૂર્ણ થતાં કાલપુર ગાદી ઊજવશે સમૈયૌ, 200 વિઘામાં હેરિટેજ થીમનું નગર

## અમદાવાદ હેરિટેજ સિટી અને કાલુપુર મંદિરની થીમનું પ્રવેશ દ્વાર બન્યું

• ગાંધીનગર



વિશ્વના પહેલા સ્વામિનારાયણ મંદિર, કાલુપુર ગાદી દ્વારા ભગવાન સ્વામિનારાયણ લખાયેલી શિક્ષાપત્રીના 200 વર્ષ પૂરા થતા સમૈયા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ આગામી 23મીથી 27મી જાન્યુઆરી 2026 દરમિયાન અડાલજ સ્થિત ત્રિમંદિરની બાજુમાં આવેલા ગ્રાઉન્ડમાં યોજાશે. અંદાજે 200 વિઘા વિસ્તારમાં તૈયાર કરવામાં આવી રહેલા આ નગરીમાં દેશ-વિદેશમાંથી 15 લાખથી વધુ હરિભક્તો ઉમટી પડશે. મહત્ત્વનું છે કે, આ મહોત્સવમાં સ્વામિનારાયણ ભગવાન દ્વારા લખાયેલી ઓરિજિનલ શિક્ષાપત્રી ભકતોના દર્શન માટે મૂકવામાં આવશે. આ ઉપરાંત પ્રદર્શન, બાળ નગરી અને AI બેઝથી શિક્ષાપત્રી એક્ઝિબિશન સેન્ટર મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે.

આ સમગ્ર મહોત્સવને અમદાવાદની હેરિટેજ સિટી અને કાલુપુર મંદિરની થીમ પર તૈયાર કરવામાં આવ્યો છે. મહોત્સવનો મુખ્ય પ્રવેશદ્વાર 126 ફૂટ લાંબો અને 35 ફૂટ ઊંચો છે, જે અમદાવાદના ઐતિહાસિક 'ત્રણ દરવાજા' અને કાલુપુર મંદિરના સ્થાપત્ય રજૂ કરે છે. અહીં કેમ્પસમાં ખાણી-પીણી માટે તૈયાર કરવામાં આવેલું ફૂડ કોર્ટ પણ અમદાવાદના જાણીતા માણેકચોકની શૈલીમાં બનાવવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં યુવાઓને આકર્ષવા માટે AI અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ત્રણ વિશાળ જર્મન હેંગર ડોમમાં ભગવાન સ્વામિનારાયણના જન્મસ્થળ છપૈયાથી લોજ સુધીની યાત્રા, તેમનું વનવિચરણ અને શિક્ષાપત્રીના લેખન વિશેની ડોક્યુમેન્ટરી દર્શાવવામાં આવશે. જેમાં 12 જેટલા પ્રોજેક્ટર્સ દ્વારા હાઈ-ટેક ડિસ્પ્લે સાથે સ્વામિનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ રજૂ કરાશે.

ધાર્મિક પરંપરાઓને જાળવી રાખવા માટે મહોત્સવમાં એક વિશાળ યજ્ઞશાળા બનાવવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ યજ્ઞશાળા

# ઉમરગામમાં 16 વર્ષીય સગીરાને પાડોશી યુવાને ગર્ભવતી બનાવી

**વલસાડ :** દક્ષિણ ગુજરાતના વલસાડના ઉમરગામ વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે. જેમાં એક 18 વર્ષીય પાડોશી યુવાને 16 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી સાત મહિના સુધી દુષ્કર્મ આચર્યું હતું. આ અત્યાચારને કારણે સગીરા ગર્ભવતી બની હતી. સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે સગીરાની તબિયત લથડતા તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ઉમરગામમાં રહેતા એક શ્રમિક પરિવારની 16 વર્ષીય દીકરીની તબિયત અચાનક બગડતા માતા-પિતા તેને હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં તબીબી તપાસ દરમિયાન ડૉક્ટરે જણાવ્યું કે, સગીરા ગર્ભવતી છે. આ સાંભળી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવાર દ્વારા પૂછપરછ કરવામાં આવતા સગીરાએ રડતા રડતા પોતાની આપવીતી જણાવી હતી. તેણે કબૂલાત કરી હતી કે પાડોશમાં રહેતા રોહિત સંતોષ યાદવે તેને લગ્નની લાલચ આપી પ્રેમસંબંધ બાંધ્યો હતો અને છેલ્લા સાત મહિનાથી તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક શોષણ કરતો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ તાત્કાલિક ઉમરગામ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે પીડિતાની ફરિયાદના આધારે આરોપી રોહિત યાદવ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની દુષ્કર્મ સંબંધિત કલમો અને POCSO (પૉક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

## દુકાનમાં મચાવી તોડફોડ, વેપારીને મોટું નુકસાન

# સલાયામાં બે આખલા લડતા-લડતા ફરસાણની દુકાનમાં ઘુસી ગયા

### વેપારીના જીવ અદ્ધર થયા, વીડિયો વાઈરલ

• સલાયા

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા ગામમાં રખડતા ઢોરનો ત્રાસ હવે વેપારીઓ માટે મોટું નુકસાન નોતરી રહ્યો છે. સલાયાના મુખ્ય બજારમાં બે આખલાઓ વચ્ચે થયેલી લડાઈનો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક આખલો લડતા-લડતા સીધો જ ફરસાણની દુકાનમાં ઘુસી જતાં ભારે દોડધામ મચી ગઈ હતી.

સલાયા ગામના મુખ્ય બજારમાં જ્યારે ગ્રાહકોની અવરજવર હતી ત્યારે અચાનક બે બેફામ આખલાઓ સામસામે આવી ગયા હતા. બંને વચ્ચે એવું યુદ્ધ જામ્યું કે બજારમાં અફરાતફરી મચી ગઈ. આ લડાઈ દરમિયાન એક આખલો વેગ સાથે બાજુની ફરસાણની દુકાનમાં ઘુસી ગયો હતો.

દુકાનમાં ઘુસેલા આખલાએ ત્યાં રાખેલો ફરસાણનો ઘાણવો, કાચના કાઉન્ટર અને અન્ય સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. સદનસીબે દુકાનદાર અને ગ્રાહકો સમયસૂચકતા વાપરી ખસી જતાં જાનહાની ટળી હતી, પરંતુ વેપારીને હજારો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. વીડિયોમાં જોઈ શકાય છે કે આખલાના ઘુસવાથી દુકાનદાર પણ એક ક્ષણ માટે ગભરાઈ જાય છે. હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે અને તંત્ર સામે લોકોનો રોષ જોવા મળી રહ્યો છે.

# પાનમ સિંચાઈ વિભાગના અધિકારીની 33 લાખની ’કાળી કમાણી ’નો પર્દાફાશ

• ગોધરા

ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓ સામે એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. પંચમહાલ જિલ્લામાં એસીબીએ એક મોટી કાર્યવાહી કરતા પાનમ સિંચાઈ પેટા વિભાગના તત્કાલીન નાયબ કાર્યપાલક ઈજનેર સામે ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કર્યો છે. લાખો રૂપિયાની કાળી કમાણીનો ખુલાસો થતા સરકારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીની તપાસમાં બહાર આવ્યું છે કે, પાનમ સિંચાઈ પેટા વિભાગના અધિકારી સ્નેહલકુમાર શાહ પાસે તેમની કાયદેસરની આવક કરતા અનેકગણી વધુ સંપત્તિ છે. વર્ષ 2004 થી 2015 ના સમયગાળા દરમિયાન તેમણે ભ્રષ્ટાચાર દ્વારા મિલકતો વસાવી હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે. સૂત્રો મુજબ સ્નેહલકુમાર શાહ જ્યારે ફરજ પર હતા ત્યારે તેમણે સત્તાનો દુરુપયોગ કરી મિલકતો ભેગી કરી હતી. તપાસ દરમિયાન તેમના બેંક ખાતા, રોકાણો અને સ્થાવર-જંગમ મિલકતોની ચકાસણી કરવામાં આવી હતી. આ લાંબી તપાસના અંતે પંચમહાલ એસીબી પોલીસ સ્ટેશનમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## પીકઅપ વાને ટક્કર બાદ બાળકીને કચડી

# દોડીને રસ્તો ક્રોસ કરતી બાળકી મીની ટેમ્પોની અડફેટે આવી

### હૃદયદ્રાવક અકસ્માતના દ્રશ્યો CCTVમાં કેદ

• પાટણ

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ડીંડરોલ ગામે મામવાડા રોડ પર કાળજું કંપાવે તેવો અકસ્માત થયો છે. પૂરપાટ ઝડપે આવતી પીકઅપ વાને બેધ્યાનમાં રસ્તો ઓળંગતી નાની બાળકીને ટક્કર મારી છે. જેમાં બાળકીને ગંભીર ઈજાઓ થતાં તેને મહેસાણાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવી છે.

ડીંડરોલ ગામમાં રહેણાક વિસ્તારમાંથી એક મુખ્ય માર્ગ પસાર થયા છે, જ્યાં ગત શનિવારે આ ઘટના ઘટી હતી. સમગ્ર બનાવ રોડની બાજુમાં આવેલા મકાનના CCTVમાં કેદ થયો છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે બે નાની બાળકીઓ રસ્તાની એક તરફ ઊભી હતી, જેમાંથી એક બાળકી રોડની બંને તરફ એક વખત જુએ છે કે કોઈ સાધન આવતું નથી ને?, તે બાદ તે ઝડપભેર રસ્તો ઓળંગવા જાય છે. જેમાં પૂરપાટ ઝડપથી આવતી પીકઅપ વાન બાળકીને અડફેટે લે છે. જે બાદ નીચે ઘસડાઈને પડેલી બાળકી પર પીકવાન/જીપ/ડાલું ચઢી જતાં તે કચડાઈ જાય છે!, અકસ્માત બાદ રોડની બીજી તરફ ઊભેલી બાળકી બૂમાબૂમ કરી મૂકે છે, જેથી ઘણા બાળકો અને સ્થાનિક લોકો ભેગા થઈ જાય છે. પરિવારને પણ ઘટનાની જાણ કરવામાં આવતા તે બાળકી તરફ દોટ મૂકે છે.

બાળકીને ગંભીર હાલતમાં જોતાં તેને તાત્કાલિક સ્થાનિક સ્તરે પ્રાથમિક સારવાર આપવામાં આવે છે જે બાદ તેને મહેસાણાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે, જ્યાં તેની સ્થિતિ અતિ ગંભીર છે, હાલ ગ્રામજનો અને પંથકના લોકો બાળકી વહેલી તંદુરસ્ત થાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. બીજી તરફ માર્ગો પર વાહનોની અનિયંત્રિત ગતિ અને બાળકોની સુરક્ષા અંગે સ્થાનિકોએ રોષ પણ ઠાલવ્યો છે.

## ન્યૂઝ ઇન ફોકસ

### અંકલેશ્વરમાં 'મોતનો લપસણો માર્ગ' અનેક પડ્યા

**અંકલેશ્વર :** અંકલેશ્વરના ગડખોલ સ્થિત ઐયપ્પા મંદિર પાસે તંત્રની બેદરકારીના કારણે લોહી થીજવી દે તેવા દ્રશ્યો સર્જાયા હતા. ઉકાઈ નહેરના કામ દરમિયાન પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈન ફાટતા ધોધમાર પાણી રસ્તા પર વહેવા લાગ્યું હતું. ખોદકામ કરેલી માટી આ પાણીમાં ભળતા ૧૦૦ મીટરનો હાઈવે જાણે 'ડેન્જર ઝોન' બની ગયો હોય તેમ કીચડમાં ફેરવાઈ ગયો હતો. આ લપસણા રસ્તા પરથી પસાર થતા બાઈક અને રીક્ષા ચાલકો પત્તાના મહેલની જેમ ધરાશાયી થવા લાગ્યા હતા.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તંત્રની ઘોર બેદરકારીને કારણે માત્ર દોઢ કલાકમાં જ ૨૫ થી વધુ વાહનો અહીં સ્લીપ થયા હતા. રસ્તા પર કીચડના સામ્રાજ્ય વચ્ચે વાહનચાલકોની ચીસો અને દોડધામથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. કેનાલની માટી સમયસર ન ખસેડવાને કારણે સર્જાયેલી આ માનવસર્જિત આફત સામે લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ સવાલ ઉઠાવ્યો છે કે, શું કોઈ મોટી દુર્ઘટના બાદ જ તંત્ર જાગશે? હાલ તો આ માર્ગ પરથી પસાર થવું જોખમનો ખેલ બની ગયો છે.

### શિક્ષણ કે ચૂંટણીલક્ષી કામગીરી? BLOની ડબલ ડ્યુટીમાં ભીંસાતા શિક્ષકોની આરપારની લડાઈ

**અંકલેશ્વર/ભરૂચ :** શું એક જ સમયે એક વ્યક્તિ બે વિરોધાભાસી જવાબદારીઓ પૂર્ણ કરી શકે? ભરૂચ જિલ્લામાં હાલ ચાલી રહેલા મતદારયાદી સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત બુથ લેવલ ઓફિસર (BLO) તરીકે ફરજ બજાવતા શિક્ષકોની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ છે. આ ગંભીર મુદ્દે 'રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ' દ્વારા અંકલેશ્વર SDM ને એક ચોટદાર રજૂઆત કરવામાં આવી છે, જેમાં BLO ને શૈક્ષણિક કામગીરીમાંથી સંપૂર્ણ મુક્તિ આપી ઓન-ડ્યુટી સમય વધારવાની માંગ કરવામાં આવી છે. મહાસંઘે પોતાની રજૂઆતમાં સવાલ ઉઠાવ્યો છે કે, જ્યારે ચૂંટણી પંચની આ કામગીરી અત્યંત અગત્યની અને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોય, ત્યારે શિક્ષકો પર શૈક્ષણિક કાર્યનો બોજ રાખવો કેટલો વ્યાજબી? હાલમાં SIR કાર્યક્રમનો બીજો તબક્કો પૂરજોશમાં ચાલી રહ્યો છે, ત્યારે BLO ને માત્ર આ જ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવા દેવા જોઈએ. જે શિક્ષકોને અન્ય વહીવટી ચાર્જ સોંપાયેલા છે, તેમને પણ તેમાંથી મુક્ત કરી આંતરિક વ્યવસ્થા ગોઠવવા પ્રબળ માંગ કરાઈ છે. જો તંત્ર દ્વારા સત્વરે BLO ને શૈક્ષણિક કાર્યમાંથી 'ફુલ ટાઈમ' મુક્તિ નહીં અપાય, તો મતદારયાદીની ચોકસાઈ અને વિદ્યાર્થીઓના શિક્ષણ બંને પર માઠી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે.

### ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતર્યા અને સાયરનો ગુંજી ઉઠી!

**અંકલેશ્વર :** અંકલેશ્વર રેલવે યાર્ડમાં ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી પડ્યા હોવાના દ્રશ્યો સર્જાતા રેલવે તંત્ર અને સ્થાનિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જોકે, થોડી જ ક્ષણોમાં રેલવે વિભાગ દ્વારા આ એક પૂર્વનિર્ધારિત 'મોકડ્રિલ' હોવાનું જાહેર કરવામાં આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. આ કવાયતનો મુખ્ય હેતુ આકસ્મિક રેલ દુર્ઘટના સમયે બચાવ કામગીરી અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલનની સજ્જતા ચકાસવાનો હતો. આ મોકડ્રિલ દરમિયાન રેલવેના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ અકસ્માત જેવી સ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમાં રેલવે સુરક્ષા દળ, ટેકનિકલ ટીમ સહિત અંકલેશ્વર અને પાનોલીના ફાયર ફાઈટરોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રેક્ટિસમાં ટ્રેન પાટા પરથી ઉતરે ત્યારે ઈજાગ્રસ્તોને બચાવવા, આગ બુઝાવવી અને ટૂંકા સમયમાં રેલ વ્યવહાર પુનઃસ્થાપિત કરવાની કામગીરીનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું.

• દાહોદ ખાતે યુનિટી ફાઉન્ડેશન ઝુઝર ઈલેક્ટ્રોનિક્સ દ્વારા

# બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

## તમામ રક્તદાતાઓને સર્ટીફીકેટ અને ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા

• દાહોદ

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા અને યુનિટી ફાઉન્ડેશન તથા ઝુઝર ઈલેક્ટ્રોનિકના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું જેમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ગોપાલભાઈ ધાનકા, વાઈસ ચેરમેન દિનેશભાઈ શાહ ડો ધર્મેન્દ્રભાઈ અગ્રવાલ ખજાનચી જવાહરભાઈ શાહ માનદ મંત્રી રાજેશભાઈ ભટ્ટ રાજ્ય પ્રતિનિધિ સાબીર શેખ સહમંત્રી એન કે પરમાર બ્લડ બેન્ક કન્વીનર ડોક્ટર ઈકબાલભાઈ લેન વાલા, ડો નરેશભાઈ ચાવડા અબુજર ભાઈ છરછોડવાલા શિલ્પાબેન રાણાપુર વાળા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બ્લડ બેન્ક નો સ્ટાફ યુનિટી ફાઉન્ડેશનના સકીનાબેન સાકીર ખોજેમભાઈ ઝાબુઆવાલા સલમાનભાઈ સાકીર સોફીબેન વગેરે ભારે જહમત બાદ મોટી સંખ્યામાં બ્લડ ડોનેશન કરી રક્તદાન મહાદાન ઉક્તિને સાર્થક કરી છે તમામ રક્તદાતાઓને સર્ટીફીકેટ અને ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા ડોનેશન કેમ્પ ગોઠવવા આવા ઉમદા સમાજ ઉપયોગી કાર્ય કરવા બદલ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા દ્વારા આભાર પણ વ્યક્ત વ્યક્ત કર્યો હતો




• ડાંગ જિલ્લાના ગોંડલવિહિર પ્રાથમિક શાળાની ઉપશિક્ષિકા છે

# કલ્પનાબેન પુન્યાભાઈ માહલાને પ્રતિષ્ઠિત ચિત્રકૂટ પારિતોષિક-૨૦૨૫ એવોર્ડ એનાયત

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાની ગોંડલવિહીર પ્રાથમિક શાળામાં ઉપ શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રીમતિ કલ્પનાબેન પી માહલાને પ્રસિદ્ધ સંત રામાયણ કથાકારપૂજ્ય શ્રી મોરારી બાપુના પાવન હસ્તે ચિત્રકૂટ એવોર્ડ તા.૧૪/૦૧/૨૦૨૬ ના દિને તેમની શૈક્ષણિક કામગીરીના આધારે આપવામાં આવ્યો હતો. કલ્પનાબેન પી માહલાને શિક્ષણ ક્ષેત્રે વર્ષોથી કરેલી સમર્પિત સેવા, નવીન શિક્ષણ પદ્ધતિઓ તથા બાળકોને અવનવી પ્રવૃત્તિઓ સાથે શિક્ષણ આપવાના ઉત્તમ કાર્ય બદલ પ્રતિષ્ઠિત ચિત્રકૂટ પારિતોષિક-૨૦૨૫ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગૌરવસભર સન્માન ભાવનગર જિલ્લાના તળગાજરડા ખાતે મોરારિબાપુના પાવન સાનિધ્યમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન આપવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરના શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને તેમના શિક્ષણ ક્ષેત્રે કરેલા ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. કલ્પનાબેન માહલાએ પોતાની શિક્ષણ સેવાની શરૂઆત ટાકલીપાડા વર્ગ શાળામાં કરી હતી, જ્યાં તેમણેઅનેકવર્ષોસુધીવિદ્યાર્થીઓનાસર્વાંગીવિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ માં તેમની બદલી ગોંડલવિહિર પ્રાથમિક શાળામાં



થતાં પણ તેમણે એ જ ઉત્સાહ અને સમર્પણ સાથે શિક્ષણ કાર્ય આગળ વધાર્યું. તેઓને આજ દિન સુધી તાલુકા શ્રેષ્ઠ, ડાંગ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પણ આપવામાં આવ્યો છે. તેઓએ ચાઈલ્ડ યુનિવર્સિટી ગાંધીનગરમાં પણ પોતે બનાવેલ રમકડાંનું પ્રદર્શન કર્યું છે. રાજ્ય કક્ષાએ ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લઈ ત્યાં પણ નંબર મેળવી, GCERT ગાંધીનગર માં કાર્યશાળામાં ભાગ લીધેલ. બાળકોમાં જ્ઞાન સાથે સંસ્કાર, શિસ્ત અને આત્મવિશ્વાસ વિકસાવવામાં તેમનો અભિગમ હંમેશા પ્રશંસનીય રહ્યો છે. કલ્પનાબેન માહલાને પ્રાપ્ત થયેલા આ સન્માનથી ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પરિવાર, શિક્ષક સમુદાય તેમજ સમગ્ર જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે. શિક્ષક સંઘ સહિત શિક્ષણપ્રેમીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવતાં ભવિષ્યમાં પણ તેઓ બાળકોને અવનવી પ્રવૃત્તિઓ સાથે શિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

લાંબા સમય બાદ દીકરો ઘરે પરત આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો

# ડાંગ પોલીસની માનવીય સંવેદના: ૧૨ વર્ષથી ગુમ થયેલા યુવાનનું પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન

### વઘઇ પોલીસની આ કામગીરીને બિરદાવવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા

વઘઈ: પોલીસ મહાનિરીક્ષક શ્રી પ્રેમવીર સિંહ (સુરત વિભાગ) અને ડાંગ પોલીસ અધિક્ષક સુશ્રી પૂજા યાદવ દ્વારા ગુમ થયેલ વ્યક્તિઓને શોધી કાઢવા માટે શરૂ કરાયેલા ખાસ અભિયાન અંતર્ગત વઘઈ પોલીસને મોટી સફળતા મળી છે. 'ઓપરેશન મિલાપ' હેઠળ પોલીસે છેલ્લા ૧૨ વર્ષથી ગુમ રણજીતભાઈ ચિંતુભાઈ ચૌધરીને શોધી કાઢી તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું છે. મૂળ વાનરચોંડ (તા. વઘઈ) ના વતની રણજીતભાઈ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન વાપીની રાફેલ કોલેજમાં અભ્યાસ કરતા હતા. તે સમયે તેઓ કોઈને પણ જણાવ્યા વગર હોસ્ટેલમાંથી ક્યાંક નીકળી ગયા હતા. ૧૨ વર્ષ વીતી જવા છતાં પરિવાર તેમની રાહ જોઈ રહ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ગઢવી અને તેમની ટીમે આ મામલે સંવેદનશીલતા દાખવી તપાસ તેજ કરી હતી. પોલીસે વાપી કોલેજના જૂના મિત્રો અને હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે સંપર્ક સાધ્યો હતો. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સની મદદથી જાણવા મળ્યું કે રણજીત કચ્છના ગાંધીધામમાં છે. તુરંત જ પો.સ.ઈ. એમ.એસ. રાજપૂતની ટીમને કચ્છ મોકલી રણજીતનો સંપર્ક કરવામાં આવ્યો હતો. યોગ્ય કાઉન્સેલિંગ બાદ તેને વઘઈ લાવવામાં આવ્યો હતો. લાંબા સમય બાદ દીકરો ઘરે પરત આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. વઘઈ પોલીસની આ કામગીરીને બિરદાવવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને પોલીસ અધિકારીઓને પુષ્પગુચ્છ આપી આભાર વ્યક્ત કર્યો હતો. આ કામગીરીમાં એ.એસ.આઈ. ભગીરથસિંહ, હેડ કોન્સ્ટેબલ રમણીકભાઈ અને જયરામભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## રાશીફળ (તા.19-01-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ તમારા માટે સંપત્તિમાં વધારો લાવશે. તમારી કોઈપણ ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે તમારા આવકના સ્ત્રોતોમાં વધારો થશે. કાર્યસ્થળ પર તમારા સારા વિચારસરણીથી તમને ફાયદો થશે. |
| મિથુન (ક.છ.ઘ) | આજનો દિવસ તમારા માટે કોઈપણ રોકાણ કરવા માટે સારો રહેશે. મનમાં નકારાત્મક વિચારો ન રાખો. |
| કર્ક (ડ.હ) | આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય પર સંપૂર્ણ ધ્યાન આપવાનો રહેશે. તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે સતર્ક રહેવું પડશે અને તમારા આહાર પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. |
| સિંહ (મ.ટ) | આજનો દિવસ આવકમાં વધારો કરશે. પારિવારિક જીવન ખુશ રહેશે. તમે જે પણ કાર્ય હાથ ધરશો તેમાં તમને ચોક્કસ સફળતા મળશે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. તમારા સારા વિચારસરણીથી તમને ફાયદો થશે. વિદેશથી વ્યવસાય કરતા લોકોને મોટો ઓર્ડર મળી શકે છે. |
| તુલા (ર.ત) | એક જ સમયે અનેક કાર્યો કરવાના કારણે તમારી એકાગ્રતા વધી શકે છે. તમારે કોઈને પૈસા આપવાનું ટાળવું પડશે. |
| વૃશ્ચિક (ન.ય) | આજનો દિવસ તમારી આવકમાં વધારો કરશે. તમારે કોઈપણ વાદવિવાદથી દૂર રહેવાની જરૂર છે. ભાગીદારીમાં કોઈ કામ ન કરો. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજનો દિવસ તમારા માટે જવાબદારીપૂર્વક કામ કરવાનો રહેશે. તમારો કોઈ મોટો પ્રોજેક્ટ પૂર્ણ થઈ શકે છે, કોઈ અજાણ્યા વ્યક્તિ પર વિશ્વાસ ન કરો. |
| મકર (ખ.જ) | નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમને વ્યવસાયમાં કેટલીક નવી તકો મળશે. અવિવાહિત લોકો તેમના જીવનસાથીને મળી શકે છે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજનો દિવસ તમારા માટે લાંબા સમયથી અટકેલા કાર્યો પૂર્ણ કરવાનો રહેશે. તમારી કલા અને કૌશલ્યમાં સુધારો થશે અને તમારી સુખ-સુવિધાઓમાં વધારો થશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | શેરબજાર સાથે સંકળાયેલા લોકો માટે આજનો દિવસ સારો રહેવાનો છે. તમને કેટલાક જૂના રોકાણોમાંથી સારો નફો મળવાની શક્યતા છે. |

મેડિકલ સમરી બનાવાતી અને મેડિકલ સલાહ આપવામાં આવતી હતી

# ગેરમાર્ગે દોરતી એઆઈ હેલ્થ સમરી ગુગલે હટાવવી પડી

### - એઆઈ હેલ્થ સમરી દ્વારા રોગની તપાસ અને ઉપચાર અંગે ભુલભરેલી અને અધૂરી માહિતી અપાયાનો દાવો કરાયા બાદ એક્શન

• અમદાવાદ

ગુગલ દુનિયાનું સૌથી મોટું સર્ચ એન્જીન છે. તે માર્કેટ શેરના 91 ટકા ઉપર રાજ કરે છે. તેમાંય તેનું એઆઈ એટલે કે ગુગલ જેમીનાઈ એઆઈ પણ સૌથી મોટું લાર્જ લેન્ગવેજ મોડલ છે. તેના કારણે થઈ રહેલા ડખાનો નિકાલ લાવવા માટે ગુગલે આ કામગીરી હાથ ધરી છે : મેડ-જેમીનાઈ-એમ 1.5 દ્વારા તમામ સ્તરે દાખલ કરવામાં આવેલા વિવિધ ડેટા, મેડિકલ હિસ્ટ્રી, દર્દીઓના વિવિધ રિપોર્ટ અને મલ્ટિપલ રિસર્ચનું એનાલિસિસ કરવામાં આવે છે. એઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી વિગતોના આધારે તેની પાસે રહેલી વિગતોનું એનાલિસિસ કરીને હેલ્થ સમરી તૈયાર કરે છે : એક કિસ્સામાં ગુગલ એઆઈ દ્વારા લિવરની સમસ્યા વિશે એવો અહેવાલ અપાયો હતો કે, બધું જ બરાબર છે પણ ડોક્ટરે જ્યારે તપાસ કરી તો ખબર પડી કે સમય રહેતા સારવાર ન લેવામાં આવી હોત તો ગંભીર સમસ્યા સર્જાઈ શકે તેમ હતું

ગુગલે હાલમાં એક મોટું પગલું લીધું છે. સર્ચ એન્જીન ઉપર આવતી સ્વાસ્થ્યને લગતી ચેતવણીઓ, સલાહ સુચનો અને અન્ય વિકલ્પો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટિલિજન્સ પ્રેરિત હેલ્થ સમરી દૂર કરવાની કામગીરી ગુગલે શરૂ કરી છે. થોડા સમય પહેલાં એક તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, ગુગલમાં મુકવામાં આવતી એઆઈ જનરેટેડ હેલ્થ સમરી લોકોને ગેરમાર્ગે દોરી રહી છે અથવા તો તેમને નુકસાન પહોંચાડી રહી છે. જાણકારોના મતે ગુગલ દુનિયાનું સૌથી મોટું સર્ચ એન્જીન છે. તે માર્કેટ શેરના ૯૧ ટકા ઉપર રાજ કરે છે. તેમાંય તેનું એઆઈ એટલે કે ગુગલ જેમીનાઈ એઆઈ પણ સૌથી મોટું લાર્જ લેન્ગવેજ મોડલ છે. તેના કારણે થઈ રહેલા ડખાનો નિકાલ લાવવા માટે ગુગલે આ કામગીરી હાથ ધરી છે. તે તમામ સમરી દૂર કરી રહ્યું છે.જાણકારોના મતે સૌથી પહેલાં તો ગુગલની એઆઈ હેલ્થ સમરી કેવી રીતે કામ કરે છે તે સમજવું જોઈએ. ગુગલ દ્વારા મેડ-જેમીનાઈ મોડલ્સ તૈયાર કરવામાં આવેલા છે. જેના દ્વારા વિવિધ હેલ્થ સમરી તૈયાર કરવામાં આવે છે. અત્યંત ગુઢ અને જટિલ મેડિકલ ડેટાના આધારે એડવાન્સ એઆઈ મોડલ તૈયાર કરવામાં આવે છે. આ એડવાન્સ મોડલ વિવિધ ડેટાના આધારે મેડિકલ સમરી તૈયાર કરતું હોય છે.

જાણકારોના મતે મેડ-જેમીનાઈ-એમ ૧.૫ દ્વારા તમામ સ્તરે દાખલ કરવામાં આવેલા વિવિધ ડેટા, મેડિકલ હિસ્ટ્રી, દર્દીઓના વિવિધ રિપોર્ટ અને મલ્ટિપલ રિસર્ચનું એનાલિસિસ કરવામાં આવે છે. એઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી વિગતોના આધારે તેની પાસે રહેલી વિગતોનું એનાલિસિસ કરીને સરેરાશ માહિતી બનાવવામાં આવે છે. તેના આધારે તે હેલ્થ સમરી તૈયાર કરીને આપે છે.મહત્ત્વની વાત એ છે કે, અત્યાર સુધી કંપની દ્વારા દાવો કરાતો હતો કે, મેડ-જેમીનાઈ દ્વારા ક્લિનિકલ રેફરન્સની મદદથી જે મેડિકલ સમરી તૈયાર કરવામાં આવતી હતી તે વાસ્તવિક એક્સપર્ટ કરતા પણ ઘણી સારી સાબિત થતી હતી. આ મોડલ દ્વારા માત્ર વિગતો જ નહીં પણ દર્દીઓના ફોટો, વીડિયો અને બાયોમેડિકલ સિગ્નલ દ્વારા પણ એનાલિસિસ કરી શકાય તેવી વિગતો ભેગી કરીને સમરી તૈયાર કરવામાં આવતી હતી.

આ મોડલ સેલ્ફ ટ્રેઈનિંગ મોડલ ઉપર પણ કામ કરે છે અને તેના દ્વારા વધુ સારું એનાલિસિસ થઈ શકે છે અને અપડેટેડ માહિતી સાથે યોગ્ય તારણ ઉપર આવી શકાય છે જેથી મેડિકલ સમરી વધુ અસરકારક બની શકે.

દર્દીઓના મેડિકલ રિપોર્ટ અને અન્ય માહિતીઓ તેમાં નાખવામાં આવે ત્યારબાદ દર્દીઓ સાથે વાતચીત દરમિયાન એક મૈત્રીભાવ કેળવીને ચર્ચા કરવામાં આવતી જેથી દર્દીઓ વધુ સાહજિકતાથી રોગ વિશે, તેના લક્ષણો વિશે અને અસરો વિશે વાત કરી શકતા હતા. તેના આધારે મેડ-જેમીનાઈ દ્વારા વધુ ચોકસાઈ સાથેની મેડિકલ સમરી બનાવાતી અને મેડિકલ સલાહ આપવામાં આવતી હતી.

મહત્ત્વની વાત એ છે કે, થોડા સમય પહેલાં એક અખબાર દ્વારા ગુગલના એઆઈ મોડલ અંગે કેટલાક સવાલો ઊભા કરવામાં આવ્યા અને તેના એઆઈ મોડલ સામે શંકા વ્યક્ત કરવામાં આવી હતી. કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, તેમના દ્વારા રજૂ થતા એઆઈ મોડલ હેઠળના અહેવાલો વિશ્વાસપાત્ર અને ઉપયોગી હોય છે. બીજી તરફ અખબારની તપાસમાં સામે આવ્યું કે, ઘણા બધા કિસ્સામાં એઆઈ સમરી ખોટી માહિતી આપતી હતી. અખબારે એક કિસ્સો ટાંક્યો હતો જેમાં ગુગલ એઆઈ દ્વારા લિવરની સમસ્યા વિશે એવો અહેવાલ અપાયો હતો કે, બધું જ બરાબર છે પણ ડોક્ટરે જ્યારે તપાસ કરી તો ખબર પડી કે સમય રહેતા સારવાર ન લેવામાં આવી હોત તો ગંભીર સમસ્યા સર્જાઈ શકે તેમ હતું. અહીંયા એઆઈને માત્ર એટલું જ પુછવામાં આવ્યું હતું કે, બ્લડ ટેસ્ટ કરાવવામાં આવે તો લિવરના સામાન્ય રીપોર્ટ કેવા આવવા જોઈએ. તેમાં ક્યાંય દર્દીની વિગતો, તેની નેશનાલિટી, તેની જાતી, તેની રહેણીકરણી કે અન્ય કોઈ બાબતોનો સમાવેશ કરાયો નહોતો.ાણકારો માને છે કે, ગુગલના એઆઈ દ્વારા ઓવરવ્યૂ કેટેગરી હેઠળ નોર્મલ બાબતો જણાવવામાં આવે છે. હકિકતે તે ટેસ્ટના રિઝલ્ટથી તદ્દન જુદી છે. તેના કારણે સ્થિતિ એવી થાય કે, દર્દીને ખરેખર ગંભીર સમસ્યા હોય પણ એઆઈ દ્વારા નોર્મલ સ્થિતિ જણાવવામાં આવી હોવાથી દર્દી રાહત અનુભવે છે અથવા બેદરકાર થઈ જાય છે.

# બાવળામાં જુગારધામ પર પોલીસનો દરોડો : 4 શખ્સો રોકડ રકમ અને 11,200 સાથે ઝડપાયા

### તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે ઝુંબેશ હાથ ધરી છે. આ અંતર્ગત બાવળા પોલીસે બાતમીના આધારે APMC પાસે ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસે જુગાર રમતા ચાર શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને કુલ 11,200 રોકડ રકમનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે બાવળા APMC પાસેની ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીની ખરાઈ કર્યા બાદ પોલીસે તાત્કાલિક સ્થળ



પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ચાર શખ્સો ગંજીપાના વડે જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન વિજયભાઈ અજયભાઈ કોળી પટેલ જયેશભાઈ પદાભાઈ કોળી પટેલ, અમરસિંહભાઈ ચંદુભાઈ ચાવડાઅને બીજલભાઈ ભોપાભાઈ વાઘેલાની અટકાયત કરી છે પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના બાપુનગરમાં અંધશ્રદ્ધાના નામે પશુની બલિ ચઢાવી

• અમદાવાદ

માતાજીની માનતા પૂરી કરવા બકરાની બલિ, એનિમલ વેલ્ફેરના કર્મચારીએ ફરિયાદ નોંધાવી અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં અંધ શ્રદ્ધાને કિસ્સો સામે આવ્યો છે. જેમાં માતાજીની માનતા પૂરી કરવા માટે ધાર્મિક વિધિના નામે તીક્ષ્ણ હથિયાર વડે બકરાની બલિ ચઢાવવામાં આવી હતી. આ અંગે સામાજિક સંસ્થા દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બાપુનગર વિસ્તારમાં ભીડભંજન રોડ પર ઈ કોલોનીમાં બલિ માટે બકરો લાવવામાં આવ્યો હતો. માતાજીની માનતા નામે બકરાનું ગળું કાપી બલિ ચઢાવવામાં આવી હતી. આ અંગે એનિમલ વેલ્ફેર સંસ્થાના કર્મચારીને જાણ થતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ અને એનિમલ સંસ્થાના કર્મચારી ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘટના સ્થળેથી બકરાનું કપાયેલું માથું અને ધડ મળી આવ્યું હતું. ઘટના સ્થળે લોકોના ટોળા પણ હતા. બનાવ અંગે પોલીસે મકાનમાલિક નરેશ પટણી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો છે.

**તપાસ** NIA નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ

# ગુજરાત AQIS ઓનલાઈન કટ્ટરપંથીકરણ કેસમાં પાંચ આરોપીઓ પર આરોપ મૂક્યો

• અમદાવાદ

વિશ્વસનીય સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ નવી દિલ્હી, ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ ગુજરાતમાં અલ-કાયદા ઈન ધ ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) આતંકવાદી જૂથ દ્વારા નબળા યુવાનોના ઓનલાઈન કટ્ટરપંથીકરણ સંબંધિત કેસમાં પાંચ આરોપીઓને ચાર્જશીટ કરી છે, મોહમ્મદ ફરદીન, કુરેશી સેફુલ્લા, મોહમ્મદ ફૈક, ઝીશાન અલી અને શમા પરવીન પર UA(P) એક્ટ, BNS એક્ટ અને આર્મ્સ એક્ટની વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે, આર સી ૦૨/૨૦૨૫/NIA/AMD કેસમાં NIA ની તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓ એ પ્રતિબંધિત AQIS ની ભારત વિરોધી વિચારધારાઓનો પ્રચાર, સમર્થન અને પ્રસાર કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો તેઓએ વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા વીડિયો, ઑડિઓ અને ફોટા સહિત ઉશ્કેરણીજનક પોસ્ટ્સ પોસ્ટ કરી હતી, NIA ને વધુમાં જાણવા મળ્યું કે, આ પોસ્ટ્સ દ્વારા, આરોપીઓએ લોકશાહી રીતે ચૂંટાયેલી ભારત સરકાર સામે સશસ્ત્ર બળવો કરવા અને શરિયા કાયદા પર આધારિત ખિલાફતની સ્થાપના માટે હાકલ કરી હતી. તેઓએ ભોળા યુવાનોને કટ્ટરપંથી બનાવવા માટે અન્ય પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની ઉગ્રવાદી વિચારધારાઓને પણ પ્રોત્સાહન આપ્યું હતું, NIA, જેણે ATS ગુજરાત પાસેથી તપાસ સંભાળી હતી, જેણે તપાસ દરમિયાન પાંચ આરોપીઓમાંથી બે પાસેથી કાગળ અને ડિજિટલ બંને ફોર્મેટમાં વિવિધ ગુનાહિત સામગ્રી, તેમજ કારતૂસ સાથે સેમી ઓટોમેટિક પિસ્તોલ અને તલવાર જેવા ઘાતક શસ્ત્રો જપ્ત કર્યા હતા. તપાસ દરમિયાન NIA એ ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ શોધી કાઢ્યા અને આરોપીઓ સામે પુરાવા મજબૂત કરતી ગુનાહિત પોસ્ટ્સ ઓળખી કાઢી, NIA ના તારણો મુજબ, જૂની દિલ્હીના રહેવાસી મોહમ્મદ ફૈકે કટ્ટરપંથી પોસ્ટ્સ શેર કરીને અને જેહાદ, ગઝવા એ હિંદ અને સમાજના એક વર્ગ વિરુદ્ધ હિંસા પર સામગ્રી ઉશ્કેરીને કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા અને ખાસ કરીને આ હેતુ માટે બનાવેલા જૂથ દ્વારા AQIS અને JeM નેતાઓની વિચારધારાને પ્રોત્સાહન આપતા ઉગ્રવાદી અને ઉગ્રવાદી સાહિત્યના અંશો ફેલાવ્યા હતા તેણે હિંસક વિચારધારા અને સામગ્રીને વ્યાપકપણે ફેલાવવા માટે અન્ય આરોપીઓ સાથે સહયોગ અને કાવતરું ઘડ્યું, અમદાવાદના શેખ મોહમ્મદ ફરદીન, મોડાસા (ગુજરાત) ના કુરેશી સેફુલ્લાહ અને નોઈડા (યુપી) ના ઝીશાન અલી સક્રિય રીતે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોને પ્રોત્સાહન આપતી ઓડિયો, વિડિયો અને અન્ય પોસ્ટના સ્વરૂપમાં કટ્ટરપંથી સામગ્રીને પ્રોત્સાહન આપવાનું કાવતરું ઘડ્યું હતું. તેઓ નિયમિતપણે જેહાદ, ગઝવા-એ-હિંદ અને લોકશાહી રીતે ચૂંટાયેલી ભારત સરકાર સામે બળવો ઉશ્કેરતી પોસ્ટ્સ પર લાઈક, ટિપ્પણી અને સહયોગ કરતા હતા અને ખિલાફત અને શરિયા કાયદાની હિમાયત કરતા હતા, તપાસમાં આગળ જાણવા મળ્યું છે કે બેંગલુરુ (કર્ણાટક) ની શમા પરવીન તેના સોશિયલ મીડિયા દ્વારા AQIS વિડિઓઝનો પ્રચાર કરતી હતી અને પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પછી કટ્ટરપંથી સામગ્રીને પ્રોત્સાહન આપતા ઉગ્રવાદી જૂથોમાં સક્રિય રીતે ભાગ લેતી હતી તે પાકિસ્તાની નાગરિક, સુમેર અલી સાથે નિયમિત સંપર્કમાં હતી, જેને તેણીએ સ્ક્રીનશોટ મોકલ્યા હતા અને પ્રતિબંધિત સાહિત્ય અને કામગીરીની ચર્ચા કરી હતી. તેના મોબાઈલ ફોનમાં ઉગ્રવાદી વિચારધારકો દ્વારા લખાયેલા ગુનાહિત પુસ્તકો, વિડિઓઝ અને પાકિસ્તાની સંપર્ક નંબરો હતા, જે બધા તપાસ દરમિયાન જપ્ત કરવામાં આવ્યા હતા, BNSS ની કલમ ૧૯૩(૯) હેઠળ તપાસ ચાલુ છે.

### વાગરામાં મોતનું તાંડવ ખેલતા બેફામ ડમ્પરો

# ગેસ એજન્સી પાસે હાઈટેન્શન લાઈન તોડી હોનારતને ખુલ્લું આમંત્રણ

**કાર્યવાહી** DGVCL દ્વારા કંપનીને નોટિસની તૈયારી

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરા-વીંછીયાદ માર્ગ પર ગત રાત્રે સર્જાયેલી એક ભયાનક ઘટનાએ કન્સ્ટ્રક્શન કંપનીઓની સલામતીના નિયમોના લીરેલીરા ઉડાડી દીધા છે. પ્રતીક કન્સ્ટ્રક્શનનું ડમ્પર GJ-16-AU-4150 જે KP ગ્રુપની પવનચક્કીના કામમાં રોકાયેલું છે, તેના ચાલકે તમામ નીતિ-નિયમો નેવે મૂકીને રોડ પર એવું બેદરકારીભર્યું ડ્રાઈવિંગ કર્યું કે વીંછીયાદ ગામ અંધકારમાં ધકેલાઈ ગયુ હતું. ડમ્પરની ટ્રોલી ઉપરથી પસાર થતી ૧૧ કે.વી. ની હાઈટેન્શન વીજ લાઈન સાથે અથડાતા જોરદાર ધડાકા થયા હતા, જેના કારણે વાગરા DGV-CL ના મોસમ ફીડર અને વીંછીયાદ પાઈપલાઈન સહિતની મુખ્ય લાઈનોમાં ભારે નુકસાન પહોંચ્યું છે. આ અકસ્માત જ્યાં સર્જાયો તેનાથી માંડ ૫૦ મીટરના અંતરે જ ઈન્ડિયન ગેસ એજન્સી આવેલી છે. જે પ્રકારે વીજ લાઈનો તૂટી અને શોર્ટ સર્કિટના ધડાકા થયા, જો તેનું એક પણ તણખલું ગેસ એજન્સીના પરિસરમાં પહોંચ્યું હોત તો આખું વાગરા અકલ્પનીય વિસ્ફોટ અને જાનહાનિનું સાક્ષી બન્યું હોત. અકસ્માત એટલો પ્રચંડ હતો કે વીજ કરંટના ઝટકાથી ડમ્પરના ટાયરો પણ ફાટી ગયા હતા. કંપનીના સુપરવાઈઝર અને ડ્રાઈવરની આ અક્ષમ્ય ભૂલને કારણે હજારો લોકોનો જીવ જોખમમાં મુકાયો હતો. આ ગંભીર બેદરકારી અંગે વાગરા DGVCL ના જે.ઈ. પ્રજાપતિએ





કડક વલણ અખત્યાર કરતા જણાવ્યું છે કે, રવિવારની રજા હોવા છતાં કર્મચારીઓએ રાતોરાત યુદ્ધના ધોરણે કામગીરી કરી વીજ પુરવઠો શરૂ કર્યો હતો. આ નુકસાન મામલે સોમવારે KP ગ્રુપને કાયદેસરની નોટિસ ફટકારી તમામ નુકસાની વસૂલવાની પ્રક્રિયા હાથ ધરાશે. તો બીજી તરફ, સ્થાનિક રહીશોમાં ભારે રોષ છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે પવનચક્કીના કામમાં લાગેલી આ કંપનીઓ શું કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈ રહી છે? લોકશાહીમાં આવી જોખમી બેદરકારી સામે માત્ર દંડ નહીં, પણ જવાબદાર કોન્ટ્રાક્ટર અને ડ્રાઈવર સામે ગુનાહિત માનવ વધના પ્રયાસ હેઠળ કડક કાર્યવાહી થવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

# અમદાવાદમાં વકીલ નીતિન ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ

### લેન્ડ ગ્રેબિંગ કેસમાં પૈસા પરત આપવાનું કહીને પિતા પુત્રએ ગાળો આપી

• અમદાવાદ

અમદાવાદના વકીલ નીતિન ગાંધીને તેમના જ ક્લાયન્ટ અને તેના દીકરાને લેન્ડ ગ્રેબિંગના કેસમાં જાનથી મારી નાખવાની ધમકી આપી છે. વકીલ પાસેથી લેન્ડ ગ્રેબિંગ કેસમાં ફરિયાદ ન થતા 3.50 લાખ રૂપિયા પરત માંગ્યા હતા વકીલ સાથે બોલાચાલી કરી ફોન પર વકીલને ગાળો પણ આપી હતી. પિતા પુત્રએ વકીલને જાનથી મારી નાખવાની ધમકી આપતા વકીલે ફરિયાદ નોંધાવતા નવરંગપુરા પોલીસે તપાસ શરૂ કરી છે.વાસણામાં રહેતા નીતિનભાઈ ગાંધી વકીલાતનું વ્યવસાય કરે છે. નવરંગપુરા ખાતે આવેલી જૂની હાઈકોર્ટમાં 18 વર્ષથી તેઓ વકીલાત કરે છે. 2022માં રામસિંહ દેસાઈ સાથે તેમનો સંપર્ક થયો હતો. રામસિંહ દેસાઈને એક કેસમાં તેઓ વકીલ પણ રહ્યા હતાં.16 જાન્યુઆરીએ નીતિનભાઈ કોર્ટમાં તેમના ટેબલ પર હાજર હતા ત્યારે રામસિંહ ત્યાં આવ્યા હતા



અને કહ્યું હતું કે રાજેન્દ્ર ભાઈના લેન્ડ ગ્રેબિંગ કેસ નું શું થયુ. નીતિનભાઈએ જવાબ આપતા રામસિંહે કહ્યું હતું કે મને તમને ચૂકવેલા સાડા ત્રણ લાખ રૂપિયા પાછા આપો. લેન્ડગ્રેબીનની ફરિયાદ દાખલ થઈ નથી તેથી નીતિનભાઈએ કહ્યું કે તમારા ભરોસો પર મેં ડ્રાફ્ટિંગ કર્યું છે. તમે પાર્ટીથી બારોબાર મારા નામના પૈસા લઈને બેસી ગયા છો,મને ક્યારેય લેન્ડગ્રેબીંગ પાર્ટી સાથે મુલાકાત કરાવી નથી. ત્યારે રામસિંહે કહ્યું હતું કે પૈસા તો તારી પાસેથી કઢાવીને રહીશ.રામસિંહે ધમકી પણ આપી હતી કે મારો છોકરો સુજલ પૈસા કઢાવવાનું જ કામ કરે છે. તારી ઓફિસ અને ઘર બંને અમે જોયેલા છે ત્યાં આવીને જાનથી મારી નાખીશ. ધમકી આપ્યા બાદ રામસિંહ જતો રહ્યો હતો. જે બાદ 17 જાન્યુઆરીએ નીતિનભાઈ પર રામસિંહ દીકરા સુજલનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે મારા પપ્પાએ તમને કેસ આપેલા તેની ફીના પૈસા આપવામાં કેમ નાટક કરો છો અમને કઢાવતા આવડે છે.નીતિનભાઈએ જવાબ આપ્યો ત્યારે સુજલે પણ કહ્યું હતું કે, પૈસા તો તમારે આપવા પડશે. સુજલે નીતિનભાઈને ગાળો પણ આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રામસિંહે પણ ફરીથી વોટ્સએપ પર મેસેજ કરીને બીભત્સ આપી નીતિનભાઈને ધમકી આપી હતી. જેથી નીતિનભાઈએ રામસિંહ અને સુજલ વિરુદ્ધમાં નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# વાગરાના પખાજણ પાસે બાઈક-ઈકો વચ્ચે લોહિયાળ અકસ્માત

### માત્ર એક 'ટોપી' માટે જિંદગી જોખમમાં મૂકી દેવાઇ : એરબેગ ખુલતા કાર સવારોનો આબાદ બચાવ

• વાગરા

વાગરા તાલુકાના પખાજણ ગામ પાસે આવેલી યશો કંપની નજીક એક રુંવાડા ઉભા કરી દે તેવો માર્ગ અકસ્માત સર્જાયો હતો. વહિયાલ ગામનો યુવાન મયંક પરમાર પોતાની બાઈક પર પસાર થઈ રહ્યો હતો, ત્યારે ચાલુ બાઈકે રસ્તા પર પડી ગયેલી પોતાની ટોપી (કેપ) લેવા માટે તેણે પાછળ જોયા વગર અચાનક બાઈક વાળતા કાળ બનીને આવેલી ઈકો કારે તેને જોરદાર ટક્કર મારી હતી. આ પ્રચંડ ટક્કરના કારણે બાઈક સવાર યુવાન હવામાં ફંગોળાઈને માર્ગ પર પટકાતા ગંભીર રીતે લોહીલુહાણ થયો હતો, જેને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

બીજી તરફ, ટક્કર બાદ બેકાબૂ બનેલી ઈકો કાર માર્ગની નીચે ઉતરી ગઈ હતી, પરંતુ સદનસીબે કારની સુરક્ષા એરબેગ્સ સમયસર ખૂલી જતાં કાર ચાલક સહિતના મુસાફરોનો ચમત્કારિક



બચાવ થયો હતો. જો એરબેગ ન ખૂલી હોત તો આ અકસ્માત મોટી હોનારતમાં પરિણમી શક્યો હોત. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. રસ્તા પર પડેલી નજીવી વસ્તુ લેવા માટે હાઈવે પર અચાનક વળાંક લેવાની એક નાની ભૂલ કેવી રીતે જીવલેણ સાબિત થઈ શકે છે, તે આ ઘટનાએ સાબિત કરી દીધું છે. હાલ પોલીસે આ મામલે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ઝગડિયાના મોટા વાસણામાં કેળના ખેતરમાં છુપાવેલો દારૂનો જથ્થો ઝડપાયો

• ભરૂચ

ભરૂચ જિલ્લામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ઝગડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખેતરોની આડમાં ચાલતા દારૂના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. મોટા વાસણા ગામની સીમમાં આવેલ એક કેળના ખેતરમાં વિદેશી દારૂનો જથ્થો સગેવગે થઈ રહ્યો હોવાની સચોટ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી 48,000ની કિંમતની દારૂની બોટલો અને બિયરના ટીન ઝડપી પાડ્યા છે.

LCBની ટીમને બાતમી મળી હતી કે ઈન્દોર ગામનો રસીક ન ટુભાઈ ઉર્ફે નટવર પાટણવાડીયા તેના કબજા હેઠળના કેળના ખેતરમાં પાણીના પંપ અને ઈલેક્ટ્રિક ટી.સી. ની વચ્ચે દારૂનો જથ્થો છુપાવીને તેનું વેચાણ કરી રહ્યો છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધરતા કેળના ઝાડ વચ્ચેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો તેમજ બિયરના ટીન મળી કુલ 216 નંગ મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી મુખ્ય સૂત્રધાર રસીક પાટણવાડીયાને વોન્ટેડ જાહેર કર્યો છે. આ મામલે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### દારૂની બોટલો નંગ-૨૫૬ સહિત કુલ કિ.રૂા. ૨,૫૪,૩૦૯/- નો મુદ્દામાલ જપ્ત

# આગથળા પોલીસ સ્ટેશન વિસ્તારના સેકરા ગામની સીમમા ડસ્ટર ગાડીના ગુપ્ત ખાનામાંથી દારૂ ઝડપાયો

• ત્રિકમ ઠાકોર વાવ થરાદ

આગથળા પોલીસ સ્ટેશન વિસ્તારના સેકરા ગામની સીમમા ડસ્ટર ગાડીના ગુપ્ત ખાનામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ-૨૫૬ સહિત કુલ કિ.રૂા. ૨,૫૪,૩૦૯/- નો મુદ્દામાલ પકડી પાડી પ્રોહી કેશ શોધી કાઢતી આગથળા પોલીસ. પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા વાવ-થરાદ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સાહેબનાઓએ જીલ્લામાં પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના આધારે શ્રી એસ.આર.ભારાઇ ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી દિયોદર જિ.વાવ થરાદ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ. શ્રી એમ.બી.પટેલ પોલીસ ઈન્સપેક્ટર તથા આગથળા પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હતાં દરમ્યાન ધુણસોલ બાજુથી સેકરા ગામ તરફ જતાં રોડ ઉપર એક શંકાસ્પદ હાલતમાં ડસ્ટર ગાડી રજી નં.KA-19-MN-9507 વાળી આવેલ હોય જેને ચેક કરતાં ગાડીની ડેકીની જગ્યામાં સ્પેરવ્હીલની નીચેના ભાગે ગુપ્ત ખાના બનાવેલ હોય તેમજ વચ્ચેની શીટના બન્ને સાઈડના દરવાજાઓમાં તેમજ ગાડીના નીચે પણ ગુપ્ત ખાના બનાવી તેની અંદર ગે.કા. અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના દારૂની બોટલો નંગ-૨૫૬ કિ.રૂા.૨,૫૪,૩૦૯/- નો રાખી તથા રેનોલ્ટ કંપનીની ડસ્ટર ગાડીની કિ.રૂા.૨,૫૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૨ કિ.રૂા.૧૫,૦૦૦/- એમ કુલ કિં.રૂા. ૫,૧૯,૩૦૯ /-નો પ્રોહી મુદ્દામાલ પકડી પાડી આરોપીઓ વિરૂદ્ધ ધી પ્રોહીબીશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. (૧) મહેન્દ્રકુમાર લાડુરામ બિશ્નોઈ (૨) મનોજકુમાર લાડુરામ બિશ્નોઈ બંન્ને રહે.સાંગડવા



ગૌરવ — CISFમાં પસંદ થયેલી જયાબેન ઓડેદરા અને BSFમાં પસંદ થયેલી ઢેલીબેન ઓડેદરા – ઓડદર ગામની ગૌરવભરી દીકરીઓ

# ઓડદર ગામની મહેર સમાજ ની બે દીકરીઓ CISF અનેp BSFમાં દેશસેવામાં જોડાઈ

## તાલીમ આપનાર તમામ માર્ગદર્શકોમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી છે



• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર તાલુકાના ઘેડ વિસ્તારમાં પોરબંદર-સોમનાથ રોડ પર આવેલ ગુરૂ ગોરક્ષનાથના બેસણા ધરાવતું ઓડદર ગામ આજે ગૌરવની લાગણી અનુભવી રહ્યું છે. ગામના સામાન્ય અભણ ખેડૂત મહેર સમાજના પરિવારમાં જન્મેલી બે દીકરીઓએ નાનપણથી જોયેલા દેશસેવાના સપનાઓને સાકાર કરી કેન્દ્રીય સુરક્ષા દળોમાં જોડાઈ સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે.ઓડદર ગામના અરશીભાઈ હાજાભાઈ ઓડેદરા તથા ભીમાભાઈ સુકાભાઈ ઓડેદરા બંને સામાન્ય ખેડૂત છે, જે ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.અભણ હોવા છતાં તેમના સંસ્કારી સંસ્કારોથી સંતાનો તેજસ્વી અને દેશભક્ત બન્યા છે.અરશીભાઈ હાજાભાઈ ઓડેદરા પરિવારના ધર્મ પત્ની રાણીબેન તથા સંતાનોમાં પુત્ર દિનેશભાઈ તથા પુત્રી જયાબેન છે. જયાબેન ઓડેદરાએ પોરબંદરની ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજમાંથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. દેશસેવાની ભાવનાને સાકાર કરવા તેમણે રાજકોટ સ્થિત પોપ્યુલર ડિફેન્સ એકેડેમીમાં એક્સ આર્મી ટ્રેનર રાજેશભાઈ પાસેથી એક વર્ષ સુધી કઠોર પૂર્વ તાલીમ મેળવી હતી.તે જ રીતે, ભીમાભાઈ સુકા ભાઈ ઓડેદરા પરિવારમાં પત્ની મંજુબેન એક પુત્ર અને ત્રણ પુત્રીઓ છે તેમાં પુત્રી ઢેલીબેન ઓડેદરાએ ગોઢાણીયા મહિલા કોલેજમાં અભ્યાસ દરમ્યાન એન.સી.સી. ઓફિસર શાંતિબેન ભૂતિયા પાસેથી નિયમિત ફિઝિકલ તથા શિસ્તબદ્ધ તાલીમ મેળવી હતી. બાળપણથી જ આર્મી કે પોલીસ દળમાં જોડાવાનો ધ્યેય રાખી બંને બહેનોએ સતત મહેનત અને સંઘર્ષ ચાલુ રાખ્યો હતો.જયાબેન અરશીભાઈ ઓડેદરા અને ઢેલિબેન ભીમાભાઈ ઓડેદરા ના સંયોગ પણ કેવા! એક જ ગામ ઓડદરની દીકરીઓ અને એક કોલેજ માં ગ્રેજ્યુએટ કરી અને એક સાથે એક વિચાર ને ચરિતાર્થ પણ એક સાથે કરી દેશ સેવામાં પણ એક સાથે પરીક્ષાઓ પાસ કરી છે તાજેતરમાં યોજાયેલી કેન્દ્રીય એજન્સીઓની ભરતી પ્રક્રિયામાં બંને બહેનોએ અમદાવાદ ખાતે BSF ગ્રાઉન્ડમાં યોજાયેલી દોડ, શારીરિક અને મેડિકલ પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી ગૌરવભરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.જયાબેન અરશીભાઈ ઓડેદરાએ પ્રથમ પ્રયત્નમાં જ અઘરી ગણાતી CISFની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી, જ્યારે ઢેલીબેન ભીમાભાઈ ઓડેદરાએ BSFમાં પસંદગી મેળવી ઓડદર ગામની પ્રથમ દીકરી તરીકે આર્મીમાં જોડાવાનો ઈતિહાસ રચ્યો છે.આ સિદ્ધિ બદલ સમગ્ર ઓડદર ગામ, મહેર સમાજ, ગોઢાણીયા મહિલા કોલેજ પરિવાર તથા તાલીમ આપનાર તમામ માર્ગદર્શકોમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી છે. બંને બહેનોએ પોતાની સફળતા પાછળ માતા-પિતા, ભાઈઓ, ગોઢાણીયા કોલેજના એન.સી.સી. સ્ટાફ તથા રાજકોટના એક્સ આર્મી ટ્રેનર રાજેશભાઈના માર્ગદર્શન અને સહકારને શ્રેય આપ્યો છે.દીકરીઓ કહે છેજયાબેન અરશીભાઈ ઓડેદરા (CISF)એ જણાવ્યું હતું કે, "નાનપણથી જુડી પહેરી દેશ માટે કંઈક કરવાની ઈચ્છા હતી. આજે એ સપનું સાકાર થયું છે. મારા માતા-પિતા અને ગુરુજનોના આશીર્વાદ વગર આ શક્ય ન હતું.""જે દીકરીઓ હિંમત કરે છે, તેમના માટે કોઈ રસ્તો અઘરો નથી. ગામની દીકરી પણ દેશની સુરક્ષા કરી શકે છે–આ વિશ્વાસ આજે મજબૂત થયો છે."જ્યારે ઢેલીબેન ભીમાભાઈ ઓડેદરા (BSF)એ કહ્યું "હું સામાન્ય ખેડૂત પરિવારની દીકરી છું, પણ સપના ક્યારેય નાના રાખ્યા નથી. દેશસેવા એ જ મારો ધ્યેય હતો. આજે મને ગર્વ છે કે હું સરહદે ઊભી રહી શકીશ.""આ મારી વ્યક્તિગત જીત નથી,આ દરેક ગામની દીકરીની જીત છે. જો મનમાં આગ હોય તો પરિસ્થિતિઓ આપોઆપ રસ્તો બનાવી આપે છે.""સપના મોટા હોય તો ગામની દીકરી પણ સરહદ સુધી પહોંચી શકે છે."આમ દેશસેવાના ધ્યેય સાથે મહેર સમાજની દીકરીઓએ આગળ વધીને સમાજ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે આગામી પેઢી માટે માર્ગદર્શક બની રહેશે. તેમજ આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ સમગ્ર ઘેડ વિસ્તાર અને મહેર સમાજ માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય છે. દીકરીઓની આ જીત ભવિષ્યમાં અનેક યુવાનોને દેશસેવા તરફ પ્રોત્સાહિત કરશે.

એકતા નગર ખાતે ચાલતી ઈબસ ના ડ્રાઈવરોની હડતાળનાં 6ઠ્ઠા દિવસે

# ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સ્થાનિકોના સમર્થનમાં એકતા નગર પહોંચ્યા

ડ્રાઈવરો સાથે હડતાળ પર બેઠા ચૈતર વસાવા — બસ સંચાલકને તું તાં કહી તતડાવી નાખ્યા કહ્યું તારી બધી હોશિયારી ઉતારી નાંખીશ

• દીપક જગતાપ, રાજપીપલા

એકતા નગર ખાતે ચાલતી ઈલેક્ટ્રિક બસના ડ્રાઈવરોની 6 દિવસથી હડતાળ ચાલે છે ત્યારે વાટા ઘાટો છતા પણ કોઈ નિરાકરણ ન આવતા ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા હડતાળ પ્રશ્ને તેમના સમર્થનમાં એકતા નગર પહોંચ્યાહતાં. અને ડ્રાઈવરો સાથે હડતાળ પર બેઠા હતાં ચૈતર વસાવા. અનેબસ સંચાલકને તું તાં કહી તતડાવી નાખ્યા હતાં. સરખો જવાબ ન આપતાં ચૈતર વસાવાએ બસ વિભાગના કર્મચારી સાથે ચર્ચા કરી ખખડાવ્યાહતાં. એક પણ ઈલેક્ટ્રિક બસ ન ચલાવી જોઈએ તેમ ચૈતર વસાવાએ બસ સંચાલકને કહી તત ડાવ્યા હતાં. ચૈતર વસાવાએ બસ સંચાલકને કહ્યું હતું કે તારી હોશિયારીઓ તારી પાસે રાખ,આ લોકોના પ્રશ્નનો નિકાલ લાવબધી હોશિયારી તારી ઉતારી દઈશ, રોજગારી આપવાની સરકારે બાંહેધરી આપી છે ને તમારા જેવા કંપની વાળા અમારા આદિવાસીઓનું શોષણ કરે?તેં કેમ ચાલે?કર્માચારીઓ આવી અમને ગોળ ગોળ જવાબ આપે છે? બસ સંચાલકે કહ્યું હતું કે 1 મહિનાનો સમય જોઈએ છે. પણ ધારાસભ્યએ કહ્યું એક મહિનો પણ આપીએ પણ પગાર વધારવાના હોય તોએમ કહી ડ્રાંઈવર ની પગાર વધારાની માંગ ને સમર્થન કર્યું હતું



# S.G.Highway પર અકસ્માત : કાર ડિવાઈડર કૂદી ST બસ સાથે અથડાતાં સર્જાયો અકસ્માત

## એક યુવકનું ઘટના સ્થળે જ મોત, 3 ઈજાગ્રસ્ત

• અમદાવાદ

અમદાવાદના એસજી હાઈવે પર આજરોજ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે આવી રહેલી કાર એસટી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે કારમાં સવાર યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર યુવતીને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઉપરાંત અન્ય બે લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી અનુસાર, અમદાવાદથી ગાંધીનગર તરફ જતી કાર ડિવાઈડર કૂદીને ગાંધીનગરથી અમદાવાદ તરફ આવતી એસટી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતને પગલે હાઈવે પર રોડની બંને સાઈડ લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો, જેના કારણે વાહનચાલકો ભારે હાલાકીમાં મુકાયા



હતા. અકસ્માતગ્રસ્ત ફોર્ચ્યુનર કારનો કચ્ચરઘાણ વળી ગયો હોવાથી તેને રસ્તા પરથી હટાવવા માટે ક્રેનની મદદ લેવી પડી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ અકસ્માતમાં ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી આઈ. બી. વાઘેલાના 24 વર્ષીય પુત્ર ધવલનું મોત નિપજ્યું હતું. જ્યારે કારમાં સવાર 21 વર્ષીય યુવતી દેવાંશી યોગેશ પંડ્યા ગંભીર ઈજા થતા હોસ્પિટલ ખસેડાઈ હતી. આ ઉપરાંત અકસ્માતમાં અફસાનાબાનુ ખલીફા અને રસુલ આજમને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ક્રેન મારફતે ગાડીને ટો કરીને ખસેડી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# ડભોઈ તાલુકા ના કરનારી ગામે આવેલ કુબેર ભંડારી માર્ગ પર દર્શનાર્થે જતાં ભક્તો માટે નિ:શુલ્ક નાસ્તાની વ્યવસ્થા કરાઈ

## છેલ્લા બે વર્ષથી માં ની કૃપા યુવક મંડળ ' દ્વારા દર અમાસના દિવસે સેવા કરવામાં આવે છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકા ના કરનારી ગામે આવેલ કુબેર ભંડારી જતા અમાસના દિવસે માર્ગ પરથી પસાર થતા પદયાત્રીઓ માટે માં ની કૃપા યુવક મંડળ' દ્વારા સેવાનો ત્રિવેણી સંગમ ડભોઈ સેવા અને ભક્તિના સમન્વય સાથે ડભોઈ તાલુકાના ચનવાડા રોડ પર માનવતાની મહેક પ્રસરી રહી છે. છેલ્લા બે વર્ષથી માં ની કૃપા યુવક મંડળ' દ્વારા દર અમાસના દિવસે દર્શનાર્થે જતા લોકો માટે નિ:શુલ્ક ચા-નાસ્તા અને ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે યુવાનોની ટીમ દ્વારા અવિરત સેવા સીતપુર અને માંગરોળ ગામના ઉત્સાહી યુવાનો દ્વારા આ સેવાયજ્ઞ ચલાવવામાં આવી રહ્યો છે. દર અમાસના દિવસે સવારે



9:00 વાગ્યાથી લઈને મોડી સાંજ સુધી અહીંથી પસાર થતા તમામ લોકો માટે પૌષ્ટિક નાસ્તો અને જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આ સેવામાં મંડળના સભ્યો ખંતપૂર્વ ક જોડાય છે.સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર યુવાનો આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે મુખ્યત્વે નીચે મુજબના યુવાનો અને તેમની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે:સંજયભાઈ ઠાકોર (માગરોળ)મુકેશભાઈ ઠાકોર (માગરોળ)પ્રિતેશભાઈ ઠાકોર (સીતપુર) લોકોમાં પ્રશંસા ચનવાડા રોડ પરથી પસાર થતા મુસાફરો અને શ્રદ્ધાળુઓ આ યુવાનોની નિ:સ્વાર્થ ભાવના જોઈને તેઓને બિરદાવી રહ્યા છે. ભક્તિની સાથે જનસેવા એ જ પ્રભુ સેવાના મંત્રને આ યુવક મંડળ સાર્થક કરી રહ્યું છે. છેલ્લા બે વર્ષથી સતત ચાલતી આ પ્રવૃત્તિ આવનારા સમયમાં પણ આ જ રીતે ચાલુ રાખવાનો યુવાનોએ નિર્ધાર કર્યો છે.

પાવડાસણ પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને

# ગૌ-હોસ્પિટલનો અનોખો પ્રવાસ કરાવાયો

• પ્રધાનજી ઠાકોર

વાવ થરાદ જિલ્લાના રાહ તાલુકાની પાવડાસણ પ્રાથમિક અને માધ્યમિક શાળાના ધોરણ - 5 થી ધોરણ - 10 સુધીના 300 જેટલા બાળકોએ ટેટોડાની શ્રી રાજારામ ગૌશાળા સંચાલિત ગૌ હોસ્પિટલની મુલાકાત કરી હતી. શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં પ્રકૃતિપ્રેમ , જીવદયા , અને પર્યાવરણની સંતુલિત જાળવણીમાં પ્રાણીઓનું કેટલું મહત્વ હોય છે તે જાણી શકે તેવા આશયથી વિદ્યાર્થીઓએ રૂબરૂ ગૌશાળાની મુલાકાત કરીને સમજ મેળવી હતી.જેમાં બાળકોને અબોલ નિરાધાર જીવ પ્રત્યે કેવી રીતે આપણે પશુપ્રેમ જાગૃત થાય અને પર્યાવરણમાં પશુ આપણને કેવી રીતે મદદરૂપ થતા હોય છે એના વિશેની સંપૂર્ણ માહિતી મેળવી હતી ત્યારબાદ બાળકોએ ગૌશાળાના કાર્યક્રમમાં ભોજન પ્રસાદ લઈને ગૌમાતાઓના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા.. સ્કુલના બાળકોને આ અનોખો પ્રવાસ કરાવવા માટે શાળાની SMC કમિટીના સભ્યો અને ગામના સરપંચ તરફથી શાળાથી ગૌશાળા સુધી વિદ્યાર્થીઓને લઈ જવા અને પરત લાવવા માટેની વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી આ કાર્યમાં SMC કમિટીના જવાબદાર વ્યક્તિઓ અને ગામના યુવાનોએખુબજ સાથ સહકાર આપ્યો હતો.. વધુમાં ગૌમાતા બચાવો અભિયાનના ગૌભક્ત વસંતભાઈ દેસાઈ પાવડાસણએ જણાવ્યું હતું કે અત્યારના સમયમાં ગાય નંદી અને દરેક અબોલ જીવો આપણને ખેતીકામ અને પર્યાવરણને સ્વચ્છ રાખવામાં ઘણી બધી રીતે ઉપયોગી થઈ શકે છે એના વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં



આવી હતી અને સ્કૂલના બાળકોને હર ઘર એક દેશી ગૌમાતા પાળવા અને તેની એક દેવ ભાવથી સાચી સેવા કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા જેનાથી આપણા આરોગ્ય અને શિક્ષણમાં ઘણી બધી રીતે ગાય આપણે મદદરૂપ થઈ શકે છે..

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

**સંજય કપૂરના ૨૦૧૬ના છૂટાછેડા સંબંધિત દસ્તાવેજો માંગતી કોર્ટમાં અરજી દાખલ કરી**





# સંજય કપૂરનો મિલકત વિવાદ: સહપત્ની પ્રિયાએ કરિશ્મા કપૂર પાસે છૂટાછેડાના કાગળો માંગ્યા

ઉદ્યોગપતિ સંજય કપૂરના મૃત્યુ પછી, તેમની ભૂતપૂર્વ પત્ની અને અભિનેત્રી કરિશ્મા કપૂરના બાળકો, કિયાન અને સમૈરા અને તેમની ત્રીજી પત્ની, પ્રિયા સચદેવ વચ્ચે તેમની ૩૦,૦૦૦ કરોડની સંપત્તિને લઈને કાનૂની લડાઈ શરૂ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી કરી. પ્રિયા સચદેવે કરિશ્મા કપૂર અને સંજય કપૂરના ૨૦૧૬ના છૂટાછેડા સંબંધિત દસ્તાવેજો માંગતી કોર્ટમાં અરજી દાખલ કરી. પીટીઆઈના અહેવાલ મુજબ, સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે કરિશ્માને બે અઠવાડિયામાં પોતાનો વાંધો દાખલ કરવા અને અરજી પર સુનાવણી થવી જોઈએ કે નહીં તે સૂચવવા કહ્યું.

પ્રિયા સચદેવે પોતાની અરજીમાં કરિશ્મા કપૂર અને સંજય કપૂર વચ્ચેના છૂટાછેડાના કાગળો માંગ્યા હતા જેથી સમજી શકાય કે કરિશ્માના બાળકો, સમાયરા અને કિયાન દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સંજય કપૂર જીવતા હતા ત્યારે ઉકેલાઈ ગયા હતા કે નહીં. આ દરમિયાન, કરિશ્માના વકીલે અરજીને બિનજરૂરી ગણાવી. કરિશ્માના વકીલે જણાવ્યું હતું કે પ્રિયાની છૂટાછેડાના કાગળો માટે વિનંતી વ્યક્તિગત માહિતી મેળવવાનો પ્રયાસ હતો, કારણ કે કરિશ્મા અને સંજય કપૂરના છૂટાછેડા સંપૂર્ણપણે ગુપ્ત હતા.

સંજય કપૂરની બહેન મંધિરાએ હવે આ મામલે પ્રતિક્રિયા આપી છે અને કરિશ્માને ટેકો આપ્યો છે. મંધિરા કહે છે કે કરિશ્મા અને તેના ભાઈ સંજય વચ્ચેના છૂટાછેડા સંપૂર્ણપણે ગુપ્ત છે અને આ અરજી "કોર્ટનું ધ્યાન ભટકાવવાનો" પ્રયાસ છે. છદ્વૈં સાથે વાત કરતાં મંધિરાએ કહ્યું, "તેમનો હેતુ વાસ્તવિક મુદ્દા પરથી ધ્યાન હટાવવાનો છે. જો મારા ભાઈએ આ માહિતી શેર કરવી હોત, તો તેણે લગ્ન સમયે જ તે કર્યું હોત. મને સમજાતું નથી કે આ બધું હવે કેમ કરવામાં આવી રહ્યું છે, જ્યારે બધું કોર્ટમાં રજૂ થઈ ચૂક્યું છે."

મંધિરાએ વધુમાં કહ્યું, "મારું માનવું છે કે છૂટાછેડા એ ખૂબ જ વ્યક્તિગત બાબત છે, અને આ બાળકો વિના છૂટાછેડા નથી. બંનેને બાળકો છે. તેથી, કોઈ તૃતીય પક્ષે આ બાબતમાં દખલ ન કરવી જોઈએ. આ તેમનો વ્યક્તિગત મામલો હતો, તેથી તેમાં કોઈની કોઈ સંડોવણી નથી."સંજય કપૂરના મૃત્યુ પછી, કરિશ્મા કપૂરના બાળકો, સમાયરા અને કિયાન, તેમના સ્વર્ગસ્થ પિતાની ૩૦,૦૦૦ કરોડની સંપત્તિ માટે કાનૂની લડાઈ લડી રહ્યા છે. કરિશ્માના બાળકોએ ઓગસ્ટ ૨૦૨૫ માં કોર્ટમાં અરજી કરી હતી. કરિશ્માના બાળકોનો આરોપ છે કે વસિયતનામા બનાવટી અને બનાવટી છે. તેમના સ્વર્ગસ્થ પિતાની લગભગ બધી જ મિલકત પ્રિયા સચદેવને આપવામાં આવી હોવાના અહેવાલ છે, જેના કારણે તેમને કોઈ વારસો મળ્યો નથી.

**ધમાલ ૪માં અજય દેવગન, સંજય મિશ્રા અને જાવેદ જાફરી અભિનીત છે**

# ધમાલ ૪ ની રિલીઝ તારીખ જાહેર થઈ, ૧૨ જુન ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

નિર્માતાઓએ 'ધમાલ ૪' ની રિલીઝ તારીખ જાહેર કરી. દિગ્દર્શક ઈન્દ્ર કુમારની ફિલ્મ, જેમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અરશદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી અભિનીત છે, ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. રિલીઝ તારીખ જાહેર કરતા, ટી-સિરીઝના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, "તમને ટૂંક સમયમાં કહી રહ્યો છું, પરંતુ પછી આપણે હલચલ મચાવવી પડશે. જોડાયેલા રહો." એશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ 'ધમાલ ૪'નો ભાગ છે. આ ફિલ્મનું નિર્માણ અજય દેવગન,





ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, અશોક ઠાકેરિયા, ઈન્દ્ર કુમાર, આનંદ પંડિત અને કુમાર મંગત પાઠક દ્વારા કરવામાં આવ્યું છે. ધમાલ ૨૦૦૭ ની કોમેડી ફિલ્મ છે જેનું નિર્દેશન ઈન્દ્ર કુમાર દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ અશોક ઠાકેરિયા દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં સંજય દત્ત, રિતેશ દેશમુખ, અરશદ વારસી, આશિષ ચૌધરી, અને જાવેદ જાફરી મુખ્ય ભૂમિકામાં હતા, જેમાં અસરાની, સંજય મિશ્રા, મુરલી શર્મા, વિજય રાઝ, મનોજ પાહવા, ટીકુ તલસાનિયા અને પ્રેમ ચોપરા સહાયક ભૂમિકામાં હતા.

**સંજય દત્ત ઘણીવાર તેમના અભિનય તેમજ તેમની સંપત્તિ માટે સમાચારમાં રહે છે**


# સંજય દત્ત મુંબઈની શેરીઓમાં ટેસ્લા સાયબરટ્રક ચલાવતો જોવા મળે છે

બોલીવુડ અભિનેતા સંજય દત્ત ઘણીવાર તેમના અભિનય તેમજ તેમની સંપત્તિ માટે સમાચારમાં રહે છે. તાજેતરમાં, અભિનેતા બ્લોકબસ્ટર "ધુરંધર" માં પોલીસ અધિક્ષક અસલમ ચૌધરી તરીકે હેડલાઈન્સમાં છવાયેલા હતા અને હવે તેઓ પ્રભાસ અભિનીત ફિલ્મ "ધ રાજા સાબ" માં તેમની નકારાત્મક ભૂમિકા માટે સમાચારમાં છે. આ દરમિયાન, સંજય દત્તનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે એક એવી કાર ચલાવતો જોવા મળી રહ્યો છે જે હજુ સુધી ભારતમાં લોન્ચ થઈ નથી. સંજય દત્તના ગેરેજમાં પહેલાથી જ રેન્જ રોવર, મર્સિડીઝ-મેબેક અને ડિફેન્ડર જેવી લક્ઝરી કારનો ભંડાર છે.



હવે, એલોન મસ્કની પ્રિય ટેસ્લા સાયબરટ્રક તેમના કલેક્શનમાં જોડાઈ ગઈ છે.તાજેતરમાં, સંજય દત્ત મુંબઈમાં જોવા મળ્યો હતો, અને આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેનું કારણ તેની નવી કાર છે. વીડિયોમાં, સંજય દત્ત મુંબઈની શેરીઓમાં ટેસ્લા સાયબરટ્રક ચલાવતો જોવા મળે છે, જે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કના પ્રિય છે. જોકે, એવી ચર્ચા છે કે સંજુ બાબાએ ટેસ્લા સાયબરટ્રક ખરીદી છે. આ કાર હજુ સુધી ભારતમાં સત્તાવાર રીતે લોન્ચ થઈ નથી, તેથી મુંબઈની શેરીઓમાં તેનો દેખાવ ચર્ચાનો વિષય બની રહ્યો છે.

# રણવીર સિંહે પીછેહઠ કરી, શું શાહરૂખ ખાન 'ડોન 3'માં પાછો ફરશે? નિર્માતાઓ સમક્ષ મુકાઈ શરત



ફરહાન અખ્તરની સુપરહિટ ફ્રેન્ચાઈઝ 'ડોન'ના ત્રીજા ભાગને લઈને ભારે ચર્ચા છે. નિર્માતાઓએ 'ડોન ૩' માટે રણવીર સિંહનું નામ ફાઈનલ કરી લીધું હતું, પરંતુ શૂટિંગ શરૂ થાય તે પહેલાં જ, રણવીર પ્રોજેક્ટમાંથી ખસી ગયો. રણવીરના ફિલ્મ છોડ્યા બાદ, નિર્માતાઓએ નવા મુખ્ય અભિનેતાની શોધ શરૂ કરી દીધી છે. તેઓ એવા અભિનેતાની શોધમાં છે જે 'ડોન' ની ભૂમિકામાં અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન જેવો જાદુ લાવી શકે. દરમિયાન, અહેવાલો બહાર આવ્યા કે નિર્માતાઓ 'ડોન ૩' માં ઋતિક રોશનને લેવાનું વિચારી રહ્યા છે. જોકે, હવે એવા અહેવાલ છે કે નિર્માતાઓ મૂળ ડોન, શાહરૂખ ખાનને પાછો લાવવાની યોજના બનાવી રહ્યા છે અને વાટાઘાટો શરૂ થઈ ગઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નિર્માતાઓએ ફરી એકવાર 'ડોન ૩' માં શાહરૂખને મુખ્ય ભૂમિકામાં લેવાનો નિર્ણય લીધો છે, પરંતુ તેમણે ફરહાન અખ્તર સમક્ષ એક શરત મૂકી છે.અહેવાલ મુજબ, રણવીર સિંહે 'ડોન ૩' છોડી દીધા પછી, ફરહાન અખ્તરે ફરી એકવાર મૂળ ડોન, શાહરૂખ ખાનનો સંપર્ક કર્યો. લાંબી ચર્ચાઓ પછી, કિંગ ખાન ફિલ્મ માટે સંમત થયો છે. તે તેની યાદગાર ભૂમિકા ફરીથી ભજવવા માટે ઉત્સાહિત છે. જોકે, અહેવાલો અનુસાર, કિંગ ખાને ફરહાન અખ્તર સમક્ષ ફિલ્મમાં પાછા ફરવા અંગે એક શરત મૂકી છે, જે તેની બ્લોકબસ્ટર ફિલ્મ "જવાન" ના દિગ્દર્શક એટલી સાથે સંબંધિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શાહરૂખ ખાન "ડોન ૩" માં પાછા ફરવા માટે સંમત થયા છે, શરત એ છે કે "જવાન" ના દિગ્દર્શક એટલીને ફિલ્મમાં સામેલ કરવામાં આવે. અહેવાલો અનુસાર, શાહરૂખ ખાન આ સ્તર વધારવા માંગે છે, અને તેથી જ તેણે એટલીને સામેલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમનું માનવું છે કે આ પ્રોજેક્ટમાં એટલીની સંડોવણી દર્શકોની ઉત્તેજના અને અપેક્ષાઓમાં વધારો કરશે. જોકે, હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ફિલ્મના નિર્માતાઓ કે શાહરૂખ ખાનની ટીમે સત્તાવાર રીતે આ વાતની પુષ્ટિ કરી નથી. તેથી, ઈન્ડિયા ટીવી આ સમાચારની પુષ્ટિ કરી શકતું નથી. શાહરૂખ ખાને ડોન તરીકે પોતાનું નામ બનાવ્યું છે. 'ડોન ૩' ની વાત કરીએ તો, તે ફરહાન અખ્તરની હિટ ફ્રેન્ચાઈઝનો ભાગ છે, જેમાં પહેલા બે હપ્તાઓમાં શાહરૂખ ખાન મુખ્ય ભૂમિકામાં છે.

**બોલીવુડ અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાએ ૪૧માં જન્મદિવસ ઉજવણી કરી**

# પતિના જન્મદિવસ પર કિયારા અડવાણીએ પ્રેમ વરસાવ્યો, ઉજવણીમાં જન્મદિવસનું ગીત ગાયું



બોલીવુડ અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાએ ૪૧માં જન્મદિવસ ઉજવણી કરી છે. આ પ્રસંગે, તેમની પત્ની અને અભિનેત્રી કિયારા અડવાણીએ તેમના માટે "બાર બાર દિન યે આયે" ગાઈને જન્મદિવસની મીઠી ક્ષણ શેર કરી. કિયારાએ ઈન્સ્ટાગ્રામ પર સિદ્ધાર્થનો ફોટો, જન્મદિવસનો કેક અને તેમના માટે જન્મદિવસનું ગીત ગાતી વિડિઓ ક્લિપ શેર કરી. કેપ્શનમાં, તેણીએ લખ્યું, "સારાયા સૌથી મીઠી વ્યક્તિ અને અંદરથી સૌથી સુંદર. હું હજુ પણ તમારા પ્રેમમાં છું. હવે અમારી નાની છોકરી પણ તમારા પ્રેમમાં છે. જન્મદિવસની શુભેચ્છાઓ, પતિદેવ."

પોસ્ટ તરત જ ચાહકોનું ધ્યાન ખેંચી ગઈ, અને ઘણા લોકોએ ટિપ્પણી વિભાગમાં હૃદયપૂર્વક જન્મદિવસની શુભેચ્છાઓ શેર કરી. એક યુઝરે લખ્યું, "કિયારાના ઘણા વર્ષોથી પ્રિય માણસથી સરાયાના સૌથી પ્રિય વ્યક્તિ સુધી. તમે ખૂબ આગળ નીકળી ગયા છો, સિદ્ધાર્થ. જન્મદિવસની શુભેચ્છાઓ." બીજાએ લખ્યું, "સરાયાના સૌથી




પ્રિય વ્યક્તિને જન્મદિવસની શુભેચ્છાઓ." કૃતિ સેનન, ગીતુ મોહનદાસ અને દિયા મિર્ઝા સહિત અનેક સેલિબ્રિટીઓએ કિયારા અડવાણીની પોસ્ટ પસંદ કરી.

આ દંપતીએ ૧૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ તેમના પહેલા બાળક, એક પુત્રીનું સ્વાગત કર્યું, જેનું નામ તેમણે સરાયા મલ્હોત્રા રાખ્યું. ૨૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ એક મીઠી પોસ્ટમાં તેમની પુત્રીના નામની જાહેરાત કરી. તેમણે તેમની પુત્રીના નાના પગનો ફોટો શેર કર્યો અને કેપ્શન આપ્યું, "આપણી પ્રાર્થનાઓ દ્વારા અમારા ખોળામાં - અમારી દૈવી કૃપા, અમારી રાજકુમારી, સરાયા મલ્હોત્રા." કામના મોરચે, કિયારા અડવાણી છેલ્લે અયાન મુખર્જીની ફિલ્મ "વોર ૨" માં ઋતિક રોશન અને જુનિયર એનટીઆર સાથે જોવા મળી હતી. તે આગામી સમયમાં યશની એક્શન થ્રિલર "ટોક્સિક" માં જોવા મળશે, જે ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. કિયારા અને સિદ્ધાર્થની પ્રેમકથા પણ એક ફિલ્મના સેટ પર શરૂ થઈ હતી. આ ફિલ્મનું નામ "શેરશાહ" હતું, અને આ જોડીની કેમેસ્ટ્રી લોકોને ખૂબ ગમતી હતી, જેના કારણે તે બોક્સ ઓફિસ પર સુપરહિટ બની હતી. ત્યારબાદ, તેઓ પ્રેમમાં પડ્યા અને લગ્ન કરી લીધા.

**શિવસેના અને તેના સાથી પક્ષોને નિરાશાનો સામનો કરવો પડ્યો છે**

# 'મારું ઘર તૂટી ગયું, તારું ગૌરવ તૂટી જશે,' શું કંગના રનૌતનું નિવેદન નાગરિક ચૂંટણીમાં સાચું સાબિત થયું?

ભાજપના મહાયુતિ ગઠબંધનનું વર્ચસ્વ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ ભાજપ ૭૯ બેઠકો પર આગળ છે. આ સ્થિતિમાં, શિવસેના અને તેના સાથી પક્ષોને નિરાશાનો સામનો કરવો પડ્યો છે. વધુમાં, કંગના રનૌતનો શ્રાપ, જે તેણે પોતાનું ઘર તોડી પાડ્યા પછી ઉચ્ચાર્યો હતો, તે સાકાર થતો દેખાય છે. જ્યારે તેનું ઘર તોડી પાડવામાં આવ્યું, ત્યારે તેણે ગુસ્સામાં શ્રાપ આપ્યો, "આજે મારું ઘર તોડી પાડવામાં આવ્યું, પણ કાલે, ઉદ્ધવ ઠાકરે, તારો અભિમાન ચકનાચૂર થઈ જશે." હવે, BMC ચૂંટણી પરિણામોમાં, કંગનાનો શ્રાપ સાકાર થતો દેખાય છે.૨૦૨૦ માં, બીએમસીએ કંગના રનૌતના બંગલા અને તેના પ્રોડક્શન હાઉસ, મણિકર્ણિકા પ્રોડક્શન હાઉસને બુલડોઝર બનાવીને ઈમારતને ગેરકાયદેસર રીતે બાંધવામાં આવી હોવાનું જાહેર કર્યું.



આનાથી ઘણો હોબાળો થયો અને મામલો કોર્ટ સુધી પણ પહોંચ્યો. તે સમયે, બીએમસીમાં શિવસેના સત્તામાં હતી, અને કંગના તેમનું નિશાન હતી. આ નિર્ણય રાજકીય બદલો લેવા તરીકે લેવામાં આવ્યો હતો, અને પરિણામે કંગનાને નોંધપાત્ર નુકસાન થયું હતું. જોકે, કંગના ચૂપ રહી અને ઉદ્ધવ ઠાકરેને ઠપકો આપ્યો. કંગનાએ એમ પણ કહ્યું હતું કે, "ઉદ્ધવ ઠાકરે, શું તમને લાગે છે કે તમે ફિલ્મ માફિયાઓ સાથે મારું ઘર તોડીને મારા પર બદલો લીધો છે? આજે મારું ઘર બરબાદ થયું છે, કાલે તમારું ગૌરવ ચકનાચૂર થઈ જશે.

**કલા અને જ્ઞાનને ધાર્મિક સીમાઓ દ્વારા સીમિત કરી શકાતા નથી : એઆર રહેમાન**

# "રામાયણ"માં કામ કરનારા એઆર રહેમાને હવે ધાર્મિક વિભાજન અને સંકુચિતતાથી ઉપર ઉઠવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

ઓસ્કાર વિજેતા સંગીતકાર એઆર રહેમાને તાજેતરમાં મુસ્લિમ હોવા છતાં ફિલ્મ નિર્માતા નિતેશ તિવારીની આગામી મહાકાવ્ય "રામાયણ" માં કામ કરવા વિશે વાત કરી હતી, અને કહ્યું હતું કે કલા અને જ્ઞાનને ધાર્મિક સીમાઓ દ્વારા સીમિત કરી શકાતા નથી. આ પ્રોજેક્ટ પર ઓસ્કાર વિજેતા સંગીતકાર હંસ ઝિમર સાથે કામ કરનારા પ્રખ્યાત સંગીતકારે કહ્યું કે તેમનો ઉછેર એવી રીતે થયો છે કે તેઓ બાળપણથી જ ભારતીય મહાકાવ્યો વિશે જાણતા હતા. બીબીસી એશિયનની યુટ્યુબ ચેનલ પર તાજેતરમાં થયેલી વાતચીતમાં, રહેમાને "રામાયણ" માં તેમની સંડોવણીની ચર્ચા કરી અને શ્રદ્ધા અને ઓળખ વિશેના પ્રશ્નોના



જવાબ પણ આપ્યા. તેમણે ધાર્મિક વિભાજન અને સંકુચિતતાથી ઉપર ઉઠવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. રહેમાને કહ્યું, "મેં બ્રાહ્મણ શાળામાં અભ્યાસ કર્યો હતો, અને દર વર્ષે રામાયણ અને મહાભારત થતું હતું, તેથી હું વાર્તા જાણું છું."રહેમાને કહ્યું કે મહાકાવ્યનો સાર ધાર્મિક ઓળખ કરતાં મૂલ્યો અને આદર્શોમાં રહેલો છે. ચાલી રહેલા વિવાદ વિશે બોલતા, તેમણે કહ્યું, "આ વાર્તા એ છે કે વ્યક્તિ કેટલી ઉમદા અને ઉચ્ચ વિચારધારા ધરાવતી હોય છે. લોકો દલીલ કરી શકે છે, પરંતુ હું બધી સારી બાબતોને મહત્વ આપું છું - તમે જે પણ સારી વસ્તુ શીખી શકો છો." રહેમાને પોતાના મુદ્દા પર ભાર મૂકવા માટે ધાર્મિક ઉપદેશોનો ઉલ્લેખ કર્યો, કહ્યું કે જ્ઞાન તેના સ્રોતને ધ્યાનમાં લીધા વિના સ્વીકારવું જોઈએ. રહેમાને કહ્યું કે સમાજે સંકુચિત માનસિકતાથી આગળ વધવાની જરૂર છે. તેમણે કહ્યું, "મારું માનવું છે કે આપણે સંકુચિત માનસિકતા અને સ્વાર્થથી ઉપર ઉઠવાની જરૂર છે. જ્યારે આપણે ઉપર ઉઠીએ છીએ, ત્યારે આપણે ચમકીએ છીએ, અને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. હંસ ઝિમર યહૂદી છે, હું મુસ્લિમ છું, અને રામાયણ હિન્દુ છે. તે ભારતથી આખી દુનિયામાં પ્રેમથી આવી રહ્યું છે." જે લોકો જાણતા નથી તેમના માટે, રહેમાન, મદ્રાસમાં જન્મેલા દિલીપ કુમાર રાજગોપાલ, ૧૯૮૯ માં ઈસ્લામ ધર્મ અપનાવ્યો.

# 'ધ રાજાસાબ' ૭૦ વર્ષના હીરો અભિનીત ફિલ્મ સામે ઝુક્યું, ૫ દિવસમાં બોક્સ ઓફિસ પર પ્રભાસને પાછળ છોડી દીધું

૨૦૨૬ માં ઘણી નવી દક્ષિણ ભારતીય ફિલ્મો રિલીઝ થઈ હતી, જેમાંથી કેટલીક બોક્સ ઓફિસ પર હિટ રહી હતી, જ્યારે કેટલીક ફ્લોપ રહી હતી. ૯ જાન્યુઆરીના રોજ રિલીઝ થયેલી પ્રભાસની સૌથી અપેક્ષિત ફિલ્મ, "ધ રાજાસાબ", ફક્ત તેના પહેલા સપ્તાહના અંતે જ ટકી. ફિલ્મની કમાણી સતત ઘટી રહી છે, જ્યારે ૧૨ જાન્યુઆરીના રોજ રિલીઝ થયેલી ૭૦ વર્ષીય સુપરસ્ટાર ચિરંજીવીની "મન શંકર વારા પ્રસાદ ગરુ" એ ભારતમાં માત્ર પાંચ દિવસમાં ?૧૦૦ કરોડની કમાણી કરી છે. આનાથી આ વર્ષે આ સિદ્ધિ મેળવનારી તેલુગુ ફિલ્મ બની ગઈ છે. જોકે, બંને ફિલ્મોને લઈને જબરદસ્ત ચર્ચા ચાલી રહી છે.બોક્સ ઓફિસ કલેક્શન ટ્રેકર સેકનિલ્કના પ્રારંભિક ડેટા અનુસાર,





મેગાસ્ટાર ચિરંજીવીની ફિલ્મ "મન શંકર વારા પ્રસાદ ગરુ" એ તેના પહેલા દિવસે ૩૨.૨૫ કરોડની કમાણી કરી, જેમાં પ્રી-રિલીઝ શોમાંથી ૯.૩૫ કરોડની કમાણી થઈ. ત્યારબાદ તેણે બીજા દિવસે ૧૮.૭૫ કરોડ, ત્રીજા દિવસે ૧૯.૫ કરોડ, ચોથા દિવસે ૨૨ કરોડ અને પાંચમા દિવસે ૧૮.૫ કરોડની કમાણી કરી. ત્યારથી ફિલ્મનું કલેક્શન ભારતમાં ૧૨૦.૩૫ કરોડ અને વિશ્વભરમાં ૧૭૫.૨૫ કરોડ સુધી પહોંચી ગયું છે.પ્રભાસ, સંજય દત્ત, માલવિકા મોહનન, નિધિ અગ્રવાલ, બોમન ઈરાની અને રિદ્ધિ કુમાર અભિનીત "ધ રાજાસાબે" ના કલેક્શનની વાત કરીએ તો, ફિલ્મે પહેલા અઠવાડિયામાં ?૧૩૦.૨૫ કરોડની કમાણી કરી હતી. આઠમા દિવસે તેણે ૩.૫૦ કરોડની કમાણી કરી હતી. ભારતમાં તેના પાંચમા દિવસે, ફિલ્મે ફક્ત ૪.૮ કરોડની કમાણી કરી હતી, જ્યારે મન શંકર વારા પ્રસાદ ગારુએ ૧૮.૫૦ કરોડની કમાણી કરી હતી. પરિણામે, પ્રભાસની ફિલ્મની કમાણી ઘટી રહી છે, જ્યારે ચિરંજીવીના કલેક્શનમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.૨૦૦ કરોડના બજેટમાં બનેલી, ચિરંજીવીની "મન શંકર વારા પ્રસાદ ગારુ" એ તેના બજેટના ૫૦ ટકાથી વધુ કમાણી કરી છે. નયનતારા પણ ચિરંજીવી સાથે મુખ્ય ભૂમિકામાં છે. આ ચિરંજીવી અને અનિલ રવિપુડીની શરૂઆત છે.

### પશ્ચિમ બંગાળના સિંગુર આંદોલનની આસપાસ ખેલાયેલા રાજકારણે આખા દેશનો ઈતિહાસ બદલી નાખ્યો હતો

# મમતાનું ઉગ્ર આંદોલન અને નેનોની વિદાય, એ જ ધરતી પર મોદીની જનસભાના સૂચિતાર્થ

## વડાપ્રધાન મોદી સિંગુરની ધરતી પરથી ગુજરાતના સાણંદના વિકાસનું ઉદાહરણ આપીને બંગાળમાં પરિવર્તનનો નારો આપવા માંગે છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી

• પશ્ચિમ બંગાળ, તા.૧૮

પશ્ચિમ બંગાળના સિંગુર આંદોલનની આસપાસ ખેલાયેલા રાજકારણે આખા દેશનો ઈતિહાસ બદલી નાખ્યો હતો. જે જમીન પરથી ટાટા નેનોની વિદાય થઈ હતી, એ જ ધરતી પર ૧૮ વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મોટી જનસભા સંબોધી છે. ટાટા નેનો પ્રોજેક્ટ વિરુદ્ધના સિંગુર આંદોલનના કારણે જ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ઔદ્યોગિક વિકાસ અને સત્તા સંઘર્ષનો મુદ્દો ફરી ગરમાયો છે. માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ રહી છે, ત્યારે સિંગુરમાં જનસભા કરવાનું નક્કી કરીને ભાજપે જાણે ચૂંટણીનું રણશિંગુ ફૂંકી દીધું છે...

વાત એમ છે કે, ૧૮ મે ૨૦૦૬ના રોજ રતન ટાટાએ હુગલી જિલ્લાના સિંગુરમાં દુનિયાની સૌથી સસ્તી કાર 'નેનો' બનાવવાના પ્રોજેક્ટની મોટા ઉપાડે જાહેરાત કરી હતી. વ્યક્તિગત રીતે પણ રતન ટાટા માટે આ ખૂબ જ મહત્ત્વનો પ્રોજેક્ટ હતો. આ પ્રોજેક્ટ માટે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યની ડાબેરી સરકારે સિંગુરમાં આશરે ૧૦૦૦ એકર જમીન સંપાદિત કરી હતી. ડાબેરી સરકાર પણ ઈચ્છતી હતી કે, પશ્ચિમ બંગાળમાં મહત્તમ રોજગારીનું સર્જન થાય. આ જમીન સંપાદનનો કેટલાક નાના-મોટા રાજકીય સંગઠનોએ વિરોધ કર્યો હતો, પરંતુ ડાબેરી સરકારે જમીન સંપાદન ચાલુ કર્યું અને નેનો પ્લાન્ટનું કામ પણ શરૂ થઈ ગયું.

અહીં નોંધવું જરૂરી છે કે, વર્ષ ૨૦૦૬ની બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ડાબેરી મોરચો સતત સાતમી વખત ભારે બહુમતીથી સત્તામાં પાછો આવ્યો હતો. આ વાતથી ધુંઆપુંઆ થઈને મમતા બેનર્જીએ રાજકીય તક ઝડપી લીધી અને ખેડૂતોના હિતનો મુદ્દો ઉઠાવીને ટાટા નેનો પ્રોજેક્ટનો વધુ ઉગ્ર વિરોધ શરૂ કર્યો. વર્ષ ૨૦૦૭માં મમતા બેનર્જીએ 'ખેતીની ફળદ્રુપ જમીન બચાવવા' માટે ડાબેરી સરકાર સામે જમીન સંપાદન વિરોધી આંદોલન શરૂ કર્યું. તેમને સિંગુરમાં પ્રવેશતા રોકવામાં આવ્યા, ત્યારે તેઓ કોલકાતા પાછા ફર્યા, પરંતુ પાછા આવીને તેમણે ૨૬ દિવસની ભૂખ હડતાળ કરી. આ દરમિયાન તેઓ સમાજના નાના-મોટા વર્ગો






અને બૌદ્ધિકોનું જબરદસ્ત સમર્થન મેળવવામાં સફળ થયા અને સિંગુર આંદોલને હિંસક રૂપ ધારણ કર્યું.

વર્ષ ૨૦૦૮ની શરૂઆતમાં ટાટા મોટર્સે નવી દિલ્હીમાં આયોજિત ઓટો એક્સ્પોમાં નેનોનું પ્રદર્શન કર્યું. આ ઘટનાના થોડા જ દિવસમાં કોલકાતા હાઈકોર્ટે સિંગુરમાં જમીન સંપાદનની કાયદેસરતાનો સ્વીકાર કર્યો. આમ છતાં, મમતા બેનરજીએ સિંગુર આંદોલન ચાલુ રાખ્યું. એટલું જ નહીં, નંદીગ્રામમાં પ્રસ્તાવિત કેમિકલ ઉદ્યોગ હબ પર જમીન સંપાદન વિરોધી આંદોલન પણ શરૂ કરી દીધું અને ડાબેરી સરકારને પડકાર ફેંક્યો. ખેર, આ આંદોલનના કારણે જ ડાબેરીઓના ૩૪ વર્ષના શાસનનો અંત આવ્યો અને ૨૦૧૧માં મમતા બેનર્જી મુખ્યમંત્રી બની શક્યા હતાં. આ સમગ્ર વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ગોપાલકૃષ્ણ ગાંધીએ ડાબેરી સરકાર અને મમતા બેનરજી વચ્ચે મધ્યસ્થીનો પ્રયાસ કર્યો, જે સંપૂર્ણપણે નિષ્ફળ ગયો. છેવટે ૨૦૦૮માં ટાટાએ સિંગુરમાંથી નેનો પ્રોજેક્ટ પાછો ખેંચી લેવાની જાહેરાત કરી. ૩ ઓક્ટોબર, ૨૦૦૮ ના રોજ ટાટા જૂથે કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સ યોજીને જાહેરાત કરી કે, હવે ટાટા નેનોનું ઉત્પાદન બંગાળમાં નહીં થાય. ટાટા જૂથે બંગાળ છોડયાના ફક્ત ચાર દિવસ પછી જાહેરાત કરી કે નેનો કારની ફેક્ટરીની સ્થાપના ગુજરાતના સાણંદમાં કરાશે. છેવટે ૨૦૧૦ માં સાણંદ પ્લાન્ટમાં પહેલી નેનો કારનું ઉત્પાદન થયું હતું. એ દિવસે, રતન ટાટાએ ગુજરાત સરકાર અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી.

ટાટા જૂથ બંગાળમાં મુશ્કેલીમાં હતું, ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ માત્ર રતન ટાટાને એક જ શબ્દનો એક જીસ્જી મોકલ્યો હતો- 'ઊૈંજ્રષ્ઠદ્બી'. આ એક મેસેજને કારણે નેનો પ્રોજેક્ટ ગુજરાતના સાણંદમાં શિફ્ટ થયો. આ મુદ્દે એકવાર રતન ટાટાએ બે 'સ'નો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, એક 'સ્ટ્વદ્ઘ સ' (મમતા બેનર્જી) છે અને બીજા 'સ્ટ્વદ્ઘ સ' (મોદી).

જો કે, સિંગુર આંદોલન કરીને મમતા બેનરજીએ ટાટા નેનો પ્રોજેક્ટ તો બંગાળમાં આવવા ના દીધો, પરંતુ આજે સિંગુરની એ ૧૦૦૦ એકર જમીન ખેતી લાયક રહી નથી કે અને ત્યાં કોઈ મોટા ઉદ્યોગ પણ નથી. આ જમીન પાછી તો મળી, પરંતુ આ પથરાળ અને બિનઉપદ્રવી જમીન પર ખેતી શક્ય જ નથી. આ કારણસર જે ખેડૂતોએ ફેક્ટરી માટે તાલીમ લીધી હતી, તેઓ આજે રીક્ષા ચલાવવા કે મજૂરી કરવા મજબૂર છે. એટલું જ નહીં, સ્થાનિકો ખુલ્લેઆમ કહે છે કે રાજકીય લડાઈમાં અમારો મહોરા તરીકે ઉપયોગ થયો અને આખરે અમારા હાથમાં કંઈ ન આવ્યું.

### શિષ્યો સાથે ઘર્ષણ; સાધુના વાળ ખેંચીને મારઝૂડ

# શંકરાચાર્યની પાલખી પોલીસે ઢસડી છત્ર તૂટયું:માઘ મેળામાં જતા રોક્યા

• પ્રયાગરાજ, તા.૧૮

મેળામાં રથ લઈને જવા દરમિયાન શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદના શિષ્યો અને પોલીસકર્મીઓ સામસામે આવી ગયા. પોલીસે ભીડને જોતા શંકરાચાર્યને રથમાંથી ઉતરીને પગપાળા જવાનું કહ્યું હતું, પરંતુ શિષ્યો માન્યા નહીં અને આગળ વધવા લાગ્યા.આના પર દલીલ થઈ, પછી જોતજોતામાં ધક્કામુક્કી શરૂ થઈ ગઈ. અધિકારીઓએ સમજાવવાના તમામ પ્રયાસો કર્યા, હાથ જોડયા, પરંતુ તેઓ માન્યા નહીં. આ પછી પોલીસે શંકરાચાર્યના તમામ સમર્થકોને કસ્ટડીમાં લઈ લીધા. બાદમાં શંકરાચાર્યની પાલખીને ખેંચીને સંગમથી ૧ કિમી દૂર લઈ જવામાં આવી. આ દરમિયાન પાલખીનું છત્ર પણ તૂટી ગયું. શંકરાચાર્ય સ્નાન પણ કરી શક્યા નહીં. પ્રયાગરાજના ડીએમ મનીષ કુમાર વર્માએ જણાવ્યું હતું કે, "પરંપરાથી વિપરીત, તેઓ (સ્વામી



અવિમુક્તેશ્વરાનંદ) સંગમમાં સ્નાન કરવા માટે પરવાનગી વિના તેમની પાલખીમાં આવ્યા હતા. તે સમયે ભારે ભીડ હતી. વારંવાર વિનંતી કરવા છતાં, તેઓ પરવાનગી વિના આવ્યા હતા અને ચાલુ રહ્યા હતા, જે ખોટું હતું. અન્ય ઘણી ઘટનાઓ પણ પ્રકાશમાં આવી છે, જેમાં તેમના સમર્થકોએ અવરોધો તોડી નાખ્યા હતા અને પોલીસ સાથે ઝપાઝપી કરી હતી.અમે આ સમગ્ર મામલાની તપાસ કરી રહ્યા છીએ...અમે તમામ પાસાઓની તપાસ કરીશું અને કાનૂની કાર્યવાહી કરીશું." શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ સંગમમાં સ્નાન કરવાનો ઈનકાર કર્યો છે. તેમણે કહ્યું કે તેમની સાથે આવેલા સંતો અને ઋષિઓને તેમની નજર સામે માર મારવામાં આવ્યો હતો અને ધક્કો મારવામાં આવ્યો હતો. શંકરાચાર્ય સન્માન અને અપમાનથી પર છે. તેથી, તેની તેમના પર કોઈ અસર થશે નહીં, પરંતુ તેમની સાથે આવેલા સંતો અને ઋષિઓ સાથે જે રીતે અનાદર અને હિંસા કરવામાં આવી તે અસહ્ય છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વારંવાર સમજાવટ છતાં પણ અડગ છે. તેઓ અડગ રહે છે.

સાધુઓ અને સંતોને ટેકો આપતા લોકોને મુક્ત કરવામાં આવ્યા છે. સરકાર તરફથી સ્પષ્ટ પરવાનગીની રાહ જોવામાં આવી રહી છે.

# ઈન્ડિગો એરલાઈન પર રૂા.૨૨ કરોડથી વધુનો દંડ ફટકારાયો

• નવી દિલ્હી, તા.૧૭

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(DGCA)એ શનિવારે ઈન્ડિગો એરલાઈન પર ૨૨.૨ કરોડ રૂપિયાનો ભારે દંડ લગાવ્યો છે. આ કાર્યવાહી ગયા વર્ષે ડિસેમ્બરની શરૂઆતમાં ફ્લાઈટ્સમાં થયેલી ભારે ગરબડ અને વિલંબને પગલે કરવામાં આવી છે. નોંધનીય છે કે ૩ થી ૫ ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ઈન્ડિગોની ૨,૫૦૭ ફ્લાઈટ્સ રદ થઈ હતી અને ૧,૮૫૨ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ કારણે દેશના વિવિધ એરપોર્ટ પર ત્રણ લાખથી વધુ મુસાફરો ફસાયેલા રહ્યા હતા અને તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. આ મામલાની ગંભીરતાને જોતા સરકારના નિર્દેશ પર એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી, જેનો રિપોર્ટ આવ્યા બાદ હવે આ દંડ નક્કી કરવામાં આવ્યો છે.DGCA દ્વારા રચાયેલી ચાર સભ્યોની સમિતિએ ઈન્ડિગોના નેટવર્ક પ્લાનિંગ, સ્ટાફ ડયુટી મેનેજમેન્ટ અને સોફ્ટવેરની બારીકાઈથી તપાસ કરી હતી. સમિતિએ તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે એરલાઈને તેની કાર્યક્ષમતા કરતા વધુ કામ કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે વ્યવસ્થા ખોરવાઈ ગઈ. રેગ્યુલેટરી તૈયારીઓમાં ઉણપ અને સિસ્ટમ સોફ્ટવેરમાં ખામીઓ જોવા મળી. મેનેજમેન્ટ સ્તરે ઓપરેશનલ કંટ્રોલનો અભાવ આ ગરબડનું મુખ્ય કારણ હતું. તપાસમાં જાણવા મળ્યું કે એરલાઈનની આંતરિક સિસ્ટમ આટલી મોટી કટોકટીનો સામનો કરવા માટે તૈયાર નહોતી, જેના કારણે આટલી મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થઈ હતી.૨૨.૨ કરોડ રૂપિયાના આ કુલ દંડમાં વિવિધ પ્રકારની પેનલ્ટીનો સમાવેશ થાય છે. નિયમોનું પાલન ન કરવા બદલ ૬૮ દિવસ માટે દરરોજ ૩૦ લાખ રૂપિયા લેખે દંડ.

### ધર્મ જ મને અને મોદીને ચલાવી રહ્યા છે

# જ્યાં સુધી ધર્મ ભારતનું માર્ગદર્શન કરશે, દેશ વિશ્વગુરુ બની રહેશે : મોહન ભાગવત

• મુંબઈ, તા.૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું કે ધર્મ જ મને અને નરેન્દ્ર મોદીને ચલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ધર્મ સમગ્ર બ્રહ્માંડનો સંચાલક છે. જ્યારે સૃષ્ટિ અસ્તિત્વમાં આવી, ત્યારે તેના કાર્યને નિયંત્રિત કરતા નિયમો ધર્મ બની ગયા. બધું તે જ સિદ્ધાંત પર ચાલે છે. ભાગવતે વધુમાં કહ્યું કે, ભારતને તેના સંતો અને ઋષિઓ પાસેથી માર્ગદર્શન મળતું રહ્યું છે. જ્યાં સુધી આવો ધર્મ ભારતને ચલાવશે, ત્યાં સુધી તે વિશ્વગુરુ બની રહેશે. ભાગવતે આ વાતો રવિવારે છત્રપતિ સંભાજીનગરમાં RSSના શતાબ્દી વર્ષ નિમિત્તે આયોજિત જનસભામાં કહી હતી. સૃષ્ટિ બન્યા પછી તેના સંચાલનના નિયમો જ ધર્મ બન્યા અને બધું જ તે નિયમો પર ચાલે છે. દુનિયામાં આધ્યાત્મિકતાની કમી છે, તેથી આવું જ્ઞાન ત્યાં મળતું નથી.

ધર્મ માત્ર પૂજા-પાઠ પૂરતો મર્યાદિત નથી. પ્રકૃતિની દરેક વસ્તુનું પોતાનું કર્તવ્ય અને અનુશાસન હોય છે. કોઈ રાજ્ય ધર્મનિરપેક્ષ હોઈ શકે છે, પરંતુ કોઈ વ્યક્તિ કે રચના ધર્મ વિનાની ન હોઈ શકે. જાતિગત ભેદભાવ પર વાત કરતા ભાગવતે કહ્યું કે તેને ખતમ કરવા માટે મનમાંથી જાતિને ભૂંસી નાખવી પડશે. પહેલા જાતિ કામ અને વ્યવસાય સાથે જોડાયેલી હતી, પરંતુ પછીથી તે ભેદભાવનું કારણ બની ગઈ.




ભાગવતે કહ્યું કે RSSનું લક્ષ્ય સમાજ સાથે મળીને ભારતને તેના સર્વોચ્ચ ગૌરવ સુધી લઈ જવાનો છે. સંઘ વ્યક્તિના ચારિત્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ કરે છે. RSS ન કોઈની સાથે સ્પર્ધા કરે છે કે ન તો કોઈ પ્રતિક્રિયામાં બનેલું સંગઠન છે. સંઘ પોતે મોટો બનવા માંગતો નથી, પરંતુ સમગ્ર સમાજને આગળ વધારવા માંગે છે. જે લોકો સંઘને સમજવા માંગે છે, તેમને તેની શાખાઓમાં આવવું જોઈએ.

### ૪ બસોમાં મહિલાઓ બીડથી પિંપરી-ચિંચવડ ગઈ

# મહારાષ્ટ્રમાં મહિલા બોલી- મત આપવા બીજા જિલ્લામાં મોકલી

• મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્રના બીડ જિલ્લાની એક મહિલાએ દાવો કર્યો છે કે તેને નગરપાલિકાની ચૂંટણીમાં મત આપવા માટે બીજા જિલ્લામાં લઈ જવામાં આવી હતી. મહિલાના કહેવા મુજબ, તે એકલી નથી જેની સાથે આવું બન્યું. ૧૫ જાન્યુઆરીના રોજ ચૂંટણીના દિવસે બીડ જિલ્લામાંથી લગભગ ૪ બસો ભરીને મહિલાઓ પિંપરી-ચિંચવડમાં મત આપવા ગઈ હતી. મહિલાએ જણાવ્યું કે તે બીડના ગેવરાઈ તાલુકાની રહેવાસી છે. તેને મતદાનની જાણકારી નહોતી. તેને કહેવામાં આવ્યું હતું કે પુણે જિલ્લાના જેજુરી સ્થિત ખંડોબા મંદિરમાં સ્વયં સહાય જૂથની એક બેઠક થવાની છે. તેથી મહિલાઓ બસમાં સવાર થઈને ચાલી ગઈ. મહિલાએ ૧૭ જાન્યુઆરીના રોજ બીડના પોલીસ અધિક્ષકને આ મામલે ફરિયાદ કરી અને જણાવ્યું કે આ બધા પાછળ એક અન્ય મહિલા હતી. તેણે આરોપી મહિલા વિરુદ્ધ છેતરપિંડીની FIR નોંધવાની માગ કરી છે. ફરિયાદી મહિલાના જણાવ્યા અનુસાર, આરોપી મહિલાએ તેને એક ખાસ પાર્ટીને વોટ આપવા કહ્યું હતું. તેણે પિંપરી-ચિંચવડમાં વોટ પણ આપ્યો હતો, પરંતુ પોલીસે તેને પકડી લીધો હતો અને સાંજે ૬ વાગ્યા પછી છોડયો હતો. બાદમાં તેને કોઈ પૈસા પણ મળ્યા ન હતા. મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીએ ૨૯ નગર નિગમોમાં ૨,૮૬૯ બેઠકો માટે મતદાન થયું હતું. BJPએ સૌથી વધુ ૧૪૨૫બેઠકો જીતી. એકનાથ શિંદેની શિવસેનાને ૩૯૯ અને અજિત પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીને ૧૬૭ બેઠકો પર જીત મળી. ભાજપ-શિવસેના (શિંદે) ગઠબંધને ઉદ્ધવ ઠાકરે પાસેથી BMC છીનવીને, તેમનો ત્રણ દાયકા જૂનો દબદબો ખતમ કરી દીધો છે.BMCમાં ભાજપ ૮૯ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા અંતિમ પરિણામો અનુસાર એકલા ભાજપે ૨૯ નગર નિગમોમાં ૨,૮૬૯ બેઠકોમાંથી ૧,૪૨૫ બેઠકો જીતી છે. મહારાષ્ટ્ર ચૂંટણીમાં મળેલી હાર બાદ UBTના સંજય રાઉતે એકનાથ શિંદેને શિવસેનાના જયચંદ ગણાવ્યા. તેમણે X પર લખ્યું- જો એકનાથ શિંદે શિવસેનાના જયચંદ ન બન્યા હોત, તો ભાજપને મુંબઈમાં ક્યારેય મેયર ન મળત. મરાઠી લોકો શિંદેને જયચંદ તરીકે યાદ રાખશે.

# ખામેનીએ પહેલી વાર ઈરાનમાં હિંસા અને નુકસાન માટે ટ્રમ્પને દોષી ઠેરવ્યા

• તેહરાન,તા.૧૮

ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે યુદ્ધનો ખતરો હજુ ટળ્યો નથી. ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીએ તેહરાનમાં હિંસા, નુકસાન અને બદનક્ષી માટે ખુલ્લેઆમ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને દોષી ઠેરવ્યા છે, જેનાથી બંને દેશો વચ્ચે નવા તણાવનો ભય વધી ગયો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને "ગુનેગાર" જાહેર કર્યા, અને કહ્યું કે તેઓ ઈરાની રાષ્ટ્ર સામે હત્યા, નુકસાન અને બદનક્ષીના ખોટા આરોપો માટે જવાબદાર છે. "અમે યુએસ પ્રમુખને ગુનેગાર માનીએ છીએ કારણ કે તેમણે ઈરાની રાષ્ટ્ર પર જાનહાનિ, નુકસાન અને બદનક્ષી લાદી છે," ખામેનીએ એક ધાર્મિક કાર્યક્રમમાં ભાષણમાં કહ્યું. તેમણે તાજેતરના વિરોધ પ્રદર્શનોને "અમેરિકન કાવતરું" ગણાવ્યું અને કહ્યું કે ટ્રમ્પે પોતે હસ્તક્ષેપ કર્યો, નિવેદનો આપ્યા, તોફાનીઓને પ્રોત્સાહન આપ્યું અને લશ્કરી સહાય પણ ઓફર કરી. ખામેનીએ આરોપ લગાવ્યો કે અમેરિકાનો હેતુ "ઈરાન પર કબજો કરવાનો" છે અને ટ્રમ્પે તોફાનીઓને "ઈરાની રાષ્ટ્ર" તરીકે દર્શાવીને "ગંભીર બદનક્ષી" કરી છે. ખામેનીએ કહ્યું, "ઈરાની રાષ્ટ્રે રમખાણોની કમર તોડી નાખી છે; હવે તેમણે તેમને ઉશ્કેરનારાઓની પણ કમર તોડી નાખવી પડશે." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઈરાનને યુદ્ધમાં ધકેલી દેવામાં આવશે નહીં, પરંતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં. ખામેનીએ દાવો કર્યો હતો કે અમેરિકા અને ઈઝરાયલે તોફાનીઓને તાલીમ આપી અને ભરતી કરી હતી, અને કેટલાક એજન્ટોને યુએસ-ઈઝરાયલી એજન્સીઓ દ્વારા મોકલવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે તાજેતરની અશાંતિમાં "ઘણા હજાર" લોકો માર્યા ગયા હતા, પરંતુ આ વિદેશી કાવતરાનું પરિણામ હતું. ઈરાનમાં માનવાધિકાર સંગઠનો અને કાર્યકરો અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ ના અંતમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન સુરક્ષા દળોની કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૩,૦૦૦ થી ૧૨,૦૦૦ લોકો માર્યા ગયા છે.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી તેમના સ્પષ્ટવક્તા માટે જાણીતા છે

# દેશમાં પૈસાની કોઈ અછત નથી, આપણને એવા નેતાઓ પ્રામાણિકપણે કામ કરે,ગડકરી

• વિદિશા,તા.૧૮

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી તેમના સ્પષ્ટવક્તા માટે જાણીતા છે. શનિવારે, તેમણે કહ્યું કે દેશમાં પૈસાની કોઈ અછત નથી અને જે નેતાઓની જરૂર છે તે ગામડાઓ, ગરીબો અને ખેડૂતો માટે પ્રામાણિકપણે કામ કરે છે. મધ્યપ્રદેશના વિદિશામાં હજારો કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યા પછી એક કાર્યક્રમને સંબોધતા તેમણે આ નિવેદન આપ્યું હતું.કેન્દ્રીય મંત્રી ગડકરીએ કહ્યું કે તેમની પાસે પૌરાણિક 'દ્રૌપદીની થાળી' છે, જે દરેકને ખવડાવી શકે છે અને ખાતરી કરી શકે છે કે કોઈ ભૂખ્યું ન રહે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રીએ કહ્યું, "આ દેશમાં પૈસાની કોઈ અછત નથી. ભંડોળની પણ કોઈ અછત નથી. રાજકીય નેતાઓએ ગામડાઓ, ગરીબો અને ખેડૂતો માટે પ્રામાણિકપણે કામ કરવાની જરૂર છે."મુખ્યમંત્રી મોહન યાદવ, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને જાહેર બાંધકામ વિભાગના મંત્રી રાકેશ સિંહે વિવિધ રોડ પ્રોજેક્ટ્સની મંજૂરીની માંગણી કર્યા પછી, તેમણે કહ્યું, "મારી પાસે દ્રૌપદીની થાળી છે. તમે ઈચ્છો તેટલા લોકોને આવવા દો." એક પણ વ્યક્તિ ભૂખ્યો પાછો નહીં ફરે. "આપણે બધાને ખવડાવીશું, એ હું વચન આપી શકું છું." "દ્રૌપદીની થાળી" એ મહાભારતની એક દંતકથા છે. એવું કહેવાય છે કે આજે પણ, જો કોઈ ગૃહિણી, ઘરમાં સંસાધનોનો અભાવ હોવા છતાં, મહેમાનોનું સ્વાગત કરે છે અને તેમને ખવડાવે છે, તો તેની પાસે "દ્રૌપદીની થાળી" હોય છે. મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રમાં આર્થિક સંકટ અને અન્ય કારણોસર ૧૦,૦૦૦ થી વધુ ખેડૂતોની આત્મહત્યાનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું, "તમને કદાચ ખબર નહીં હોય કે મારું ૯૦ ટકા કામ ખેડૂતો માટે છે. મેં મારું જીવન ખેડૂતો આત્મહત્યા ન કરે તે સુનિશ્ચિત કરવા માટે સમર્પિત કર્યું છે. મેં તેને મારું મિશન બનાવ્યું છે." ભાજપના વરિષ્ઠ નેતા ગડકરીએ કહ્યું કે દેશના ખેડૂતો ફક્ત ખોરાક પ્રદાતા જ નથી, પરંતુ તેમણે "ઊર્જા પ્રદાતા" પણ બનવું જોઈએ. સરકારના વિઝનની રૂપરેખા આપતા, નીતિન ગડકરીએ કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં, ધ્યેય ભારતને વિશ્વ ગુરુ (વિશ્વ નેતા), વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને વિશ્વની સૌથી મજબૂત બનાવવાનો છે.

### ગ્રીનલેન્ડ વેચવા માટે નથી, સોદો કર્યો તો ભોગવવું પડશે

# અમેરિકાની 'ગ્રીનલેન્ડ' ખરીદવાની જીદ સામે યુરોપ લાલઘૂમ:હજારો લોકો રસ્તા પર ઉતર્યા



નુઉક, તા.૧૮

ગ્રીનલેન્ડમાં ટ્રમ્પના વિરોધમાં શનિવારે હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા. લોકોએ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના ગ્રીનલેન્ડ પર કબજાને લઈને આપેલા નિવેદનો પર નારાજગી વ્યક્ત કરી. પ્રદર્શનકારીઓએ 'ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી' ના નારા લગાવ્યા.

બરફીલા રસ્તાઓ વચ્ચે પ્રદર્શનકારીઓ ગ્રીનલેન્ડની રાજધાની નુઉકના ડાઉનટાઉનથી અમેરિકી વાણિજ્ય દૂતાવાસ સુધી પહોંચ્યા. આ દરમિયાન તેમણે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યા અને વિરોધી પોસ્ટરો પકડી રાખ્યા. પોલીસના મતે આ અત્યાર સુધીનું સૌથી મોટું પ્રદર્શન માનવામાં આવી રહ્યું છે, જેમાં નુઉકની લગભગ એક-ચતુર્થાંશ વસ્તી સામેલ થઈ.

આ જ દરમિયાન અમેરિકાએ યુરોપના ૮ દેશો પર ૧૦% ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી. આ દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાની ધમકીનો વિરોધ કરી રહ્યા હતા. આનાથી ગ્રીનલેન્ડના લોકોમાં ટ્રમ્પને લઈને ગુસ્સો વધુ વધી ગયો.

બીજી તરફ યુરોપિયન યુનિયનના સાંસદો અમેરિકા સાથે થયેલા ટ્રેડ એગ્રીમેન્ટને મંજૂરી આપવાનું રોકવાની તૈયારીમાં છે. યુરોપિયન પીપલ્સ પાર્ટી ના અધ્યક્ષ મેનફ્રેડ વેબરે શનિવારે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરીને કહ્યું કે ટ્રમ્પની ગ્રીનલેન્ડ ધમકીઓના કારણે અમેરિકા સાથેના કરારને મંજૂરી આપવી શક્ય નથી. મેનફ્રેડ વેબરે સોશિયલ મીડિયા પર કહ્યું કે EPP વેપાર કરારની તરફેણમાં હતું, પરંતુ ટ્રમ્પની ગ્રીનલેન્ડ ધમકીઓના કારણે હવે મંજૂરી શક્ય નથી. તેમણે અમેરિકી ઉત્પાદનો પર 0% ટેરિફને રોકવાની વાત કરી. યુરોપિયન સંસદના અન્ય જૂથો પણ કરારને સ્થગિત કરવાની માંગ કરી રહ્યા છે. જો નિર્ણય અંગે સહમતિ બને છે, તો કરાર અટકી શકે છે.EU-US વેપાર કરાર યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન દ્વારા ગયા વર્ષે નક્કી કરવામાં આવ્યો હતો. આ કરાર આંશિક રીતે લાગુ થઈ ચૂક્યો છે, પરંતુ તેને યુરોપિયન સંસદ તરફથી અંતિમ મંજૂરી મળવી હજુ બાકી છે. જો EPPના સાંસદો વામપંથી પક્ષો સાથે તેના વિરોધમાં ઊભા રહે છે, તો તેમની પાસે એટલી સંખ્યા હોઈ શકે છે કે તેઓ આ કરારની મંજૂરીને ટાળી દે અથવા સંપૂર્ણપણે રોકી દે. આ વેપાર સોદા હેઠળ મોટાભાગની યુરોપિયન વસ્તુઓ પર અમેરિકા ૧૫% ટેરિફ લગાવવા સંમત થયું હતું. તેના બદલામાં EUએ અમેરિકન ઔદ્યોગિક ઉત્પાદનો અને કેટલાક કૃષિ ઉત્પાદનો પર શુલ્ક સમાપ્ત કરવાનું વચન આપ્યું હતું. ઉર્સુલા વોન ડેર લેયેને આ કરાર અમેરિકા સાથેના વેપાર યુદ્ધથી બચવા માટે કર્યો હતો. જોકે, ગ્રીનલેન્ડને લઈને ટ્રમ્પના તાજેતરના વલણે આ કરારને રાજકીય સંકટમાં મૂકી દીધો છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ટ્રમ્પના નિવેદનોને અસ્વીકાર્ય ગણાવ્યા. યુરોપિયન દેશોએ કહ્યું કે ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વનું સન્માન થવું જોઈએ અને સહયોગીઓને ધમકી આપવી ન જોઈએ.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપના ૮ દેશો પર ૧૦% ટેરિફ લગાવ્યો છે. આ દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાની ધમકીનો વિરોધ કરી રહ્યા હતા. ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, યુનાઈટેડ કિંગડમ, નેધરલેન્ડ અને ફિનલેન્ડ ટેરિફના દાયરામાં આવશે. આના પર ૧ ફેબ્રુઆરીથી ટેરિફ લાગુ થશે. તેમણે ચેતવણી આપી કે જો ગ્રીનલેન્ડને લઈને અમેરિકા સાથે કોઈ સમજૂતી નહીં થાય, તો ૧ જૂનથી આ ટેરિફ વધારીને ૨૫% કરી દેવામાં આવશે.